દેશ-પરદેશની

# આજકાલ

રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

Dhanraj Group

શહેર આવૃત્તિ
પાના-૨૦
ગુરૂવાર-રાજકોટ
Dt. 31.10.2024

દીપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...

અંક : ૩૦૧ ▸ વર્ષ - ૨૮ ▸ આસો વદ - ૧૫ ▸ સં. : ૨૦૮૦ ▸ કિંમત રૂા. ૪.૦૦ ▸ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૭-૫૮ ▸ RNI No. 66361/97 ▸ Postal Reg. No. 541/2019-2021 POST AT RMS RAJKOT www.aajkaaldaily.com dgaajkaal@gmail.com


## દેશ-પરદેશની આજકાલ અંક બંધ

દિવાળી અને નૂતન વર્ષના તહેવાર નિમિત્તે 'આજકાલ' કાર્યાલય તારીખ ૧ થી ૫ નવેમ્બર એમ પાંચ દિવસ રજા પાળશે. તા.૬ને બુધવારથી અંક નિયમિત રીતે પ્રસિધ્ધ થશે જેની સૌ વાચકો, વિજ્ઞાપનદાતાઓ અને એજન્ટ બંધુઓએ નોંધ લેવા વિનંતી. સૌને 'આજકાલ' પરિવારના નૂતન વર્ષાભિનંદન. - **મેનેજમેન્ટ**
























# દિવાળી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવતા મંત્રી ભાનુબેન બાબરિયા



**આજકાલ પ્રતિનિધિ-રાજકોટ**

૭૧-રાજકોટ ગ્રામ્ય વિધાન સભાના ધારાસભ્ય તેમજ સામાજિક ન્યાય અધિકારીતા અને મહિલા બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ રાજકોટના તથા સમગ્ર ગુજરાતના પ્રજાજનોને દીપાવલી તેમજ નવા વર્ષની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, દિવાળીનું પર્વ એ અંધકારમાંથી જીવનના સકારાત્મકરૂપી પ્રકાશ પાથરનાર ઉજાસરૂપી પર્વ છે. જે અસત્યમાંથી સત્ય તરફ અને અંધકારમાંથી પ્રકાશ તરફ જવાની પ્રેરણા આપે છે. ધનતેરસથી શરૂ કરી ભાઈબીજ સુધીના પંચ મહાપર્વના સ્નેહમિલનના આ પાવન અવસરે ચોમેર વાતાવરણ ઉલ્લાસમય મહેકતું રહે તેમજ નાના બાળકથી લઈ અબાલવૃધ્ધ સુધી સમાજના છેવાડે રહેલા દરેક લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રામ મંદિરના સંકલ્પને સાકાર કર્યુ છે એવા પ્રભુ શ્રી રામના આશીર્વાદ થકી દિપોત્સવીના આ પર્વને ઉજવવા જણાવ્યું. ધનતેરસના પાવન પર્વથી શરૂ થનાર આ પર્વ લક્ષ્મીજી અને ગણેશજીના આશીર્વાદ સર્વેને સફળતા, સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે. તમામ પ્રજાજનો તંદુરસ્ત, સ્વસ્થ અને મસ્તરહે, તેમજ દિવાળીના પર્વની ઉજવણી સૌ સાથે મળી સૌના સાથ અને સૌના પ્રેમથી કરી એજ રીતે આખુ વર્ષ સાથે રહી એકબીજાના પૂરક બની કામ કરતા રહે તેમજ નવા વર્ષ સાથે નવી ઉર્જા અને નવા ઉત્સાહથી મનમાં સમરસતાની ભાવના સાથે સૌ આ રાજ્ય માટે, રાષ્ટ્ર માટે સતત કાર્યકરતા રહીએ એવી અભ્યર્થના સાથે સૌની આશા, આંકાક્ષા, ઈચ્છાઓ, સ્વપનો સર્વ ફળે એવી ભગવાન શ્રી રામને પ્રાર્થનાસાથે સૌને દિવાળીની શુભેચ્છાઓ અને નવા વર્ષની શુભેચ્છા મંત્રી ભાનુબેન બાબરીયાએ પાઠવી છે.

# રાજકોટના કુખ્યાત બુટલેગર અલ્તાફનો લાખોનો વિદેશીદારૂનો જથ્થો મોટા દડવા પાસે પકડાયો

## ગેસના સિલિન્ડરમાં દારૂની હેરાફેરી, કટિંગ સમયે જ એલસીબીનો દરોડો

**આજકાલ પ્રતિનિધિ**
**આટકોટ**

આટકોટ નજીકના મોટા દડવા ગામ પાસેથી એલસીબી પોલીસે મળેલ બાતમીના આધારે વોચ ગોઠવીને બુટલેગરો દ્વારા દારૂ ઘુસાડવા માટેનો નવો કિમિયો શોધી કાઢયો છે જેમાં એચ.પી. ગેસના વાનમાં ૨૪૬૦ બોટલ વિદેશીદારૂ અને બે વાહનો મળી ૨૨ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. દારૂનો જથ્થો રાજકોટના કુખ્યાત બૂટલેગર અલ્તાફ ઉર્ફે છ આંગળી હનીફ થઈમનો હોવાનું ખુલ્યું છે. અલ્તાફ તથા સાગરીત સોયબે રજાક ઓડીયાની સામે એલસીબીએ ગુનો દાખલ કરાવી બંનેની શોધખોળ હાથ ધરી છે.

રાજકોટ રૂરલ એલસીબી પોલીસે મળેલ બાતમીના આધારે આટકોટ-ગોંડલ રોડ ઉપર ગોઠવેલી વોચ દરમિયાન મોટા દડવાની સીમમાંથી હિન્દુસ્તાન પેટ્રોલીયમ ગેસના વાનમાં મોટા બાટલામાં છુપાવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેવામાં સફળતા મેળવી છે. આ લખાય છે ત્યારે પણ હિન્દુસ્તાન પેટ્રોલિયમ લખેલા યુટીલીટ ટ્રકમાં રાખેલા મોટા બાટલાઓમાં છુપાવેલા વિદેશી દારૂના બોકસ ઉતારવામાં આવી રહ્યા હોય, કેટલો જથ્થો છે તે હવે પછી બહાર આવશે પરંતુ એલસીબી પોલીસ દ્વારા ગેસના બાટલામાં છુપવીને વિદેશી દારૂની હેરાફેરીનો બુટલેગરોનો નવો કિમિયો ઝડપી લીધો છે.


(તસવીર : કરશન બામટા-આટકોટ)

# ચોરવાડના યુવકને પ્રેમ પ્રકરણમાં યુવતીના પરિવારજનોએ વાડીએ ઉઠાવી જઈ ઢોર માર માર્યો

## ડ્રાઈવિંગ કરતા યુવકને કેશોદની યુવતી સાથે આંખ મળી જતા બંને સાથે ઉભા હતા ત્યારે પરિવારના સભ્યો જોઈ જતા રાતથી સવાર સુધી માર્યો

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**



ચોરવાડનો યુવક રાત્રીના દોઢેક વાગ્યે કેશોદની કોર્ટ પાસે હતો ત્યારે ત્યાંથી ત્રણ જેટલા શખસો રિક્ષામાં ઉઠાવી વાડીએ લઈ જઈ બેફામ ઢોર મારમારતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ ચોરવાડ ગામે મોમાઈ માતાજીના મંદિર પાસે રહેતો અને ડ્રાયવીંગ કામ કરતો રવિ હરદાસભાઈ ચાવડા (ઉ.વ.૨૪) નામનો યુવક રાત્રીના કેશોદ કોર્ટ પાસે હતો ત્યારે દેવરાજ, બાલુ અને મયુર સહિતના રિક્ષામાં ઉઠાવી જઈ વાડી વિસ્તારમાં લઈ જઈને રાતથી સવાર સુધી પાઈપ લાકડી વડે આડેધડ બેફામ ઢોર મારમારી યુવકને કોર્ટ પાસે મૂકી જતા યુવકને મૂંઢ ઈજાઓ થવાથી પ્રથમ કેશોદ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે કેશોદ પોલીસને જાણ કરી હતી.

યુવકના પરિવારજનોના કહેવા મુજબ રવિને કેશોદ પંથકની એક યુવતી સાથે પ્રેમ હોય અને તેને મળવા માટે ગયો હતો ત્યારે યુવતીના પિતા, ભાઈ સહિતના જોઈ જતા તેને બળજબરી પૂર્વક રિક્ષામાં લઈ જઈ કોઈની વાડીમાં લઈ ગયા હતા અને સવાર સુધી મારમારતા શરીરે મૂઢ ઈજા થઈ છે. બનાવ અંગે કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીના તળાવિયા શનાળામાં પત્નીની હત્યા કરનાર પતિ ઝડપાયો

**આજકાલ પ્રતિનિધિ-મોરબી**



મોરબીના તળાવીયા શનાળા ગામની સીમમાં આવેલ ફેકટરીમાં દંપતી વચ્ચે ઝઘડો થયા બાદ પતિએ લાકડાનો ધોકો ઝીંકી દેતા પત્નીનું મોત થયું હતું જે હત્યાના બનાવમાં આરોપી પતિને ઝડપી લઈને પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છેફરિયાદી દીપકભાઈ બગ્ગાભાઈ ડામોરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી કે મૃતક ભુરીબેન મેડાએ પતિ આરોપી નરબેસિંગ ભાગ્ગાસિંગ મેડાને ફટાકડા લેવા રૂ ૫૦૦ આપ્યા હોય જે બધા પૈસાના ફટાકડા લઈ આવેલ હોય જેથી ઝઘડો થયો હતો અને પતિ નરબેસિંગે ભુરીબેનને માથામાં લાકડાના ધોકા મારી દેતા મોત થયું હતું જે હત્યાના બનાવ મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધી તપાસ ચલાવી હતી અને હત્યાના આરોપી નરબેસિંગ ભગ્ગાસિંગ મેડા રહે હાલ તળાવીયા શનાળા સોફ્ટન કાર્બન ઈન્ડસ્ટ્રીઝ નામની ફેકટરીના લેબર કોલોની, મૂળ રહે એમપી વાળાને ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામકંડોરણાના સોડવદરમાં રોડ ક્રોસ કરી રહેલા યુવાનનું ટ્રકની ઠોકરે મોત

## મૂળ વડોદરાના આશાપુર ગામનો વતની યુવાન હાલમાં જ અહીં પેટીયુ રળવા આવ્યો હતો

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

જામકંડોરણા તાલુકાના સોડવદર ગામે ગત મોડી રાત્રે રોડ ક્રોસ કરી રહેલા યુવાનને ટ્રકે હડફેટે લેતા યુવાનનું કમકમાટીભર્યું મોત થયું હતું.બનાવને લઈ દિવાળીના આ દિવસોમાં પરિવારમાં માતમ છવાય ગયો હતો.બનાવ અંગે પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધવા અને તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતોમુજબ, મૂળ વડોદરા જિલ્લાના આશાપુરા ગામનો વતની અને હાલ જામકંડોરણા તાલુકાના સોડવદર ગામે પેટીયુ રળવા આવેલા અજય અર્જુનભાઈ રાઠોડ નામનો યુવાન ગત મોડી રાત્રે સોડવદર ગામે રસ્તો ક્રોસ કરી રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે નીકળેલા ટ્રકે અજય રાઠોડને હડફેટે લેતા સર્જાયેલા અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા અજય રાઠોડને સારવાર માટે ધોરાજીની હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.અહીં ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.

અકસ્માતના આ બનાવની જાણ થતા જામકંડોરણા પોલીસ મથકના ઈલાબેન પરમાર સહિતના સ્ટાફ અહીં પહોંચી જઈ મૃતકનું પીએમ કરાવી અને મૃતદેહ વાલીવારસને સોંપી અને ટ્રક ચાલક સામે ગુનો નોંધવા અને તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.દિવાળીના આ તહેવારના દિવસોમાં યુવાનનું અકસ્માતમાં મોત નિપજતા શ્રમિક પરિવારમાં માતમ છવાય ગયો હતો.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)** ધાર્મિક યાત્રા પ્રવાસમાં સફળતા મળવાની. નોકરીમાં બદલીની શકયતા. મિલકતના પ્રશ્નોથી લાભ રહેશે.

**વૃષભ (બ.વ.ઉ.)** ભૌતિક સુખ સગવડતાઓમાં વધારો થવાનો. નોકરી વ્યવસાયમાં સફળતા. નવી ઓફર પણ આવવાની.

**મિથુન (ક.છ.ઘ.)** પરિવારના સભ્યો સાથે કોઈ પ્રવાસનું આયોજન થવાનું છે. નોકરીમાં કાર્યભાર રહેવાનો. વિદેશથી લાભ.

**કર્ક (ડ.હ.)** નવા આયોજન બાબત ચર્ચા વિચારણા થાય. આવકનું પ્રમાણ વધારવાના પ્રયત્નો ફળવાના. મિત્રોથી લાભ.

**સિંહ (મ.ટ.)** મહત્વના કાર્યોમાં અનુકુળતા જોવા મળશે. વિદેશથી લાભ. ભાઈ-બહેનો સાથે ધંધાનું આયોજન થઈ શકે.

**કન્યા (પ.ઠ.ણ.)** સ્વાસ્થ્યમાં સુધારો થવાનો. કર્મચારી વર્ગ સાથે સુમેળ રાખવો. વ્યર્થ વાદ વિવાદથી દૂર રહેજો.

**તુલા (ર.ત.)** મહેનતનું ફળ મળવાનું છે. નોકરીમાં અધિકારીઓ સાથે સુમેળ વધવાનો. વિદેશ સાથેના વ્યવસાયમાં સફળતા મળે.

**વૃશ્ચિક (ન.ય.)** ભાગીદારો સાથે વ્યવસાય વધારવાનું આયોજન સફળ થાય. આત્મવિશ્વાસ વધારે તેવા મિત્રોથી લાભ રહે.

**ધન (ભ.ધ.ઢ.ફ.)** દિવસ દરમિયાન સતત કાર્યભાર રહેવાનો. શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરજો. ભાગીદારી યોજનામાં સફળતા મળવાની.

**મકર (ખ.જ.)** વધુ પડતી મહત્વકાંક્ષાને કાબૂમાં રાખજો. ખર્ચ ઉપર કાબૂ રાખજો. વિજાતીય સબંધોમાં મતભેદોની શકયતા ઉભી થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.)** મહત્વના કાર્યો ઉપર અંગત ધ્યાન દેજો. આવકનું પ્રમાણ જળવાઈ રહે. ધાર્મિક સંસ્થામાં સારો હોદો મેળવશો.

**મીન (દ.ચ.ઝ.થ.)** સામાજીક પ્રતિષ્ઠા વધવાની. ટેક્નિકલ લાઈનમાં સફળતા મળવાની. દોડધામથી જાળવવું. ભાઈ-બહેનોથી લાભ રહે.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-તુલા | મંગળ-કર્ક | રાહુ-મીન | કેતુ-કન્યા |
| બુધ-વૃશ્ચિક | ગુરૂ-વૃષભ | હર્ષેલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-વૃશ્ચિક | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર-તુલા |

### તારીખીયું

તા.૦૧-૧૧-૨૦૨૪ વાર ★ શુક્રવાર
તિથિ આસો વદ-૩૦, સૂર્યોદય ૬-૫૨
સૂર્યાસ્ત ૬-૦૯, જૈન નવકારશી ૭-૪૦

**બાળકોની રાશિ: તુલા**

# તમે મને ઓળખતા નથી, હું કોલકીનો ખીમા ડુવા કહી ઉપલેટામાં સરકારી હોસ્પિ.ની નર્સને ધમકી

## તમે અમારી સારવાર નથી કરતા, હું તમને બધાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ઉપલેટામાં સિવિલ હોસ્પિટલમાં નર્સને તમે અમારી સારવાર નથી કરતા કહી ઝઘડો કરી ધમકી આપી હતી.જે અંગે નર્સે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ઉપલેટામાં સર્વોદય સોસાયટીમાં રહેતાં કોમલબેન જગદીશભાઈ કરંગીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે ખીમા ડુવા (રહે. કોલકી, ઉપલેટા) નું નામ આપ્યું છે. નર્સે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ઉપલેટા કોટેઝ (સરકારી) હોસ્પિટલમાં કરાર આધારિત સ્ટાફ નર્સ તરીકે અઢી વર્ષથી ફરજ બજાવે છે.

ગત તા.૨૯ ના બપોરના એક વાગ્યાથી સાંજના આઠ વાગ્યા દરમિયાન તેણી ઉપલેટા સરકારી હોસ્પિટેલે ફરજ ઉપર હતી અને ફરજ પુરી થતા તેણી તરુણભાઈ મકવાણા તથા રૂત્વીકભાઈ ભારાઈ સાથે સાંજના આઠેક વાગ્યે હોસ્પિટલની બહાર મેદાનમાં ઉભા હતા ત્યારે અચાનક એક પુરૂષ તેમની પાસે ધસી આવ્યો હતો અને જોર જોરથી કહેવા લાગ્યો હતો કે, તમે કોઈ અમારી સારવાર કરતા નથી તેમ કહી જેમ ફાવે તેમ બોલતો હોય જેથી તેમને ભાઈ શાંતીથી બોલો તેમ કહેતાં તે ભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમે મને ઓળખતા નથી હું કોલકી ગામનો ખીમા ડુવા છુ, તમે મને ધીમે બોલવાનુ કેમ કહી શકો તેમ કહી હું તમને બધાને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

દરમિયાન ત્યાં હોસ્પિટલના કમ્પાઉન્ડમાં હાજર બીજા માણસો તથા સ્ટાફ આવી જતા આરોપી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે નર્સે નોંધાવેલી ફરીયાદ પરથી ઉપલેટા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# વિસાવદર-મેંદરડા પંથકમાં ઈકો ઝોનના વિરોધમાં પૂતળા દહન

## લોકોએ રંગોળી દ્વારા પણ વિરોધ દર્શાવ્યો

**આજકાલ પ્રતિનિધિ**
**જૂનાગઢ**


(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)

સરકાર દ્વારા ઈકોઝોનની અમલવારી અંગે જાહેરાત કરવામાં આવી છે ત્યારથી જ જિલ્લા ભરમાંથી ખેડૂતોમાં નારાજગી છવાઈ છે. જુનાગઢ જિલ્લામાં દરરોજ ખેડૂતો દ્વારા વિવિધ પ્રકારના વિરોધ કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે. ગઈકાલે કાળી ચૌદસના દિવસે વિસાવદરના લીમધ્રા અને મેંદરડા પંથકમાં ઈકો ઝોન હટાવવા ના ઉગ્ર સુત્રોષષચાર કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ ગ્રામજનો દ્વારા ઘરના આંગણે અને વિસ્તારમાં ઈકો ઝોન દૂર કરો ની રંગોળી તથા પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. ખેડૂતો દ્વારા ઈકોઝોનને હટાવીને જ ઝંપીશું તેમ જણાવી પૂતળા દહન કરવામાં આવ્યું હતું અને સરકાર દ્વારા હા કાયદા ને હટાવવામાં નહીં આવે તો રસ્તા રોકો આંદોલન, બંધ સહિતના કાર્યક્રમ દ્વારા વિરોધ વ્યક્ત કરવાની પણ ખેડૂતોએ ચીમકી આપી હતી. મેંદરડા પંથકના૨૧ ગામો પણ વિરોધમાં હોવાનું જણાવી ખેડૂતોએ દિવાળીએ પણ ઈકોઝોન વિરોધ કરવાની નોબત આવી છે.વિસાવદર તાલુકાના લીમધ્રા ગામે તથા મેંદરડા પંથકના તમામ ગામોમાં દિવાળીએ પણ ઈકો ઝોનના પૂતળાનુ દહન કરવામાં આવ્યું હતું. ગઈકાલે રાત્રે કાળી ચૌદસના દિવસે વિસાવદર પંથકમાં ખેડૂતો દ્વારા ઈકોઝોનના કાયદા સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અને ઘર આંગણે વિરોધ દર્શાવતી રંગોળી બનાવવામાં આવી હતી તો આ ઉપરાંત ઈકો ઝોન રૂપી રાક્ષસ દૂર કરવાની માંગ સાથે ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. અને ખેડૂતો દ્વારા પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. ખેડૂતો તહેવારોની ઉજવણી કરવાના બદલે ઈકોઝોન ને હટાવવા આર યા પારની લડત શરૂ કરવાના મૂડમાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે નવરાત્રિના દિવસોમાં ઈકોઝોન રૂપી રાક્ષસના ગરબા ગાવામાં આવ્યા હતા. હવે ખેડૂતો દ્વારા તેનુ પૂતળા દહન કરવામાં આવ્યું છે. હજુ આજે રાત્રે પણ ખેડૂતો વિરોધ કાર્યક્રમ દ્વારા રોષ ઠાલવશે.

# મોરબી ઝૂલતો પુલ દુર્ઘટનાના મૃતકો માટે શાંતિ અર્થે શાંતિ હવન યોજાયો


(તસવીર : રવી ભડાણીયા-મોરબી)

**આજકાલ પ્રતિનિધિ**
**મોરબી**

૩૦ ઓકટોબર ૨૦૨૨, રવિવારની એ સાંજ જયારે મોરબીની શાન સમાન ઝૂલતો પુલ તૂટી પડતા કરુણાંતિકા સર્જાઈ હતી ઝુલતા પુલ પર ફરવા ગયેલ માસૂમ બાળકો, મહિલાઓ સહીત ૧૩૫ નિર્દોષ નાગરિકોના મોત થયા હતા જે દુર્ઘટનાને બે વર્ષ પૂર્ણ થતા મૃતકોના આત્માની શાંતિ અર્થે શાંતિ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું

મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, અજયભાઈ વાઘાણી, રાણેકવાળીયા દેવેશ મેરુભાઈ, મુછડીયા વાલજીભાઈ ધનજીભાઈ અને મુસાભાઈ બલોચ સહિતનાઓ દ્વારા ઝૂલતો પુલ દુર્ઘટનાના બે વર્ષ પૂર્ણ થતાં દિવંગતોની આત્માની શાંતિ અર્થે શાંતિ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું ઝૂલતો પુલ પાસે શાંતિ હવન યોજાયો હતો જેમાં મૃતકોના પરિવારજનોએ આહુતિ આપી હતી જે પ્રસંગે રામધન આશ્રમના મહંત ભાવેશ્વરીબેન સહિતના અગ્રણીઓ પણ જોડાયા હતા હવનમાં આહુતિ આપતી વેળાએ સૌ કોઈની આંખમાં આંસુ આવી ગયા હતા અને દુર્ઘટનાને બે વર્ષ વીત્યા છતાં આજે એ ક્ષણો ફરી તાજા થઈ હતી.

# સોમનાથ ટ્રસ્ટના તમામ ગેસ્ટ હાઉસફુલ વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

**આજકાલ પ્રતિનિધિ**
**પ્રભાસપાટણ**

વિશ્વ પ્રસિદ્ધ પ્રથમ જયોતિર્લિંગ સોમનાથમા દિવાળીના તહેવારોમાં મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડશે. જેના કારણે સોમનાથ ટ્રસ્ટ સંચાલિત સાગર દર્શન, લીલાવતી, મહેશ્વરી, ડોરમેટરી સહિતના અતિથિ ગૃહો નવા વર્ષના ઓનલાઈન બુકિંગ થયેલ છે તેમજ સોમનાથ ટ્રસ્ટ સિવાયના પ્રાઈવેટ ગેસ્ટ હાઉસ મોટા પ્રમાણમાં આવેલા છે. જેનુ બુકિંગ પણ થય રહેલ છે તહેવારોને કારણે યાત્રિકોનો ધસારો શરૂ થયેલ છે અને યાત્રિકો રેલવે એસટી સહિત પોતાના પ્રાઈવેટ વાહનો દ્વારા આવી રહેલ છે.

તેમજ દિવાળી નવા વર્ષના તહેવારોને ધ્યાને લઈ અને યાત્રિકો પ્રવાસીઓની ભીડને અનુલક્ષીને પ્રભાસપાટણ પોલીસ સોમનાથ મંદિરથી ત્રિવેણી સંગમ, બાયપાસ, શંખચક્ર, મંદિર આસપાસ ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પ્રભાસપાટણ પીઆઈ એમ.વી.પટેલ દ્વારા તા ૩૧ ઓકટોબર થી ૩ નવેમ્બર સુધી વિશેષ પોલીસ બંદોબસ્ત ગોઠવેલ છે. જેમા ૩૭ સ્થાનિક પોલીસ અને ૩૫ બહારથી મંગાવેલ છે. ૧ પીઆઈ, ૨ પીએસઆઈ તથા ટીઆરબીના ૨૫ જવાનો અને તેમની મદદમાં ચાર પોલીસ ગોઠવેલ છે.

વાહન પાર્કિંગ માટે સોમનાથ ટ્રસ્ટનું વિશાળ પાર્કિંગ સહિત જુદા જુદા સ્થળો નિશ્ચિત કરવામાં આવેલ છે.

# સોમનાથ પુનઃ નિર્માણમાં સરદાર પટેલ અને નૂતનવર્ષ બન્ને મહત્વપૂર્ણ



(તસવીર : દેવાભાઈ રાઠોડ-પ્રભાસપાટણ)

**આજકાલ પ્રતિનિધિ**
**પ્રભાસપાટણ**

દેશ આઝાદ થતાં સરદાર વલ્લભભાઈ પટેલને લાગ્યું કે, સોમનાથ મંદિરના પુનઃ નિર્માણ શિવાય આઝાદી અધુરી રહેશે. તે સમયના દિવાળી નુતન વર્ષના એ દિવસોમાં સરદારે ૧૩ નવેમ્બરે સોમનાથ પ્રભાસપાટણની મુલાકાત લીધી તેમની સાથે પ્રધાન મંડળના તેમના સાથી કાકાસાહેબ, ગાડગીલ, નવાનગરના મહારાજા દિગ્વીજયસિંહ સાથે રહ્યા હતા. મંદિરની આવી કરાયેલી દુર્દશા, ઉપેક્ષીતા બિસ્માર એકાકી હાલત જોઈ લોખંડી એવા સરદારનું હૃદય પણ દ્રવી ઉઠયું. તેઓ તુરંત જ સોમનાથ સમુદ્ર તટે ગયા અને પુર્વ દિશા તરફ ઉભા રહી હાથમાં સમુદ્રનું જળ લઈ તેમને સોમનાથ મંદિરના પુનઃ નિર્માણનો સંકલ્પ કર્યો. તે ઐતિહાસિક દિવસ હતો ૧૩ નવેમ્બર ૧૯૪૦ અને વિક્રમ સંવત ૨૦૦૪ બેસતું વર્ષ ઉત્સાહ પ્રેરક સંકલ્પબળ જોઈ તે સમયે ઉપસ્થિત નાનો સમુદ્ર કે જે સરદારના સ્વાગત માટે રાષ્ટ્રધ્વજ લાવ્યા હતા. તેમનાએ તે જ ક્ષણે મંદિરના ખુણાના કાંગરાના ભાગે તે રાષ્ટ્રધ્વજ લહેરાવી દીધો.સોમનાથ મંદિરની પાસે આવેલ અહલ્યાબાઈ સોમનાથના વડ પાસે તેને એક સભા પણ સંબોધી હતી.

તેમાં જણાવ્યું હતું કે, નુતન વર્ષના આ શુભ દિવસે આપણે સંકલ્પ કર્યો છે કે, સોમનાથ મંદિરનું પુનઃ નિર્માણ થવું જ જોઈએ. આ પરમ કર્તવ્ય છે. જેમાં સૌએ ભાગ લેવો જોઈએ.


Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot. and Published from Aajkaal Karyalaya, 9th Floor, Dhanrajni Bldg., Dr. Yagnik Road, Rajkot, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

## એસ.ટી. જૂનાગઢ- સોરઠ વિભાગના કર્મચારીઓને દિપોત્સવી પર્વ તથા નૂતન વર્ષની શુભેચ્છાઓ

નૂતન વર્ષ સર્વે માટે આરોગ્યપ્રદ, પ્રગતિકારક અને મંગલમય નિવડે તેવી શુભકામનાઓ...

● ગભરૂભાઇ એચ. લાલુ (પ્રમુખશ્રી)
● દિલીપકુમાર એસ. રવિયા (મહામંત્રીશ્રી) ● રાજેશભાઇ યુ. જોષી (ખજાનચીશ્રી)

**એસ.ટી. કર્મચારી મંડળ -જૂનાગઢ વિભાગ**



Baariki
JEWELS

Plot # 372, Shishu Mangal Road,
Gandhigram, Junagadh - 362001, Gujarat, India.
+91 82380 05391
www.baarikijewels.com

Shree J.M.Panera Educational Campus

## J.M.Panera College

NAAC Accreditation B Grade



B.A. | B.Com. | M.A. | M.Com. | B.Sc. | B.C.A. | M.S.W.

NCC - Boys Girls Units
NSS - Boys Girls Units

Bantwa Road, Manavadar, Junagadh - 9426969323

## વીન્ટેજ કાર ભાડેથી મેળવવા માટે



સગાઇ, લગ્ન પ્રસંગની શાનદાર ઉજવણી માટે વીન્ટેજ કાર ભાડેથી મળશે.

**Contact : 98980 16616**
**99257 39696 / 98253 37725**

## દીપાવલી की हार्दिक शुभकामना

મહાસાગર લોજીસ્ટીક્સ

Mahasagar Logistics

Hotel Indralok

Mahasagar TRAVELS LTD.
(A Division of Mahasagar Travels Ltd.)

Mahasagar Petroleums
(I.O.C. Dealer)

noble UNIVERSITY

Wishing You A HAPPY Diwali

AYURVEDA | HOMOEOPATHY | ENGINEERING
PHARMACY | NURSING | SCIENCE
MANAGEMENT | COMMERCE | ARTS
COMPUTER APPLICATION | EDUCATION | ANIMAL HUSBANDRY
DIGITAL MARKETING | SOCIAL WORK | STUDENT VISA-IELTS
AVIATION, HOSPITALITY & TOURISM MANAGEMENT



98242 99961 www.nobleuniversity.ac.in
Main Campus: Bhesan Road, Junagadh. City Campus: Nr. Bus Stand, Joshipura, Junagadh.

Dr. Subhash University
Educating Since 1976

## DSU

આપ સૌને દિવાળી તેમજ નૂતન વર્ષ ની હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.

દિવાળીનું પાવન પર્વ આપના જીવનમાંથી અંધકારને દૂર કરીને ખુશહાલીનો દીપ પ્રજ્વલિત કરે તેમજ નવું વર્ષ આપના માટે સુખદાયી નીવડે એજ પરમેશ્વરને પ્રાર્થના.

**" આવો શિક્ષિત બનીએ "**

www.dsuni.ac.in /Dr.SubhashUni Dr. Subhash Road, Junagadh

જૂનાગઢ શહેરમાં વસતા સમસ્ત લેઉવા પટેલ પરિવારો જોગ નિમંત્રણ

## સંતશ્રી ભોજલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ તથા શ્રી ક્યાડાવાડી - જોષીપરાના સંયુક્ત ઉપક્રમે આયોજન

**વિક્રમ સંવત ૨૦૮૧ ના નવા વર્ષના વધામણા - સ્નેહમિલન**


: જૂનાગઢ :

જૂનાગઢ મહાનગરમાં વસતા સર્વે લેઉવા પટેલ પરિવારો માટે સંતશ્રી ભોજલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ અને ક્યાડા વાડી જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે નવા વર્ષના વધામણા અંતર્ગત સ્નેહમિલન સમારોહ યોજાશે.

આ સ્નેહમિલન સમારોહમાં સર્વે લેઉવા પટેલ સમાજ જોગ સંતશ્રી ભોજલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢના ચેરમેન મેનેજીંગ ટ્રસ્ટી જે.કે.ઠેસિયા તથા જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી - ઉપપ્રમુખ મૃણાલિનીબેન ગોધાણી તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ તેમજ સંકુલ પરિવાર સર્વે લેઉવા પટેલ પરિવારજનોને સંદેશો આપી જણાવી રહ્યા છે કે આ નૂતન વર્ષ આપ અને આપના પરિવાર માટે ભક્તિમય, સુખમય, શાંતિમય, શ્રેયસ્કર, સ્વાસ્થ્યમય અને સફળ રહે તેમજ આ નવા વર્ષમાં આપની તથા આપના પરિવારની સુખ-શાંતિ, સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વધારો થાય, દરેક ક્ષેત્રમાં કલ્યાણમય પ્રગતિ થાય એવી નૂતન વર્ષની શુભેચ્છાઓ.

આ સ્નેહમિલનમાં પરિવારસહ પધારવા તથા અલ્પાહારમાં સહભાગી થવા નમ્ર નિમંત્રણ પાઠવીએ છીએ.

સરતાજ છે ગુજરાતના, સરદાર અખિલ હિંદના



ભારતભાગ્યવિધાતા શ્રી સરદાર પટેલ

**:: સ્નેહમિલનની વિગતો ::**

● તારીખ : ૦૨ નવેમ્બર ૨૦૨૪, શનિવાર ● સમય : સવારે ૮:૦૦ થી ૯:૩૦ સુધી
● સ્થળ : ડો.હરીભાઈ ગોધાણી કેમ્પસ, સરદારપરા અને રેલવે સ્ટેશન પાસે, જોષીપરા, જૂનાગઢ.
● સંપર્ક : (૦૨૮૫) ૨૬૧૬૮૬૫, મો.૬૩૫૨૨ ૪૭૨૪૨

**:: નિમંત્રક ::**

મૃણાલિનીબેન ગોધાણી (જોઈન્ટ મેનેજીંગ ટ્રસ્ટી/ઉપપ્રમુખ)
જે.કે.ઠેસિયા (ચેરમેન - મેનેજીંગ ટ્રસ્ટી/પ્રમુખ)

સમગ્ર ટ્રસ્ટી મંડળ તથા સંકુલ પરિવાર
સંતશ્રી ભોજલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ
તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ શ્રી ક્યાડા વાડી - જોષીપરા, જૂનાગઢ.



સંતશ્રી ભોજલરામ એજ્યુકેશન & ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ સંચાલિત પ્રકૃતિધામ એટલે કુદરતી સૌંદર્યનું એક અદ્ભુત પ્રતિક...

● એ.સી. કોટેજીસ ● એ.સી. મેરેજ હોલ
● એ.સી. ડાઈનીંગ હોલ ● પાર્ટીપ્લોટ ● ઈવેન્ટ ગ્રાઉન્ડ ● સેલ્ફી પોઈન્ટ

ડેસ્ટીનેશન વેડિંગ માટે ઉત્તમ સુવિધાસભર સ્થળ...

પ્રકૃતિધામ, રૂપાયતન રોડ, ભવનાથ, જૂનાગઢ. મોબાઈલ : ૯૯૭૮૮ ૪૬૨૫૬ - ૯૯૭૮૮ ૮૫૪૦૦

*With Best Compliments From*

SNK SHETH NAROTTAMDAS KARSANDAS
ESTD - 1911

SHETH NAROTTAMDAS KARSANDAS | UNITED OIL DISTRIBUTORS (GUJ.) PVT LTD.

SHETH NAROTTAMDAS KARSNDAS
HEAD OFFICE : STATION ROAD,
JUNAGADH - 362 001
PHONE : (0285) 2651031, 2650181
FAX : (0285) 2652537

17, SAIF WARE HOUSE, UJALA CHOWKADI,
BAVLA-SARKHEJ HIGHWAY, SARKHEJ,
AHMEDABAD.

LUBRICATING DISTRIBUTOR & C&F FOR
TIDE WATER OIL CO. (I) LTD.
Veedol
For Saurashtra & North Gujarat

SNK SNK Logistic pvt ltd
SNK infraspace pvt ltd
ESTD - 1911
303, ZODIAC SQUARE, 3rd Floor, Opp., Gurudwara, S.G. Highway, Ahmedabad-380054 (India)
Tel,: (+91) 79 30177140, Fax : (+91) 79 40007925
Website : www.snk.net.net.in

SNK SHETH NAROTTAMDAS KARSANDAS
ESTD - 1911
(Medical Division)
M.G. Road, Near G.E.B. Gate Junagadh.
Ph : (0285) 2621380 Cell : 94266 18000

THE LOTUS HOTEL & PETALS RESTAURANT
Station Road, Junagadh. 362 001. (Gujarat) INDIA
Cell : 94266 16411 / 94266 19000
Web : www.thelotushotel.com

## રહેણાંક હેતુ માટે ૧૧૮ થી ૮૦૦ વારના સ્વતંત્ર પ્લોટ

## હરેકૃષ્ણ ટાઉનશીપ

આકર્ષક એન્ટ્રીગેટ | કંપાઉન્ડ વોલ | આસફાલ્ટ રોડ (ડામર રોડ) | મહાદેવ મંદિર
ડ્રેનેજ | પાર્ટી લોન | ગાર્ડન | ચિલ્ડ્રન પ્લે એરીયા

ડેવલોપર્સ
જયેશભાઇ રાદડિયા
જયંતીભાઇ વઘાસીયા : 98252 20595
જયંતીભાઇ ધોરાજીયા : 98980 40892

બુકિંગ સંપર્ક
મહેશ ધોરાજીયા 88999 48999
વિમ્પલ વઘાસિયા 99133 95200
દક્ષેશ ધોરાજીયા 76000 21105

સાઈટ
જુનાગઢ બાયપાસ રોડ, આલ્ફા વિદ્યા સંકુલ ની બાજુમાં, ખલીલપુર ચોકડી પાસે, જુનાગઢ



ગુજરાતનું
## સૌથી મોટું સ્કિન-હેર-લેસર ક્લિનિક

WE CUSTOMIZE OUR TREATMENTS TO MEET YOUR INDIVIDUAL NEEDS

Skin Diseases | Acne-related skin issues | Hairfall Baldness Dandruff | Pigmentation Skin glow, Tan removal | Laser hair removal
Hair transplant | Anti-aging | Dermato surgery | Body fitness & wellness

## એસ્થે | કાયા કલ્પ

સ્કીન • હેર • લેસર • હેર ટ્રાન્સપ્લાન્ટ ક્લીનીક

7016064340

ગોલ્ડન ટ્રેડ સેન્ટર પાસે, ઝાંઝરડા બાય-પાસ રોડ, જુનાગઢ.

SAVANI SINCE 1995


सर्वज्ञे सर्ववरदे सर्वदुष्टभयंकरि ।
सर्वदुःखहरे देविमहालक्ष्मि नमोऽस्तुते ॥

**આપણો વારસો, આપણી ઓળખ, અને...**

## "અંધકારમાંથી પ્રકાશ તરફનું પ્રયાણ"

એક સમય હતો જ્યારે આપણા દેશની ભવ્ય ઇમારતો, સ્મારકો મૌન થઈ ગયા હતા.
જર્જરિત દિવાલો અને તૂટેલી છતો એક યુગની સમાપ્તિની સાક્ષી આપતી હતી.
પરંતુ હવે, **સવાણી હેરિટેજ**ના પ્રયત્નોથી આશાનું કિરણ નવી સવાર લાવ્યું છે.
આપણા પૂર્વજોની કારીગરી અને કલાને નવું જીવન મળી રહ્યું છે.
આપણી સંસ્કૃતિ અને ઇતિહાસના પુનઃસ્થાપન અને નવજીવન કાર્યની જ્યોત પ્રજ્વલિત બની છે.
દિવાળીના આ પવિત્ર અવસર પર,
આપણે ભારતીય સંસ્કૃતિ અને ધરોહરને યાદ કરીએ અને તેને સંભાળીએ.
આપણી આગામી પેઢીઓને ભવ્ય ઇતિહાસનો વારસો પુરસ્કૃત કરીએ...

**પ્રકાશના પર્વ દિવાળીની હાર્દિક શુભકામનાઓ...**



Cellular Jail, Port Blair, Andaman Island | Calve Soupraya Chettiar College, Pondicherry | David Sassoon Library, Mumbai | Uparkot Fort, Junagadh

SAVANI HERITAGE CONSERVATION PVT. LTD.
Bldg. No. 8, Rajabhadur Mansion, 2nd Floor, Ambalal Doshi Marg, Behind Bombay Stock Exchange, Fort, Mumbai 400 023.
+91 93245 46378 info@savaniheritage.com / savaniheritage@gmail.com savaniheritage.com

VEGA - 80000 44154

# સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતીની બે વર્ષ ઉજવણી કરાશેઃ વડાપ્રધાન

## કેવડિયા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની દબદબાભેર ઉજવણીઃ યુનિટી પરેડ યોજાઈ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગઈકાલથી ગુજરાતના પ્રવાસે છે આ પ્રવાસ દરમિયાન તેઓ કેવડીયા ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લઈ રહ્યા છે. આજે સવારે તેમણે સરદાર પટેલના સ્ટેચ્યુ સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા.પુષ્પાંજલિ કર્યા બાદ યુનિટી પરેડમાં હાજરી આપવા પહોંચ્યા હતા. આ પરેડમાં ૯ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની પોલીસની ૧૬ માર્ચિંગ ટુકડીઓ, ૪ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો, એનસીસી અને માર્ચિંગ બેન્ડે ભાગ લીધો હતો. એકતાનગર કેવડિયા ખાતે આયોજિત આ પરેડમાં જવાનો દ્વારા અનેક કરતબ રજૂ કરાયા હતા.

આ ઉપરાંત સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેથી તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦ વર્ષ ની ઉજવણી આગામી બે વર્ષ સુધી કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી.

આજે કેવડિયામાં મીની ઈન્ડિયાની ઝલક જોવા મળી હતી. ૧૫ ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના દિવસની ઉજવણીની જેમ આજે ૩૧મી ઓકટબરે અહીં ઉજવણી કરવામાં આવી. કેવડિયાથી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. દિવાળીનો તહેવાર ભારતને વિશ્વ સાથે જોડી રહ્યો છે. ઘણા દેશોમાં તેને રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. હું દેશ અને દુનિયામાં વસતા ભારતીયો અને શુભચિંતકોને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું.

સરદાર પટેલ જયંતિની ઉજવણી ખરા અર્થમાં એકતા અને અખંડિતતા નું પ્રતીક છે સ્ટેચ્યુ ઓફ યુનિટી ના નિર્માણ માટે દેશના ખેડૂતો પાસેથી ખેતરમાં વપરાતા લોખંડના સાધનો લાવવામાં આવ્યા હતા કારણ કે સરદાર પટેલે ખેડૂત પુત્ર હતા. આ ઉપરાંત તેમણે કોઈપણ પક્ષ કે પાર્ટીનું નામ લીધા વગર સીધો જ પ્રહાર કરતાં જણાવ્યું હતું કે અગાઉની સરકારોની નિયત અને નીતિમાં ભેદભાવની લાગણી હતી દેશની એકતા ને નબળી પાડી છે.

છેલ્લા દસ વર્ષમાં સુશાસનના નવા મોડલમાં ભેદભાવની દરેક અવકાશને દૂર કરવામાં આવ્યો હોવાનુ જણાવ્યું હતું સૌનો વિકાસ અને સૌના સમર્થનથી આ માર્ગ પસંદ કરવામાં આવ્યો છે પાણી પુરવઠા યોજનામાં પણ ભેદભાવ વગર દરેકના ઘર સુધી પાણી પહોંચાડવાનો પ્રયાસ થયો છે વડાપ્રધાન કિસાન સન્માન નિધિ યોજનામાં પણ કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી વડાપ્રધાન આવાસ યોજનામાં પણ કોઈ પણ પ્રકારનો ભેદભાવ નથી આયુષ્માન યોજનાનો લાભ પણ ભેદભાવ વગર દરેક વ્યકિતને મળી રહ્યો છે સરકારના અભિગમથી લોકોમા પ્રવર્તતો અસંતોષનો અંત આવ્યો છે. તેનાથી લોકોનો સરકારમાં વિશ્વાસ વધી ગયો છે. આ એક ભારત અને શ્રેષ્ઠ ભારતને પ્રોત્સાહન આપી રહ્યું છે દરેક નીતિ અને ઉદ્દેશ્યમાં એકતાએ આપણી પ્રાણ શકિત છે આ જોઈને સરદાર સાહેબનું આત્મા આપણને આશીર્વાદ આપતો હશે.

### સોશિયલ મીડિયા એક્સ પર દેશવાસીઓને દિવાળીની શુભકામના પાઠવતા વડાપ્રધાન

આજે દેશભરમાં દિવાળીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ઘરોથી માંડીને બજારો અને શેરીઓ બધું જ શણગારવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સુખી અને સમૃદ્ધ જીવનની શુભેચ્છા પાઠવી હતી.

વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયામાં દિવાળીની શુભેચ્છાઓ આપતા લખ્યું હતું કે, દેશવાસીઓને દિવાળીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. પ્રકાશના આ દિવ્ય તહેવાર પર, હું દરેકને સ્વસ્થ, સુખી અને ભાગ્યશાળી જીવનની શુભેચ્છા પાઠવું છું. દરેક વ્યક્તિ માતા લક્ષ્મી અને ભગવાન શ્રી ગણેશના આશીર્વાદથી ધન્ય બને.

આ પહેલા પીએમ મોદીએ પણ અયોધ્યાના દીપોત્સવ સમારોહ અંગે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. તેમણે કહ્યું કે અયોધ્યાના ભવ્ય મંદિરમાં રામ લલ્લા ના બિરાજ્યા પછી આ પહેલી દિવાળી છે અને રામ ભક્તોના ૫૦૦ વર્ષના અસંખ્ય બલિદાન અને તપસ્યા પછી આ શુભ મુહૂર્ત આવી છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રની પોસ્ટને ટેગ કરતા પીએમ મોદીએ એક્સ પરની પોસ્ટમાં કહ્યું, અલૌકિક અયોધ્યા! મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ તેમના ભવ્ય મંદિરમાં સ્થાપિત થયા પછી આ પ્રથમ દિવાળી છે. અયોધ્યામાં શ્રી રામલલાના મંદિરનો આ અનોખો રંગ બધાને છવાઈ જવાનો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ૫૦૦ વર્ષ પછી, રામભક્તોના અસંખ્ય બલિદાન અને સતત બલિદાન અને તપસ્યા પછી આ પવિત્ર ક્ષણ આવી છે. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે આપણે સૌ આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બન્યા છીએ. મને વિશ્વાસ છે કે ભગવાન શ્રી રામનું જીવન અને આદર્શો દેશવાસીઓ માટે વિકસિત ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે પ્રેરણારૂપ બની રહેશે.'' શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે તેની પોસ્ટમાં રોશનીથી ઝળહળતા મંદિરની તસવીરો શેર કરી છે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાના લેવડાવ્યાં શપથ

વડાપ્રધાન મોદીએ આ દરમિયાન રાષ્ટ્રીય એકતાના શપથ પણ લેવડાવ્યાં હતાં. તેમણે કહ્યું કે 'હું શપથ લઉં છું રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવવા હું મારી જાતને સમર્પિત કરીશ અને મારા દેશવાસીઓ સુધી આ સંદેશ પહોંચાડવા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ. હું દેશની એકતાની ભાવનાથી શપથ લઈ રહ્યો છું જે સરદાર પટેલની દૂરંદેશી અને કાર્યોથી શક્ય બન્યું. હું દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે મારા હિસ્સાનું યોગદાન આપવાનો પણ સંકલ્પ કરું છું.

### ૧૬ માર્ચીંગ ટુકડી દ્વારા એકતા પરેડ કરવામાં આવી

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતાના શપથ લેવડાવ્યા ત્યારબાદ યુનિટી ડે પરેડની શરૂઆત થઈ હતી જેમાં નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશ પોલીસની ૧૬ માર્ચીંગ ટુકડીએ અને ચાર કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ એનસીસી અને માર્કિંગ બેન્ડ આ પરિદમાં ભાગ લીધો હતો આ ઉપરાંત રાષ્ટ્રીય એકતા પરેડમાં સૌથી મોટું આકર્ષણ એનએસજી કમાન્ડો ચેતન કમાન્ડો આરવી બીએસએફ એરફોર્સ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ એસઆરપી એનસીસીના કેડેટ સહિત સુરક્ષા ફોર્સે પોતાના વિવિધ કર્તબ રજૂ કર્યા હતા. અહીં નોંધવું જરૂરી છે કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે એકતા દિવસની ઉજવણી કેવડિયા ખાતે શરૂ કરી હતી.

### ૨૮૪ કરોડના વિકાસ કામો એકતાનગરના વિકાસને વેગ આપશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બોનસાઈ ગાર્ડન સીએસ ટ્રીટમેન્ટ પ્લાન સરદાર સરોવર ડેમ સેન્ટર જેવા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું સબ ડિસ્ટ્રિક હોસ્પિટલ ટ્રાફિક સર્કલ સ્માર્ટ બસ સ્ટોપનું ઉદઘાટ કર્યુ હતું જે એકતા નગરના વિકાસને વેગ આપશે. વલ્લ ભભાઈ પટેલની જન્મજયંતિની પુર્વ સંધ્યાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એકતા નગરને મોટી ભેટ આપતાં રૂ. ૨૮૪ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું.આ અવસરે તેમણે નવા પ્રવાસન અને આકર્ષણ કેન્દ્રોની સાથે સાથે પ્રવાસન કાર્યના વિકાસને પ્રોત્સાહન આપતાં પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું, જે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારને વધુ વૈશ્વિક પ્રતિષ્ઠ । અપાવશે.તેમજ એકતાનગર ખાતે આવતા પ્રવાસીઓને વૈશ્વિક કક્ષાની સવલતો પ્રાપ્ત થશે.

# કલેક્ટરના બંગલે રસોઈ કરનાર મહિલાની થેલીમાંથી ૪૩,૦૦૦ની સોનાની સરની ચોરી

## ધનતેરસે સોની બજારમાંથી સરની જોડી ખરીદી થેલીમાં રાખી હતીઃ ચાલીને જતા હતા ત્યારે ભીડનો લાભ લઈ થેલીમાં કાપો મારી સેરવી લીધી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ભગવતીપરા વિસ્તારમાં રહેતા અને કલેક્ટરના બંગલે રસોઈનું કામ કરનાર મહિલા સોની બજારમાં ધનતેરસે રૂપિયા ૪૩ હજારની સોનાની સરની જોડી લઈ થેલીમાં રાખી ચાલીને જતા હતા.દરમિયાન ભીડનો લાભ લઈ કોઈ શખસે થેલીમાં કાપો મારી આ લટ સેરવી લીધી હતી. જે અંગે મહિલાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ,મૂળ કચ્છના આદિપુરના માથક ગામના વતની અને હાલ રાજકોટમાં ભગવતીપરા વિસ્તારમાં નંદનવન સોસાયટી શેરી નંબર-૩ માં રહેતા કસ્તુરબેન ગોપાલભાઈ સિંધવ(ઉ.વ ૫૨) નામના મહિલાએ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અહીં રહે છે અને તેમના પતિ હાલ નિવૃત્ત છે અને તેઓ કલેકટરના બંગલામાં રસોઈનું કામકાજ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

ગઈકાલ ધનતેરસ હોય જેથી તે તથા તેમના નણંદના દીકરી મીનાબેન તથા દિવ્યાબેન ત્રણેય સોની બજારમાં ખરીદી કરવા માટે ગયા હતા. અહીં સોની બજારમાં નવા નાકા ચોક પાસે આવેલ રોનક જ્વેલર્સમાંથી કાનમાં પહેરવાની સોનાની સર(લટ) ની જોડી રૂ.૪૩,૦૦૦ માં ખરીદી હતી. પૈસા ચૂકવી આ સરની જોડી બોક્સમાં પેક કરી થેલીમાં રાખી હતી.

બાદમાં તેઓ અને તેમના નણંદની દીકરીઓ ત્રણે દુકાનથી બહાર નીકળી જતા હતા ત્યારે ટ્રાફિક ખૂબ હોય ખૂબજ ભીડભાડ હતી તેઓ ૧૦૦ થી ૨૦૦ મીટર દૂર ચાલીને સાંજના સાતેક વાગ્યે સોની બજારમાં આવેલ પ્રહલાદ ટોકીઝ રોડ પાસે પહોંચતા તેમણે પોતાની પાસે રહેલી થેલી ચેક કરતા થેલીમાં આગળના ભાગે ચીરો પડેલ હોય જેથી તેમાં જોતા તેમણે સોનાની સરની જોડીનું બોકસ થેલીમાં રાખ્યું હતું તે જોવા મળ્યું ન હતું આજુબાજુ તપાસ કરી હતી પરંતુ ક્યાંય બોક્ષ નજરે ન પડતા કોઈ શખસે ભીડનો લાભ લઈ થેલીમાં કાપો પાડી આ સોનાની સર સેરવી ગયો હોય જેથી તેમણે આ અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ પરથી આ ગઠીયાને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# રાજકોટના સ્ક્રેપના ધંધાર્થી સાથે ચીટરે લોનના નામે કરી ૨ લાખની છેતરપિંડી

## આધાર, પાનકાર્ડ, એટીએમ કાર્ડ મેળવી બેંકના પીન બદલીને બેંકમાંથી લોન લઈ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી નાખ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ઓનલાઈન કે ક્રેડીટ કાર્ડ પર લોન કરાવી દેવાના નામે છેતરપીંડી કરતા ભેજાબાજ ચીટરે વધુ એક વ્યકિતને શિકાર બનાવ્યા છે. રાજકોટમાં માધાપર ચોકડી પાસે રહેતા અને સ્ક્રેપનો ધંધો કરતા બળદેવ લાલજીભાઈ સોંદરવા નામના યુવકને ચીટર ભીચરીના મહાવીરસિંહ જીતેન્દ્રસિંહ સોલંકીએ બે લાખની ઓનલાઈન લોન કરાવી દઈ જે નાણાં પોતાના એકાઉન્ટમાં ઓનલાઈન ટ્રાન્સફર કરી વિશ્વાસઘાત આચર્યો હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદની વિગત મુજબ યુવકને બેનના લગ્નમાં નાણાંની જરૂરીયાત ઉભી થઈ હોય તેણે અગાઉ તા.૨૩/૭ના રોજ મહાવીરસિંહ સોલંકી નામનો ઈસમ પરિચયમાં આવ્યો હતો અને હોમ ક્રેડીટમાં નોકરી કરે છે. લોન અને ક્રેડીટ કાર્ડ કરાવી આપે છે. કંઈ કામ હોય તો જણાવવા કહીને પોતાનો નંબર આપ્યો હતો. બીજા દિવસે ચીટરે યુવકને ફોન કર્યો હતો. લોન અને ક્રેડીટ કાર્ડ માટે પુછ્યું હતું. ડ્રાઈવીંગ અને સ્ક્રેપનો ધંધો કરતા બળદેવ સોંદરવાને બહેનના લગ્ન માટે નાણાંની જરૂરીયાત હતી તેથી તેણે લોન માટેની હા કહી હતી.

થોડીવારમાં આરોપી મહાવીરસિંહ આવ્યો હતો. યુવક પાસેથી આધાર કાર્ડ, પાનકાર્ડ લીધા અને તેનો ફોન ચેક કર્યો હતો. ત્યાર બાદ કહ્યું કે, તમારે બે લાખ રૂપિયાની લોન મંજુર થઈ છે. યુવકે પોતાને એક લાખની જરૂરીયાત હોવાની વાત કરી હતી પરંતુ આરોપીએ અત્યારે બે લાખની લોન લઈ લઈએ અને એક લાખ પરત જમા કરાવી દેશું. તેથી યુવકે હા પાડી હતી અને આરોપીએ વિશ્વાસમાં લઈ યુવકના આધાર, પાન અને એટીએમ કાર્ડ લઈ લીધા હતા તથા ફોનમાં હોમ ક્રેડીટ નામની એપ્લીકેશન ડાઉન લોડ કરી હતી. ત્યાર બાદ યુવકનું ગુગલ પે એકાઉન્ટ ડીલીટ કરી નાખ્યું હતું. ત્યાર બાદ ગુગલ પેના બેંકના પીન પાસવર્ડ બદલીને નવા સેટ કરી નાખ્યા હતા. જે બાબતે યુવકે પુછતા લોન માટેની પ્રોસેસ કરી છે તેમ કહીને વિશ્વાસમાં લીધો હતો.

મોબાઈલમાં પ્રોસેસ કર્યા બાદ આરોપીએ યુવકને કહ્યું કે, તમારા ખાતામાં લોન આવી જશે અને તેની ફી પેટેના ૧૦,૮૦૦ રૂપિયા થશે તેમ કહીને યુવકના ગુગલ પેથી કોટક બેંકના ખાતામાંથી આરોપીએ પોતાના ફોનમાં રહેલા સ્કેનરથી સ્કેન કરીને આ રકમ ટ્રાન્સફર કરી નાખી હતી. બીજા દિવસે તા.૨૫/૭ના રોજ યુવકના એકાઉન્ટમાં ૧,૯૬,૦૪૪ની રકમ જમા થઈ હોવાનો કોટક બેંક અને હોમ ક્રેડીટને મેસેજ આવ્યો હતો. ત્યાર બાદ આરોપી મહાવીરસિંહ યુવકના સ્ક્રેપના ધંધે આવી ચડયો હતો અને કહ્યું કે, તમારા ખાતામાં લોનના રૂપિયા આવી ગયા છે. તમારે એક લાખની જરૂર છે બીજા એક લાખ ટ્રાન્સફર કરી દઈએ. જેથી યુવકે તેનો ફોન આપ્યો હતો અને ૯૬ હજાર રૂપિયા સ્કેનરથી સ્કેન કરીને ટ્રાન્સફર કરી કહ્યું હતું કે, આ રકમ પાછી જમા થઈ ગઈ છે.

બીજા દિવસે બપોરે આવ્યો અને યુવકના ફોનથી ગુગલ પેથી ૫૦ હજાર અને ૩૮ હજાર રૂપિયા ફોનમાં રહેલા સ્કેનરથી ટ્રાન્સફર કરી નાખ્યા હતા. પરત જતો રહ્યો અને બે દિવસમાં લોન કરી આપીશ તેમ કહ્યું હતું. આવી રીતે આરોપીએ ઓનલાઈન લોન ટ્રાન્સફર કરી છેતરપીંડી આચરતા યુવકે અરજી આપી હતી જેના આધારે ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી મહાપૂજા ચોક ખાતે રહેતા ભીચરી ગામના આરોપીની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# નામચીન ઈભલાની પત્નીને સગા ભાઈ-ભાભી અને ભત્રીજાએ ઢીકાપાટુ, પથ્થર વડે માર માર્યો

## પતિ સામેના એટ્રોસિટીના કેસમાં ફરિયાદી સાથે વાતચીત કરી પરત આવતી ત્યારે જૂના મોરબી પર રોકી મારકૂટ કરીઃ સામાપક્ષે ઈભલાની બહેને ભાભીએ મારકૂટ કર્યાની ફરિયાદ નોંધાવી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

જુના મોરબી રોડ પર રહેતા નામચીન ઈભલાની પત્નીને તેના સગા ભાઈ-ભાભી અને ભત્રીજાએ મારમારી ઈજા પહોંચાડી હતી.સામાપક્ષે ઈભલાની બહેને તેની નણંદ એટલે કે ઈભલાની પત્ની સામે મારમાર્યાની ફરિયાદ નોંધાવી છે.ઈભલા સામે થયેલા એટ્રોસિટીના કેસમાં સમાધાનને લઈ આ માથકૂટ થઈ હતી.જે અંગે બી ડિવિઝન પોલીસે સામસામી ફરિયાદના આધારે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

શહેરના જુના મોરબી રોડ પર લાતી પ્લોટ પાસે ગણેશનગર શેરી નંબર ૧૦ માં રહેતા નૂરીબેન ઈબ્રાહીમભાઈ કાથરોટીયા (ઉ.વ ૩૬) દ્વારા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં મોરબી રોડ પર દારમીલના કારખાના પાસે શાળા નંબર ૭૭ ની બાજુમાં રહેતા પોતાના સગા મોટાભાઈ યુસુફ ગફારભાઈ કટારીયા (ઉ.વ ૪૦) તથા તેની પત્ની યાસ્મીન (ઉ.વ ૩૮) તેનો પુત્ર સલીમ ઉર્ફે દોલીયો(ઉ.વ ૧૯) અને અન્ય પુત્ર જે સગીરવયનો હોય તેના નામ આપ્યા છે.

નૂરીબેને પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, આજથી છ એક માસ પૂર્વે તેના પતિ ઈબ્રાહીમ ઉર્ફે ઈભલા સામે અહીં નજીકમાં જ રહેતા યોગેશ હરિભાઈ મકવાણાએ મારામારી અને એટ્રોસિટી એક્ટની ફરિયાદ કરી હતી. જે ગુનામાં પતિ હાલ જેલમાં છે અને ગત તારીખ ૨૭/૧૦ ના પેરોલ મળતા તે ઘરે આવ્યો હતો અને આજે તેને જેલમાં રજૂ થવાનું છે.

દરમિયાન ગઈકાલ સાંજના નૂરીબેન તથા તેના પતિ ઈબ્રાહીમ બંને ઘરે હતા ત્યારે પતિ પર એટ્રોસિટીની ફરિયાદ કરનાર યોગેશભાઈના માતા લીલાબેને એક છોકરીને મોકલી આ ફરિયાદમાં સમાધાન બાબતે વાતચીત કરવા બોલાવતા નૂરીબેન એકલા લીલાબેન ના ઘરે ગયા હતા જે ગણેશનગર લાતી પ્લોટ પાસે આવેલું છે અહીં વાતચીત કર્યા બાદ દિવાળી પછી ખુલતી કોર્ટમાં એટ્રોસિટી એક્ટની ફરિયાદ બાબતે કોર્ટ મારફત સમાધાન કરવાની વાત કરી હતી. વાતચીત કરી સાંજે ચારેક વાગ્યે તે અહીંથી શેરીમાંથી નીકળતા મોટો ભાઈ યુસુફ તેની પત્ની યાસ્મીન અને તેના પુત્ર શેરીમાં ઊભા હોય યુસુફ કહેવા લાગ્યો હતો કે, તું કેમ આ લોકો સાથે સમાધાન કરવા આવી છું તમારે સમાધાન કરવાનું થતું નથી જેથી નુરીબેને કોઈ જવાબ આપ્યો ન હતો અને ત્યાંથી નીકળવા જતા રસ્તામાં રોકી ગાળો આપી થપ્પડ મારી દીધી હતી તેમજ તેની પત્ની તથા બંને પુત્રોએ પણ હાથાપાઈ કરી હતી આ દરમિયાન યુસુફે શેરીમાં પડેલ પથ્થરનો છૂટો ઘા કરતા નૂરીબેનને લોહી નીકળવા લાગ્યું હતું. દરમિયાન અહીં લોકો એકત્ર થતાં આ દંપતી અને તેના પુત્રો અહીંથી નાસી ગયા હતા. બાદમાં સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ નૂરીબેને આ અંગે સગા ભાઈ-ભાભી સહિતના સામે આ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આરોપીઓને સકંજામાં લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સામાપક્ષે યાસ્મીનબેન યુસુફભાઈ કટારીયા(ઉ.વ ૩૫ રહે. શાળા નંબર ૭૭ સામે, જુનો મોરબી રોડ) દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોતાના સગા નણંદ અને ભાભી નૂરી ઈબ્રાહીમભાઈ કાથરોટીયા (ઉ.વ ૩૬) નું નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારો નાનો ભાઈ ઈબ્રાહીમ ઈભલો જે તેની પત્ની નુરી તથા સંતાનો સાથે ગણેશનગરમાં રહે છે જેને છ માસ પૂર્વે યોગેશ મકવાણા સાથે મારામારી થઈ હતી જેમાં તે જેલમાં છે અગાઉ અમારે તેની સાથે બોલાચાલી થઈ હોય જેથી બોલવાનો વ્યવહાર નથી.

દરમિયાન ગઈકાલે સાંજના ચારેક વાગ્યા આસપાસ હું અહીં ઘરે હાજર હતી ત્યારે નાનોભાઈ મહેબૂબ અમારા ઘરે આવ્યો હતો અને કહ્યું હતું કે, ઈબ્રાહીમ પર મારામારી તથા એટ્રોસિટીની ફરિયાદ કરનાર યોગેશભાઈના માતા લીલાબેન સાથે સમાધાન થવા દેતા નથી તેવું જણાવતા મેં તેને કહ્યું હતું કે મેં સમાધાન કરવાની ના પાડી નથી તમે કહેતા હોય તો હું તમારી સાથે લીલાબેનના ઘરે આવું તમારે સમાધાન થાય તેમાં મને કોઈ વાંધો નથી. દરમિયાન સાંજના ફરિયાદી ઘરની બહાર નીકળતા તેના નાનાભાઈ ઈબ્રાહી ઉર્ફે ઈભલાની પત્ની નુરી અહી શેરીમાં ઉભી હોય અને કહેવા લાગી હતી કે, તું કેમ આ લોકો સાથે મારા પતિનું સમાધાન કરવા દેતી નથી તેમ કહી ગાળો આપી હાથ પકડી ઢીકાપાટુનો માર મારવા લાગી હતી તેમજ શેરીમાં પડેલ પથ્થરનો છૂટો ઘા કર્યો હતો. જેમાં યાસ્મીન બેનને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જે અંગે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# પીપાવાવ પોર્ટમાં કામ કરતી વખતે બાસ્કેટ નીચે પટકાતા હેલ્પનું મોત-ઈજનેર ગંભીર

## એલપીજી ગેસ ભરવાની ટેન્કમાં કામ કરતી વખતે મેન બાસ્કેટમાં ક્ષતિ આવી જતા બનાવ બન્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

અમરેલીના પીપાવાવ પોર્ટમાં અજીજ કંપનીમાં પી.ટુ.યાર્ડમા એલપીજી.ગેસ ભરવાની ટેન્કમાં કામ કરતી વખતે મેન બાસ્કેટમાં ક્ષતિ આવી જતા ઈજનેર અને હેલ્પર બાસ્કેટ સમેત નીચે પટકાતા ગંભીર રીતે ઘવાયેલા બંને કર્મચારીને સારવાર અર્થે ખસેડવામાં આવતા હેલ્પર યુવકનું મોત નીપજ્યું હતું જયારે ઈજનેરને વધુ સારવારની જરૂર હોવાથી અમદાવાદ રીફર કરવામાં આવ્યો છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ અજીજ કંપનીમાં ક્યૂસી ઈજનેર તરીકે કામ કરતા સેજાન જોન અને હેલ્પર સુહેલ નબી સરવર નામના બંને યુવક તા.૨૯ના સવારના નવેક વાગ્યે પીપાવાવ પોર્ટમાં પી.ટુ.યાર્ડમા એલપીજી ગેસની ભરવાની -૨૦૨ નામની ખાલી ટેન્કની અંદરની સાઈડમાં બાસ્કેટમાં બેસી કામ કરતા હતા ત્યારે મેન બાસ્કેટમા ખરાબી આવતા મેન બાસ્કેટ માંથી સુહેલ અને સહજાન બંન્ને મેન બાસ્કેટ સહીત નિચે પટકતા સુહેલ નબી સરવરને માથાના ભાગે તેમજ બન્ને પગમા ગંભીર ઈજા થઈ હતી જયારે ઈજનેર સેજાન જોનને બન્ને પગમા તેમજ ખંભા પર ઈજા થતા બંન્નેને પ્રથમ રાજુલા કાશીબા હોસ્પિટલમા અને ત્યાંથી ભાવનાગર બિમ્સ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ત્યાં સુહેલનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું જયારે ઈજનેર સેજાન જોનને વધુ સારવાર માટે અમદાવાદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ ભાવનગર હોસ્પિટલના સ્ટાફે પોલીસને કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો. બનાવને પગલે શ્રમિક પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આ મામલે કંપની તરફથી સેફટીના સાધનો આપવામાં આવ્યા હતા કે કેમ સહિતની બાબતે તપાસ થવી જરૂરી છે.

# પુનિતનગરમાં ઘર પાસે ફટાકડા ન ફોડો કહેતા તલવાર લઈ આતંક મચાવ્યો

## પિતા-પુત્રો સહિતનાએ મળી પ્રૌઢ અને તેના ભાઈને માર માર્યોઃ ચાર સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના પુનિતનગર કર્મચારી સોસાયટી વિસ્તારમાં રાત્રિના ઘર પાસે ફટાકડા ફોડી રહેલા શખસને મહિલાએ અહીં ફટાકડા ન ફોડવાનું કહેતા ડખ્ખો કર્યા હતો.બાદમાં આ શખસ તેનો ભાઈ તેના પિતા સહિતનાઓએ મળી મહિલાના સસરા સાથે ઝઘડો કરી તલવાર લઈ ધસી આવી આતંક મચાવ્યો હતો. જેમાં પ્રૌઢ અને તેમના બે ભાઈઓને ઈજા પહોંચી હતી. આ અંગે પ્રૌઢની ફરિયાદ





પરથી પોલીસે ચાર શખસો સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, પુનિતનગર કર્મચારી સોસાયટી શેરી નંબર ૯ માં રહેતા પ્રેમશંકર સીવા રામભાઈ સાકરીયા (ઉ.વ ૫૨) દ્વારા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે અહીં શેરી નંબર-૯ માં જ રહેતા સિદ્ધરાજસિંહ ઝાલા, જોરૂભા ઝાલા, જયદેવસિંહ ઝાલા અને અશોકસિંહ ઝાલાના નામ આપ્યા છે. પ્રૌઢે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રિના તેમના મોટા પુત્ર હિરેનની પત્ની અલ્પા તથા તેનો પુત્ર દક્ષ બંને અહીં ઘર બહાર ફટાકડા ફોડતા હતા દરમિયાન અચાનક અલ્પા રાડોરાડ કરવા લાગતા તેઓએ બહાર જઈ આ બાબતે પૂછતા તેણે કહ્યું હતું કે, આપણા ઘર પાસે રહેતા દરબારના છોકરાઓ આપણા ઘર પાસે ફટાકડા ફોડતા હોય જેથી મેં તેમને ફટાકડા ફોડવાની ના પાડતા તે મારી સાથે ઝઘડો કરવા લાગ્યા છે.

તેમ વાત કરતા પ્રેમશંકરભાઈ સિધ્ધરાજસિંહને ઘર પાસે ફટાકડા નહીં ફોડવા અને પોતાના ઘર પાસે ફટાકડા ફોડવાનું કહેતા તે ગાળો બોલવા લાગ્યો હતો અને તે પોતાના ઘરની અંદર જઈ તલવાર લઈ ધસી આવ્યો હતો. દરમિયાન આ સિદ્ધરાજસિંહના પિતા જોરૂભા ઝાલા પણ આવી પહોંચ્યા હતા. સિધ્ધરાજસિંહ તલવાર લઈને મારવા દોડ્યો હતો બાદમાં બંને પિતા-પુત્રએ મળી પ્રેમ શંકરભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને કહેતા હતા કે આજે તો તને મારી જ નાખવો છે.

દરમિયાન ફરિયાદીના નાનાભાઈ અશોકભાઈ બહાર આવતા તે છોડાવવા વચ્ચે પડતા જોરૂભા તથા તેનો મોટો દીકરો જયદેવસિંહ અને તેનો મોટો ભાઈ અશોકસિંહ ઝાલા આવી ગયા હતા અને આ ચારેય શખસોએ ફરિયાદી તથા તેના ભાઈને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. દરમિયાન તલવાર વડે મારવા જતા ફરિયાદીના ભાઈ દિનેશભાઈ આવી સિધ્ધરાજસિંહના હાથમાં રહેલ તલવાર પકડી લેતા તેને હાથમાં ઈજા પહોંચી હતી. આ સમયે પોલીસને જાણ કરી દેતા પોલીસ અહીં આવી ગઈ હતી આ સમયે જુરૂભાનો દીકરો અહીંથી ભાગી ગયો હતો જ્યારે સિધ્ધરાજસિંહ તથા જોરૂભા અને અશોકસિંહને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. ત્યારબાદ પ્રૌઢે આ ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## દિપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભકામના તથા નવા વર્ષના સાલ-મુબારક


શ્રી નિકુલભાઈ ચંદ્રવાડિયા
ચેરમેનશ્રી


શ્રી ચંદ્રપાલસિંહ જાડેજા
વાઈસ ચેરમેનશ્રી

**ઉપલેટા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**
વિવિધલક્ષી વિનય મંદિર સ્કુલ કેમ્પસ, વિજળી રોડ, ઉપલેટા

## દિપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભકામના તથા નવા વર્ષના સાલ-મુબારક


શ્રી દાનાભાઈ એ. ચંદ્રવાડીયા
પૂર્વ પ્રમુખ, ઉપલેટા નગર સેવા સદન


શ્રી રાણીબેન ડી. ચંદ્રવાડીયા
પૂર્વ પ્રમુખ, ઉપલેટા નગર સેવા સદન

## દિપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભકામના તથા નવા વર્ષના સાલ-મુબારક


રિયાઝભાઈ હિંગોરા
સદસ્ય : નગર સેવા સદન, ઉપલેટા


રજાકભાઈ હિંગોરા
પૂર્વ સદસ્ય : નગર સેવા સદન, ઉપલેટા

**કિંગ સ્ટાર ગ્રુપ - કે. જી. એન. ગ્રુપ**
પંચહાટડી ચોક, ઉપલેટા

## શુભ દીપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન


શ્રી રણુભા એન. જાડેજા
પૂર્વ પ્રમુખ : નગર સેવા સદન - ઉપલેટા


શ્રી હરપાલસિંહ આર. જાડેજા
પ્રમુખ : ઉપલેટા શહેર- તાલુકા રાજપુત સમાજ

## શુભ દીપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

**ઉપલેટા તાલુકાની એકમાત્ર CBSE માન્યતા ધરાવતી સ્કૂલ**

THE MOTHER'S INTERNATIONAL SCHOOL
CBSE Affiliation No. 430308

**ધ મધર્સ ઈન્ટરનેશનલ સ્કૂલ - ઉપલેટા**
મહિલા કોલેજ પાસે, કોલકી રોડ, ઉપલેટા. ફોન : ૦૨૮૨૬-૨૨૩૫૩૫, મો. : ૬૩૫૪૦ ૭૨૮૭૨

## દિપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભકામના તથા નવા વર્ષના સાલ-મુબારક



**:: શુભેચ્છક ::**
નરેન્દ્રભાઈ સુવા (લાલાભાઈ માસ્તર)
દિપકભાઈ આર. સુવા
કિશોરભાઈ સુવા
ભરતભાઈ સુવા
દિપકભાઈ એન. સુવા

**પીઠળ કૃપા ગ્રુપ - ઉપલેટા** પીઠળધામ-મુરખડાનો માર્ગ, ઉપલેટા

આવતુ નવું વર્ષ સુખ, સમૃદ્ધી અને આનંદ લાવે
તે શુભેચ્છા સાથે આપ સહુને

## દીપાવલી તથા નૂતન વર્ષની
હાર્દિક શુભકામનાઓ...

**શ્રી ઉપલેટા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.**
રાજમાર્ગ, ઉપલેટા

# માલવાહક લિફ્ટમાં માથું ફસાતા મહિલાનું મોત

## સોમનાથ સોસાયટી પાસે શ્રીનાથજી ટ્રાવેલ્સની ઓફિસના ગોડાઉનમાં માલસામાન હેરફેર માટે લિફ્ટ રાખી હતી કેબલ તૂટવા જેવો અવાજ આવતા મહિલા નીચે જોવા ગયા અને દુર્ઘટના બની: બેદરકારી જણાશે તો ગુનો નોંધાશે

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

શહેરના ૧૫૦ રીંગરોડ પર સોમનાથ સોસાયટીમાં ટ્રાવેલ્સ સંચાલકના ઘરે ઉપર આવેલા ગોડાઉનમાં માલવાહક લિફ્ટ અને દિવાલ વચ્ચે માથું ફસાઈ જતાં શ્રમિક મહિલાનું કરૂણ મોત થયું હતું.મહિલા અહીં શ્રીનાથજી ટ્રાવેલ્સમાં રસોઈ બનાવવાનું કામ કરતી હતી ઉપર તે તથા અન્ય એક મહિલા ઉભી હોય દરમિયાન કેબલ તુટવા જેવો અવાજ આવતા નીચે જોવા જતા આ દુર્ઘટના બની હતી. આ મામલે યુનિવર્સિટી પોલીસે તપાસ શરૂ કરી છે. જો આમાં કોઈ બેદરકારી જણાશે તો પોલીસ દ્વારા જવાબદાર સામે ગુનો નોંધવામાં આવશે.





જાણવા મળતી વિગતો મુજબ, શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાગરિક બેંકવાળી શેરીમાં સોમનાથ સોસાયટીમાં આવેલા શૈલેષભાઈ પાંભરના મકાનમાં માલવાહક લિફ્ટ અને દિવાલ વચ્ચે માથું ફસાઈ જતા રેખાબેન શૈલેષભાઈ રાવરાણી(ઉ.વ ૩૭) નામના મહિલા બેભાન થઈ ગયા હતા. બાદમાં તેમને ૧૦૮ મારફત સારવાર માટે હોસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબે જોઈ તપાસી મહિલાને મૃત જાહેર કર્યા હતા. બનાવના પગલે યુનિવર્સિટી પોલીસના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી.

વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, નવાગામ માંધાતા સોસાયટીમાં રહેતા રેખાબેન અહીં શ્રીનાથ ટ્રાવેલ્સના સંચાલક શૈલેષભાઈ પાંભરને ત્યાં રસોઈ બનાવવાનું કામકાજ કરતા હતા. ગઈકાલ રાત્રિના તે તથા અન્ય મહિલા અહીં ઉપર છત પર ગોડાઉન પાસે નાસ્તો કરતા હતા દરમિયાન કેબલ તુટવા જેવો અવાજ આવતા નીચે જોવા જતા તેમનો પગ લપસતા તે માલવાહક લિફ્ટની ગ્રીલમાં ફસાઈ ગયા હતા. બાદમાં તેમનું મોત થયું હતું. મૃતક મહિલાને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મનોજભાઈ મકવાણાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આ ઘટનામાં મકાન માલિકની બેદરકારી જણાશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

### સ્થાનિક યુવાનોએ ડ્રીલીંગ મશીનથી ગ્રીલ તોડી પણ મહિલાનો જીવ ન બચી શક્યો

**મહિલા માલવાહક લિફ્ટમાં ફસાયા હતા તેમનું માથું નીચે અને પગ ઉપર હતા. આ સ્થિતિ જોઈએ સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન અહીં સ્થાનિક ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલા સ્થાનિક યુવાનો મદદે આવ્યા હતા તેઓએ અહીંથી ડ્રીલીંગ મશીન મંગાવી તેના વડે ગ્રીલ તોડી મહિલાને બહાર કાઢ્યા હતા. પરંતુ તેમ છતાં મહિલાનો જીવ બચી શક્યો ન હતો.**

# રાજકોટ એસટી બસપોર્ટમાં ભારે ટ્રાફિક દૈનિક આવક રૂપિયા ૭૦ લાખે પહોંચી

## ૬૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવાઈ: એડવાન્સ બુકિંગ માટે ધસારો થતાં વધારાના કાઉન્ટર શરૂ કરાયા

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના રાજકોટ એસટી બસ પોર્ટમાં આજે દિવાળી પર્વના તહેવારોમાં ભારે ટ્રાફિક જોવા મળી રહ્યો છે, તમામ રૂટની લોકલથી લઈને વોલ્વો સુધીની બસોમાં ભારે ભીડ છે. સામાન્ય દિવસોમાં રાજકોટ એસટી ડિવિઝનની દૈનિક આવક રૂ.૫૦ લાખ હોય છે જે હાલ તહેવારોના ટ્રાફિકને લઈ રૂ.૭૦ લાખએ પહોંચી છે.




તસવીર : દર્શન ભટ્ટી

રાજકોટ બસ પોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે દિવાળીના તહેવારો નિમિતે અમદાવાદ, વડોદરા, સુરત, ઉના, વેરાવળ, જામનગર અને જૂનાગઢ સહિતના રૂટ ઉપર ભારે ટ્રાફિક નીકળતા હાલ સુધીમાં છેલ્લા ત્રણ દિવસમાં ૬૦થી વધુ એક્સ્ટ્રા બસ દોડાવાઈ છે. એડવાન્સ બુકિંગ માટે ભારે ધસારો થતા વધારાના કાઉન્ટર શરૂ કરાયા છે. રાજકોટવાસીઓ સહ પરિવાર ફરવા રવાના થઈ રહ્યા છે, બીજી બાજુ વેપાર ધંધા કે નોકરી માટે અન્યત્ર સ્થાયી થયેલા સૌરાષ્ટ્રવાસીઓએ દિવાળીની ઉજવણી વતનમાં કરવા માટે દોટ મુકી છે.

### પરિણીતાએ બ્લિચિંગ અને યુવકે ફિનાઈલ પીધું

**આજકાલ પ્રતિનિધિ-રાજકોટ**

શહેરના હુડકો ચોકડી પાસે રહેતી પરિણીતાએ કપડાં ધોવાનું બ્લીચીંગ અને ગંજીવાડામાં યુવકે ફિનાઈલ પી લેતા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. પ્રાપ્ત વિગત મુજબ હુડકો ચોકડી પાસે મહાદેવ હોટેલ પાછળ રહેતી ભૂમિબેન રોહિતભાઈ ચુડાસમા (ઉ.વ.૧૯) નામની પરિણીતા સાંજે ઘરે હતી ત્યારે બ્લિચિંગનું પાણી પી લેતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામા આવી હતી. પરિણીતાના લગ્ન થયાને બે વર્ષ જેટલો સમય થયો છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. બીજા બનાવમાં થોરાળાના ગંજીવાડા શેરી નં-૨૪ નામના યુવકે રાત્રીના ઘરે હતો ત્યારે ફિનાઈલ પી લેતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા થોરાળા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પેડક રોડ પર લાઈસન્સ વગર ફટાકડા વેચનાર સામે ગુનો નોંધતી પોલીસ

## કનકનગરમાં રહેતા સ્ટોલધારક સામે જાહેરનામા ભંગ અંગેની કાર્યવાહી કરાઈ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

લાયસન્સ વગર ફટાકડા વેચવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હોય અને તે અંગેનું પોલીસ કમિશનરનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમ છતાં દિવાળીમાં કમાઈ લેવાની લ્હાયમાં કેટલાક શખસો વગર લાઈસન્સે ફટાકડાનું વેચાણ કરતા હોય પોલીસ દ્વારા તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે પેડક રોડ પર બાળક હનુમાનજી ચોક પાસે હેવન સિઝન સ્ટોર નામની દુકાનમાં લાઈસન્સ વગર ફટાકડા વેચવામાં આવી રહ્યા હોય પોલીસે સ્ટોલધારક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન શહેરના પેડક રોડ પર બાલક હનુમાનજી મંદિર ચોક નજીક હેવન સીઝન સ્ટોર નામની દુકાનમાં તપાસ કરતા અહીં ફટાકડાનું વેચાણ કરવામાં આવી રહ્યું હતું. જેથી આ બાબતે લાઈસન્સ અને જરૂરી મંજૂરી માંગતા આવી કોઈ મંજૂરી ન હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે સ્ટોલધારક આનંદ રમેશભાઈ મકવાણા(ઉ.વ ૨૫ રહે. સંત કબીર રોડ, કનકનગર શેરી નંબર ૬) વિરુદ્ધ જાહેરનામા ભાંગ અંગેનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# ભાઈબીજની ભેટ: તા.૩ નવેમ્બરે મહિલાઓને બી.આર.ટી.એસ-સિટી બસમાં મફત મુસાફરી

## કોઈ પણ રૂટની બસમાં ગમે તેટલી વખત મફતમાં મુસાફરી કરી શકશે, બહેનોને સેવાનો લાભ લેવા અપીલ

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

રાજકોટ મહાપાલિકા દ્વારા બહેનોને ભાઈબીજની ભેટ આપવામાં આવી છે, તા.૩ નવેમ્બરને ભાઈબીજના દિવસે સમગ્ર દિવસ દરમિયાન મહિલાઓને બીઆરટીએસ અને સિટી બસમાં મફત મુસાફરીની સેવા પૂરી પાડવામાં આવશે.



વિશેષમાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈ, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ જાહેરાત કરતા જણાવ્યું છે કે રાજકોટ મહાપાલિકા હસ્તકની એસ.પી.વી. રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરના નાગરિકોને શહેરી પરિવહન બસ સેવા પુરી પાડે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આગામી તા.૩ નવેમ્બરને રવિવારના રોજ ભાઈ બીજના પવિત્ર તહેવાર નિમિતે સિટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા બહેનો-મહિલાઓ માટે નિઃશુલ્ક મુસાફરીની ભેટ આપે છે. ભાઈબીજના પવિત્ર તહેવારના દિવસે કોઈપણ રૂટ પર, ગમે તેટલી વખત ફક્ત બહેનો-મહિલાઓ નિઃશુલ્ક મુસાફરી કરી શકશે. જયારે પુરુષોએ મુસાફરી દરમ્યાન રાબેતામુજબ જ નિયત દરની ટીકીટ લેવાની રહેશે. ભાઈબીજના પાવન પર્વ નિમિતે બી.આર.ટી.એસ. બસ તથા સિટી બસની નિઃશુલ્ક સેવાની અનોખી ભેટનો મહતમ લાભ લેવા બહેનો-મહિલાઓને ખાસ અપીલ સાથે ભાઈબીજના પવિત્ર તહેવારની મહાપાલિકાના પદાધિકારીઓ-અધિકારીઓએ શુભેચ્છા પાઠવી છે.

# ગોંડલના ચોરડી નજીકથી ૩૫ લાખનો વિદેશી દારૂ પકડાયો

## ત્રણ વાહનોમાં જથ્થો હેરફેર થાય તે પૂર્વે રૂરલ પોલીસ પહોંચી પરપ્રાંતિય બે શખસોને ૪૬ લાખના મુદ્દામાલ સાથે દબોચ્યા

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

ગોંડલના ચોરડી ગામ પાસે રાધે ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં રાજકોટ રૂરલ એલસીબી અને એસઓજીએ દરોડો પાડીને ૩૫ લાખની કિંમતનો દારૂ, ત્રણ વાહનો મળી ૪૬ લાખના મુદ્દામાલ સાથે બે પરપ્રાંતીય શખસોને ઝડપી લીધા છે. દારૂનો જથ્થો મંગાવનાર સ્થાનીક બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.



એલસીબીના જમાદાર અનિલ ગુજરાતી, ભગીરથસિંહ જાડેજા, વાઘાભાઈ આલ, મહીપાલસિંહ ચુડાસમાને મળેલી બાતમીના આધારે દરોડો પાડી ૩૪,૯૯,૫૬૦ની કિંમતની ૬૨૨૮ બોટલ વિદેશી દારૂ, ૧૦.૯૦ લાખના ત્રણ વાહન, બે મોબાઈલ, રોકડ મળી ૪૬,૦૦,૫૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા અને પીએસઆઈ બી.સી.મીયાત્રાની રાહબરી હેઠળ દરોડો પાડવામાં આવ્યો હતો. દારૂનું કટીંગ થાય અને માલ સગેવગે થાય તે પુર્વે જ પોલીસની ટીમ પહોંચી હતી.

ગોડાઉન પર કામ કરી રહેલા અને રાજકોટના વિજયનગરમાં શીરાજ જુણેજાના મકાનમાં ભાડે રહેતા ઓરીસ્સાના વતની શંબુનાથ દીનબંધુ બારીક તથા વે.બંગાળના પુલીન પત્રા, આનંદ પત્રા ઉ.વ.૪૦ની ધરપકડ કરી હતી. દારૂ રાજકોટ પંથકના કુખ્યાત બુટલેગરનો હોવાનું જાણવા મળી રહ્યું છે.




સૌરાષ્ટ્રવાસીઓને દિપાવલી પર્વની હાર્દિક શુભકામના... નવા વર્ષના સૌને જય જલારામ
ભોજાણી ન્યુઝ એજન્સી - ગોંડલ.
જયેશ ભોજાણી 98252 26226
પિન્ટુ ભોજાણી 97129 22714

શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
ગોંડલ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.
કુરજીભાઈ ભાલાળા - પ્રમુખશ્રી,
ગોવિંદભાઈ વાદ્દર - ઉપ પ્રમુખશ્રી,
પ્રભુદાસ કીલજી - મેનેજર

Because Health Comes First
100% PURE
HAPPY Diwali
નૂતન વર્ષાભિનંદન
TULSI® OILS
Excellent Quality And A symbol of Purity
GROUNDNUT OIL • SUNFLOWER OIL • REFINED CORN OIL • SOYABEAN OIL • COTTONSEED OIL
Marketed & Packed by : SUKHKAND OILS AND FOODS LLP
ફ્રી હોમ ડિલિવરી
CUSTOMER CARE: +91 99094 95094
info@sukhkandoils.com www.sukhkandoils.com

HAPPY Diwali
રાજદીપ કંન્સ્ટ્રકશન ગોંડલ
અમરજીતસિંહ એ. જાડેજા
રાજદીપસિંહ એ. જાડેજા
રઘુવીરસિંહ એમ. રાયજાદા
દિવ્યરાજસિંહ આર. રાયજાદા
નિલેશભાઈ પી. તન્ના
રાકેશભાઈ પી. તન્ના
તથા સર્વે સ્ટાફ પરિવાર તરફથી
આપ સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છાઓ...

Happy Diwali
FESTIVAL OF LIGHTS
Happy New Year
ઠાકરશી ચા®
Since 1967
પરિવાર તરફથી આપ સૌને નવા વર્ષના જય સ્વામિનારાયણ

આપ સૌને દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છાઓ...
નવા વર્ષના સૌને જય સ્વામિનારાયણ
ડૉ. ગીરધર એ. પટેલ
M.D.,D.G.O.
ભક્તિ મેટરનીટી એન્ડ સર્જીકલ નર્સિંગ હોમ
'પ્રમુખ રાજ', ગોકુલ ધામ, જેતપુર રોડ, ગોંડલ.
ફોન : ૨૨૩૮૭૭/૨૨૨૬૨૭

સંદેશો નવલા વર્ષ તણો... જયાં અંધકાર હોઈ ત્યા દીપ બનો...
ગોંડલ તથા આસપાસની સર્વે જનતાને
નૂતન વર્ષના નવલા પ્રભાતે આપ સૌના જીવનમાં
ધન - ધાન્ય - સુખ - વૈભવ અને
સદ્લક્ષ્મીનો સંચાર થાય તેવી શુભકામના...
નૂતન વર્ષાભિનંદન
શ્રી ભુવનેશ્વરી કફસોલ સિરપ
નવી-જુની શરદી, કફ, ખાંસી, ગળુ બેસી જવું વિગેરે કફ જન્ય રોગોમાં નાનાં મોટા દરેક માટે આયુર્વેદનું અસરકારક અનુભવસિધ્ધ ઔષધ.
શ્રી ભુવનેશ્વરી નિમ્બાદી ટેબલેટ
ડાયાબિટીશના દર્દીઓ માટે ઉપયોગી
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ પ્રા.લી.
Gondal - 360 311 - Ph. 02825 - 220968
Email : bhuaushadha@gmail.com - www.bhuaushadha.com

શ્રી ખોડલધામ
આમંત્રણ
શુભ દિપાવલી "સ્નેહ મિલન" નૂતન વર્ષાભિનંદન
શ્રી ખોડલધામ સમિતિ- ગોંડલ, ગોંડલ શહેર અને તાલુકામાં વસતા સમસ્ત લેઉવા પટેલ સમાજના પરિવારજનોનું નૂતન વર્ષ સ્નેહમિલન
તારીખ : ૦૧/૧૧/૨૦૨૪, શુક્રવાર
સમય : સવારે ૯ થી ૧૨
સ્થળ : પટેલ વાડી, જેલ ચોક, ગોંડલ.

- શ્રી ખોડલધામ સમિતિ - ગોંડલ
- શ્રી ખોડલધામ મહિલા સમિતિ - ગોંડલ
- શ્રી ખોડલધામ યુવા સમિતિ - ગોંડલ
- શ્રી ખોડલધામ સમાધાન પંચ - ગોંડલ
- શ્રી ખોડલધામ શિક્ષણ પાંખ - ગોંડલ
- શ્રી ખોડલધામ વેપારી મંડળ, માર્કેટ યાર્ડ - ગોંડલ
- શ્રી ખોડલધામ સમિતિ ગોંડલ શહેર (વોર્ડનં.1 થી 11)

- શ્રી લેઉવા પટેલ વાડી, જેલચોક, ગોંડલ સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ વાડી, ભગવતપરા ગોંડલ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી રાધેશ્યામ વાડી, ગોંડલ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી સરદાર પટેલ સોશિયલ ગ્રુપ(સમૂહ લગ્ન), સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી સારથી ગ્રુપ ગોંડલ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ ચરખડી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ પાટીદડ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ ગુંદાળા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ વાછરા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ મોવિયા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ શિવરાજગઢ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ દેવચડી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ જામવાડી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ લીલાખા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ મોટા દડવા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ સુલતાનપુર, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ હરમડીયા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ આંબરડી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ ભુણાવા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ મોટા મહિકા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ ઘોઘાવદર, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ દેરડી કુંભાજી, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ કોલીથડ, સર્વે ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી લેઉવા પટેલ સમાજ સડક પીપળીયા, સર્વે ટ્રસ્ટીશ્રીઓ

- શ્રી ખોડલધામ સમિતિ - ચરખડી
- શ્રી ખોડલધામ સમિતિ - વેકરી
- શ્રી ખોડલધામ સમિતિ - પાટીદડ
- શ્રી ખોડલધામ સમિતિ - ગુંદાળા
- શ્રી ખોડલધામ સમિતિ - નાના ઉમવાડા
- શ્રી ખોડલધામ સમિતિ - વેજાગામ
- શ્રી ખોડલધામ સમિતિ - ગરનાળા
- શ્રી ખોડલધામ સમિતિ - ત્રાકુડા
- શ્રી ખોડલધામ સમિતિ - હડમળીયા
- શ્રી ખોડલધામ સમિતિ - આંબરડી
- શ્રી ખોડલધામ સમિતિ - ખડવંથલી
- શ્રી ખોડલધામ સમિતિ - કોલીથડ
- શ્રી ખોડલધામ સમિતિ - લુણીવાવ
- શ્રી ખોડલધામ સમિતિ - હડમતાળા
- શ્રી ખોડલધામ સમિતિ - પાટીયાળી
- શ્રી ખોડલધામ સમિતિ - દાળીયા
- શ્રી ખોડલધામ સમિતિ - વાળધરી
- શ્રી ખોડલધામ સમિતિ - મુંગાવાડી
- શ્રી ખોડલધામ સમિતિ - રીબ
- શ્રી ખોડલધામ સમિતિ - રીબડા
- શ્રી ખોડલધામ સમિતિ - ગુંદાસરા
- શ્રી ખોડલધામ સમિતિ - પીપળીયા
- શ્રી ખોડલધામ સમિતિ - મોટી ખીલોરી
- શ્રી ખોડલધામ સમિતિ - મેતા ખંભાળીયા
- શ્રી ખોડલધામ સમિતિ - કેશવાળા
- શ્રી ખોડલધામ સમિતિ - વાસાવડ
- શ્રી ખોડલધામ સમિતિ - બીલડી
- શ્રી ખોડલધામ સમિતિ - કમઢીયા
- શ્રી ખોડલધામ સમિતિ - શ્રીનાથગઢ
- શ્રી ખોડલધામ સમિતિ - કમરકોટડા
- શ્રી ખોડલધામ સમિતિ - માંડણકુંડલા
- શ્રી ખોડલધામ સમિતિ - શિવરાજગઢ
- શ્રી ખોડલધામ સમિતિ - દેવચડી
- શ્રી ખોડલધામ સમિતિ - બાંદરા
- શ્રી ખોડલધામ સમિતિ - કંટોલીયા
- શ્રી ખોડલધામ સમિતિ - રૂપાવટી
- શ્રી ખોડલધામ સમિતિ - મોવિયા
- શ્રી ખોડલધામ સમિતિ - ભરૂડી
- શ્રી ખોડલધામ સમિતિ - ભુણાવા
- શ્રી ખોડલધામ સમિતિ - મોટામહિકા
- શ્રી ખોડલધામ સમિતિ - નાનામહિકા
- શ્રી ખોડલધામ સમિતિ - બિલીયાળા
- શ્રી ખોડલધામ સમિતિ - ભોજપરા
- શ્રી ખોડલધામ સમિતિ - નાગડકા
- શ્રી ખોડલધામ સમિતિ - શેમળા
- શ્રી ખોડલધામ સમિતિ - પાંચીયાવદર
- શ્રી ખોડલધામ સમિતિ - વાછરા
- શ્રી ખોડલધામ સમિતિ - ખાંડાધાર
- શ્રી ખોડલધામ સમિતિ - મોટાદડવા
- શ્રી ખોડલધામ સમિતિ - બંધિયા
- શ્રી ખોડલધામ સમિતિ - ઘોઘાવદર
- શ્રી ખોડલધામ સમિતિ - જામવાડી
- શ્રી ખોડલધામ સમિતિ - નવાગામ
- શ્રી ખોડલધામ સમિતિ - લીલાખા
- શ્રી ખોડલધામ સમિતિ - મસીતાળા
- શ્રી ખોડલધામ સમિતિ - ભંડારીયા
- શ્રી ખોડલધામ સમિતિ - ખંભાલીડા
- શ્રી ખોડલધામ સમિતિ - દેવળા
- શ્રી ખોડલધામ સમિતિ - સુલતાનપુર
- શ્રી ખોડલધામ સમિતિ - ધુડસીયા
- શ્રી ખોડલધામ સમિતિ - મોટાસુખપુર
- શ્રી ખોડલધામ સમિતિ - નાનાસુખપુર
- શ્રી ખોડલધામ સમિતિ - વીંજીવડ
- શ્રી ખોડલધામ સમિતિ - રાણસીકી
- શ્રી ખોડલધામ સમિતિ - દેરડી (કુંભાજી)
- શ્રી ખોડલધામ સમિતિ - પાટખીલોરી
- શ્રી ખોડલધામ સમિતિ - રાવણા
- શ્રી ખોડલધામ સમિતિ - ધરાળા
- શ્રી ખોડલધામ સમિતિ - વોરાકોટડા
- શ્રી ખોડલધામ સમિતિ - કરમાળ કોટડા
- શ્રી ખોડલધામ સમિતિ - ગોમટા

વધુ માહિતી તથા અમારી સાથે જોડાવા અમારી પોસ્ટ - વિડીયો લાઇક કરી ફોલો કરો... શ્રી ખોડલધામ સમિતિ - ગોંડલ

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શ્રી મેહુલભાઈ ખાખરીયા
- અગ્રણી બિલ્ડરશ્રી
પરબધણી એન્ટરપ્રાઈઝ, ગોંડલ.
ટ્રસ્ટીશ્રી,
શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શ્રી રસિકભાઈ મારકણા
પ્રમુખશ્રી, લેઉવા પટેલ વાડી, જેલચોક,ગોંડલ
ટ્રસ્ટીશ્રી, શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ
કનૈયા મમરા - ગોંડલ.

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શ્રી ધવલભાઈ કોટડીયા
પૂર્વ ચેરમેનશ્રી, કારોબારી સમિતિ, ગોંડલ નગરપાલિકા
અગ્રણીશ્રી, લેઉવા પટેલ સમાજ,ગોંડલ
શ્રી સમીરભાઈ કોટડીયા
મહામંત્રીશ્રી, શહેર ભાજપ, ગોંડલ
યુવા અગ્રણીશ્રી,
લેઉવા પટેલ સમાજ, ગોંડલ
શ્રી વિનય બી. રાખોલિયા
એડવોકેટ & નોટરી(ભારત સરકાર)
જોઈન્ટ સેક્રેટરીશ્રી,
ગોંડલ બાર એસોસિએશન
શ્રી અંકિતભાઈ કોટડીયા
મંત્રીશ્રી, શાહરે યુવા ભાજપ
યુવા અગ્રણીશ્રી,
લેઉવા પટેલ સમાજ,ગોંડલ

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શુભ દિપાવલી
શ્રી જીગરભાઈ સાટોડીયા
પ્રમુખશ્રી ગોંડલ શહેર યુવા ભાજપ
સહકન્વીનર સૌરાષ્ટ્ર ઝોન સરદારધામ સમિતિ ગોંડલ
મહામંત્રી સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ ગોંડલ
મેનેજિંગ ડિરેક્ટર પ્રતીક સર્વેયર્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ
મેનેજીંગ ડિરેક્ટર પ્રતીક ટ્રાન્સપાવર પ્રાઈવેટ લિમિટેડ

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...
સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ - ગોંડલ.
અવધ ચેરીટેબલ ટ્રસ્ટ - ગોંડલ.
શ્રી બટુકભાઈ ઠુંમર - પ્રમુખ સેવક
શ્રી ગીરધરભાઈ વેકરીયા ઉપ પ્રમુખશ્રી
શ્રી લાલજીભાઈ તળાવીયા મંત્રીશ્રી
શ્રી શૈલેષભાઈ વેકરીયા ખજાનચીશ્રી
- શ્રી કમલેશભાઈ ખુંટ - ટ્રસ્ટીશ્રી
- શ્રી દિવ્યેશભાઈ લીલા - ટ્રસ્ટીશ્રી
- શ્રી કિશોરભાઈ ભાલાળા - ટ્રસ્ટીશ્રી
- શ્રી દિપકભાઈ ધોણીયા - ટ્રસ્ટીશ્રી
- શ્રી ગોપાલભાઈ સખીયા - ટ્રસ્ટીશ્રી
- શ્રી ધીરૂભાઈ ઠુંમર - ટ્રસ્ટીશ્રી

ખોડલધામ સમિતિ ગોંડલ દ્વારા આયોજીત ભવ્ય સ્નેહમિલન સમારોહ બદલ ખૂબ ખૂબ શુભેચ્છાઓ...

શુભ દિપાવલી
શ્રી કિશનભાઈ બટુકભાઈ ઠુંમર
જીલ્લા ભાજપ અગ્રણી - ગોંડલ
શ્રી લીલાબેન બટુકભાઈ ઠુંમર
ચેરમેનશ્રી, આરોગ્ય સમિતિ, જિલ્લા પંચાયત, રાજકોટ

દેશ–પરદેશની **આજકાલ**

**તંત્રી સ્થાનેથી**

# તહેવારોમાં સ્ટેશનો પરની ભીડ નિવારવા માટે રેલવે પાસે કોઈ ઉપાય જ નથી?

દિવાળીના તહેવારોમાં ભારતના રેલ્વે સ્ટેશનો સિલાઈથી ફાટી જાય એવાં બર્ચક ભરાઈ જાય છે. પ્લેટફોર્મ ટીકીટો બંધ કરાવી પડે છેં અને પ્લેટફોર્મ પર એટલી બધી ભીડ ટ્રેનમાં ચડવા માટે એકથી થઈ જાય છે કે ભયંકર ધક્કામુક્કીમાં ઘણીવાર મુસાફરોના જીવ જાય છે. હમણા સુરતના રેલવે સ્ટેશનનો એક વિડીયો વાઈરલ થયો છે જેમાં સ્ટેશન પર મેલા જેવી ભીડ ઉમટી છે. દેશમાં દરરોજ લગભગ અઢી કરોડ મુસાફરો ટ્રેનમાં પ્રવાસ કરે છે. તેમાં મોટી સંખ્યા મુંબઈની ઉપનગરીય ટ્રેનોમાં પ્રવાસ કરતા લોકોની હોય છે. તહેવારોમાં આ આંકડો અચાનક વધી જાય છે કારણકે વતન છોડીને પેટીયું રળવા માટે અન્ય રાજ્યમાં ગયેલા લોકો દિવાળી મનાવવા માટે પોતાના મૂળ તરફ પાછા ફરવા ઈચ્છતા હોય છે. તહેવારોની સીઝનમાં લાંબા અંતરની ટ્રેનોમાં બર્થની માંગમાં મોટો વધારો થાય છે. દેશમાં તહેવારો દરમિયાન ટ્રેન બર્થની માગ એટલી હદે વધી જાય છે કે પ્રવાસીઓએ મજબૂરીમાં હજારો કિલોમીટરનો પ્રવાસ બેઠા-બેઠા કરવો પડે છે. અનેક વખત ટ્રેનોમાં બેસવાની સીટ પણ મળતી નથી. ટ્રેનોમાં આવી ભીડના ફોટોગ્રાફ્સ લોકો ઘણીવાર સોશિયલ મીડિયા પર શેર કરતા હોય છે. ખાસ કરીને દિલ્હી, પંજાબ, મુંબઈ, ગુજરાત અને દેશના દક્ષિણનાં રાજ્યોમાંથી પૂર્વ ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને તેની આસપાસના વિસ્તારો તરફ જતી ટ્રેનોમાં બર્થની માગ વધારે હોય છે. હાલની તહેવારોની મોસમમાં પણ દેશનાં મોટા રેલવે સ્ટેશનો પર પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે અને તે ભીડના વ્યવસ્થાપન માટે અનેક ઉપાય કરવામાં આવ્યા હોવાના દાવા સદંતર પોકળ પુરવાર થયા છે. રેલવેની રેગ્યુલર ટ્રેનોમાં બે મહિના પહેલાં રિઝર્વેશન કરાવી શકાય છે. ઍડવાન્સ રિઝર્વેશનનો સમયગાળો ચાર મહિનાથી ઘટાડીને થોડા દિવસ પહેલાં જ બે મહિનાનો કરવામાં આવ્યો છે. રેલવે સામાન્ય રીતે દર વર્ષે સ્પેશિયલ ટ્રેનો દોડાવે છે. તેની સંખ્યા વધારે-ઓછી હોઈ શકે છે, પરંતુ લોકો સ્પેશિયલ ટ્રેનોમાં પ્રવાસ કરવાનું પસંદ કરતા નથી કે તેમની અગ્રતામાં આવી ટ્રેનો હોતી જ નથી, એવું જોવા મળે છે. સ્પેશિયલ ટ્રેનોની સમસ્યા એ પણ છે કે તેની જાહેરાત દર વર્ષે બહુ મોડેથી કરવામાં આવે છે. પશ્ચિમ રેલવેની વેબસાઈટ પર જણાવ્યા મુજબ, આવી ટ્રેનો ચલાવવાની માહિતી સપ્ટેમ્બરમાં આપવામાં આવી હતી. સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત છેલ્લી ઘડીએ કરવામાં આવતી હોવાથી લોકો તેમાં રિઝર્વેશન કરાવી શકતા નથી અને જે ટ્રેનો વિશે લોકો જાણતા હોય છે તેમાં પ્રવાસીઓની જોરદાર ભીડ હોય છે. એક તો સ્પેશિયલ ટ્રેનોનું ભાડું વધારી દેવામાં આવ્યું છે અને બીજી વાત એ છે કે સ્પેશિયલ ટ્રેનોના ઉપાડવાનો અને તેના ગંતવ્યસ્થાન પર પહોંચવાનો સમય કાયમ સવાલ બની રહેતો હોય છે. તેથી લોકો સ્પેશિયલ ટ્રેનોને બદલે રેગ્યુલર ટ્રેનોમાં પ્રવાસ કરવાનું પસંદ કરતા હોય છે. લોકો જે ટ્રેનમાં ટિકિટ મેળવવા ઈચ્છતા હોય તેમને પહેલાંથી જ શરત સાથે એ ટ્રેનની કન્ફર્મ ટિકિટ આપવી જોઈએ અને યાત્રાના દિવસે મૂળ ટ્રેનની પછી તરત જ ડુપ્લિકેટ ટ્રેન ચલાવીને ભીડને ગંતવ્યસ્થાન સુધી મોકલવાની વ્યવસ્થા કરવી જોઈએ.

# ગ્રીનકાર્ડઃ અસંભવ લીલું સપનું

## અમેરિકામાં રહેતા ભારતીયો માટે ગ્રીનકાર્ડનો પ્રતીક્ષા સમય૧૦૦ વર્ષ થયો

અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવા માટે દસ લાખ ભારતીયો રાહ જોઈ રહ્યા છે અને આ બેકલોગ પૂરો કરવામાં લગભગ ૧૦૦ વર્ષ નીકળી જાય તેમ છે. એનો અર્થ એ થયો કે કેટલાએ ગ્રીન કાર્ડ ઈચ્છુક ભારતીયો તો ગ્રીન કાર્ડ મળ્યા પહેલા જ વૃદ્ધ થઈને મૃત્યુ પામશે. આવા લોકોમાં પોતાના માતાપિતાની સાથે ગયેલા લગભગ ૧.૩૦ લાખ બાળકો છે. સવાલ ફક્ત બાળકોનો નથી. તેમનાં માતા-પિતાનો પણ છે, જેઓ કાયદેસર ઈમિગ્રન્ટ્સ તરીકે

**પરિપ્રેક્ષ્ય**

ભારતથી અમેરિકા આવ્યાં હતાં અને રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે વર્ષોથી રાહ જોઈ રહ્યાં છે. ગ્રીન કાર્ડની રાહ જોઈ રહેલા લોકોની કુલ સંખ્યા હવે દસ લાખથી વધુની થઈ ગઈ છે અને તેમાં દર વર્ષે વધારો થઈ રહ્યો છે. ગ્રીન કાર્ડ માટે અરજી કરવાની વર્તમાન વ્યવસ્થા અપૂરતી છે. ઉપરાંત દરેક દેશને કેટલાં ગ્રીન કાર્ડ મળી શકે તેના પર પણ નિયંત્રણ છે. તેથી પ્રતિક્ષાનો સમય દર વર્ષે લંબાઈ રહ્યો છે. તેમાં પણ કેટલાક ભારતીયોના કિસ્સામાં પ્રતિક્ષાનો આ ગાળો ૧૦૦ વર્ષથી વધુનો છે.

અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણીમાં ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના મુદ્દે વાતાવરણ તપેલું છે ત્યારે ભારતીય મૂળના ઘણા લોકોને લાગે છે કે કાયદેસરના ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કોઈ અન્ય દેશમાંથી અમેરિકામાં સ્થળાંતર કરતી વ્યક્તિને અમેરિકામાં કાયમી નિવાસ માટે આપવામાં આવતી પરવાનગીને ગ્રીન કાર્ડ કહેવામાં આવે છે. તે એક પ્રકારનું ઓળખપત્ર છે અને તેનો રંગ લીલો હોવાને કારણે તેને ગ્રીન કાર્ડ કહેવામાં આવે છે. ગ્રીન કાર્ડ ધરાવતી વ્યક્તિને સ્થાનિક નાગરિક જેટલા જ અધિકારો મળે છે અને ગ્રીન કાર્ડધારક સામાન્ય રીતે ત્રણથી પાંચ વર્ષમાં અમેરિકાના નાગરિકત્વ માટે અરજી કરી શકે છે.

અમેરિકા જતી દરેક વ્યક્તિને તત્કાળ ગ્રીન કાર્ડ મળતું નથી. એ પહેલાં ગ્રીન કાર્ડ માટેની લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. અમેરિકન નાગરિકના નિકટના કુટુંબના સભ્યો એટલે પતિ, પત્ની, અપરિણીત બાળકો, એ બાળકોનાં અમેરિકામાં જન્મેલાં ભાઈ-બહેન વગેરે ફેમિલી બેઝ્ડ ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે. અમેરિકામાં પોતાના પરિવારની કોઈ વ્યક્તિ ન હોવા છતાં દર વર્ષે હજારો ભારતીયો લાંબા ગાળાના નિવાસ માટે અમેરિકા જાય છે. તે પૈકીના મોટા ભાગના શિક્ષણ (એફ વન વિઝા), સંશોધન-રોજગાર (એચવનબી વિઝા એટલે કે કામચલાઉ વર્ક પરમિટ) અથવા રહેવાસીઓના જીવનસાથી અથવા બાળકો (એચફોર વિઝા) પર અમેરિકા જાય છે.

જે વ્યક્તિ વિદ્યાર્થી તરીકે અમેરિકા ગઈ હોય તેને અમેરિકામાં નોકરી મળે તો તેણે એચવનબી વિઝા માટે અરજી કરવી પડે છે. એચવનબી વિઝા પર વિદેશી કામદાર તરીકે કામ કર્યા પછી રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે અરજી કરતા ભારતીયોની સંખ્યા મોટી છે અને અહીં તેનું જ મહત્ત્વ છે. આ કર્મચારીઓના એચવનબી વિઝા તેમની નોકરીદાતા કંપની દ્વારા સ્પોન્સર કરવામાં આવે છે. એટલે કે તેના માટે કંપની પૈસા ચૂકવે છે. નિશ્ચિત સમયગાળા પછી વિઝા રિન્યૂ કરાવવા પડે છે એટલે કે ફરીથી મેળવવા પડે છે. તેથી એચવનબી વિઝા મેળવ્યા પછી કર્મચારીઓ કેટલીક વધુ શરતો અને પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી ગ્રીન કાર્ડ માટે અરજી કરી શકે છે.

એક સમયે ગ્રીન કાર્ડ મેળવવામાં પાંચથી સાત વર્ષ થતાં હતાં, પરંતુ હવે તે સમયગાળો ઘણો વધી ગયો છે. તેના કેટલાંક કારણો છે. ૧૯૯૦માં રજૂ કરાયેલા નિયમ અનુસાર, રોજગાર આધારિત ગ્રીન કાર્ડની સંખ્યા પ્રતિ વર્ષ ૧.૪૦ લાખની નક્કી કરવામાં આવી છે. આ ગ્રીન કાર્ડ રેન્ડમ રીતે આપવામાં આવતાં નથી. પ્રત્યેક દેશને વધુમાં વધુ સાત ટકા ગ્રીન કાર્ડ મળે છે. આ હિસાબે દર વર્ષે ૯,૮૦૦ ભારતીયોને જ ગ્રીન કાર્ડ મળી શકે છે. આ કન્ટ્રી કેપ નિયમનો હેતુ અમેરિકા આવતા ઈમિગ્રન્ટ્સમાં વૈવિધ્ય જાળવી રાખવાનો અને તમામ દેશોને સમાન તક આપવાનો છે.

જોકે, આ નિયમથી, ભારત અને ચીન જેવા વધુ વસ્તી ધરાવતા દેશોમાંથી આવેલા ઈમિગ્રન્ટ્સને, ખાસ કરીને ભારતીયોને મોટો ફટકો પડ્યો છે. તેનું કારણ એ છે કે ૧૯૯૦ પછી નોકરી માટે અમેરિકામાં સ્થળાંતર કરનારાઓમાં મોટા ભાગના ભારતીયો છે. એ ઉપરાંત સ્માર્ટફોનથી માંડીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુધીની ટેક્નોલોજી વિકસિત થવાને કારણે તેમની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. અમેરિકામાં કામ કરવા ગયેલા લોકોને અલગ-અલગ ગ્રીન કાર્ડ આપવામાં તેઓ કઈ કેટેગરીના છે તે અનુસાર પ્રાધાન્ય મળે છે. તેમાં ઈબીવન, ઈબીટુ અને ઈબીથ્રી કેટેગરી સૌથી મહત્ત્વપૂર્ણ છે. આ ત્રણેયની અવધિ અલગ-અલગ છે.

ઈબીવન કેટેગરી (સર્વોચ્ચ અગ્રતા) અસામાન્ય કૌશલ્ય ધરાવતા કર્મચારીઓ અને સંશોધક, પ્રાધ્યાપક, કળાકાર વગેરે જેવી વ્યક્તિઓ માટે છે. ઈબીટુ કેટેગરી અનુસ્નાતક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેવા કર્મચારીઓ અને વિજ્ઞાન, ટેક્નોલોજી, કળા અથવા ઉદ્યોગમાં ઉચ્ચ શિક્ષિત તથા પ્રશિક્ષિત કર્મચારીઓ માટે છે. ઈબીથ્રી કેટેગરી ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રી ધરાવતા કર્મચારીઓ માટે છે. યુએસ સિટિઝનશિપ ઍન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ) દ્વારા મે, ૨૦૨૪માં બહાર પાડવામાં આવેલા વિઝા બુલેટિન અનુસાર, આ વર્ષે ઈબીવન કેટેગરી માટેની ૨૦૨૧ સુધીની અરજીઓને અને ઈબીટુ તથા ઈબીથ્રી કેટેગરી માટેની સપ્ટેમ્બર ૨૦૧૨ સુધીમાં કરવામાં આવેલી અરજીઓને પ્રોસેસ કરવામાં આવશે. તેનો અર્થ એ છે કે ઈબીવન કેટેગરી હેઠળ અરજી કરનાર અસામાન્ય કૌશલ્ય ધરાવતી વ્યક્તિને ગ્રીન કાર્ડ મેળવવામાં ખાસ તકલીફ પડતી નથી, પરંતુ બાકીની બે કેટેગરીમાં અરજીઓનો ગંજ ખડકાયો છે.

નવેમ્બર ૨૦૨૩ સુધી લગભગ ૧૮ લાખ લોકો રોજગાર આધારિત ગ્રીન કાર્ડની પ્રતિક્ષામાં હતા અને તેમાં ૧૨ લાખ ભારતીયોનો સમાવેશ થાય છે. કોંગ્રેશનલ રિસર્ચનો અંદાજ છે કે કાયદા અને પ્રક્રિયામાં કોઈ ફેરફાર નહીં કરવામાં આવે તો ૨૦૩૦ સુધીમાં આ બેકલોગ વધીને ૨૧,૯૫,૭૯૫નો થઈ જશે. તેનો અર્થ એ છે કે આ કેટેગરી હેઠળ અરજી કરનારે ગ્રીન કાર્ડ મેળવવા માટે લગભગ ૧૯૫ વર્ષ રાહ જોવી પડે તે શક્ય છે. હાલ ઈબીવન કેટેગરીમાં ૧,૪૩,૪૯૭, ઈબીટુ કેટેગરીમાં ૮,૩૮,૭૮૪ અને ઈબીથ્રી કેટેગરીમાં ૨,૭૭,૧૬૨ ભારતીયો ગ્રીન કાર્ડની રાહ જોઈ રહ્યા છે. એટલે કે ઈબીટુ અને ઈબીથ્રી કેટેગરીના કર્મચારીઓએ વધુ રાહ જોવી પડશે.

ખાસ કરીને ઈબીટુ કેટેગરીમાં ગ્રીન કાર્ડ માટે લાંબી કતારને કારણે ઘણા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેથી આ બેકલોગને ભરવા માટે છેલ્લાં દસ-બાર વર્ષથી પ્રયાસો ચાલી રહ્યા છે. તમે ભારત, ચીન કે ફિલિપાઈન્સ સિવાયના કોઈ પણ નાના દેશમાંથી આવતા હો તો અહીં દોઢ વર્ષમાં ગ્રીન કાર્ડ મળી જાય છે, પરંતુ ભારતીયોએ ગ્રીન કાર્ડ માટે વધારે રાહ જોવી પડે છે. પ્રતીક્ષાના એ સમયગાળામાં તમે અહીં અમેરિકન નાગરિકની માફક ટેક્સ ચૂકવો છો અને અન્ય ઘણી ફરજ પણ બજાવો છો. તેમ છતાં અન્ય ગ્રીન કાર્ડધારકો અથવા અમેરિકન નાગરિકોને મળતા કેટલાક અધિકાર તમને મળતા નથી. તમે અહીં રહેતા હોવા છતાં તમને અમેરિકાના ગણવામાં આવતા નથી. તમે મતદાન કરી શકતા નથી., ગ્રીન કાર્ડ ન મળે ત્યાં સુધી માત્ર એચવનબી વિઝા પર અહીં રહેવું પડે છે. તમે તરત નોકરી બદલી શકતા નથી અથવા નોકરીમાં મોટું પ્રમોશન મેળવી શકતા નથી, કારણ કે એમ કરવાથી તમારે ફરીથી વિઝા અને ગ્રીન કાર્ડની પ્રક્રિયા શરૂ કરવી પડે છે.

તમે નોકરી ગુમાવો તો બીજી નોકરી શોધવા માટે અને બીજી કંપની તમારા એચવનબી વિઝા સ્પોન્સર કરે તે માટે ૬૦ દિવસનો જ સમય મળે છે. તમે નોકરી છોડીને તમારો પોતાનો બિઝનેસ શરૂ કરી શકતા નથી. કોન્ફરન્સ કે લેક્ચર માટે જવાનું પણ મુશ્કેલ બની શકે છે, કારણ કે તમને જે કંપનીએ નોકરી આપી છે તેના સિવાય બીજા કોઈ પાસેથી તમે પગાર લઈ શકતા નથી. તમે તમારા સ્વજનોને મળવા કે ફરવા વતન કે પરદેશ જઈ શકો છો, પરંતુ અમેરિકામાં પાછા પ્રવેશતી વખતે તમને અટકાવવામાં આવી શકે છે અથવા તમારો વિઝા રદ કરવામાં આવી શકે છે. સામાન્ય રીતે તેવું થતું નથી, પરંતુ તમારા માથા પર કાયમ તલવાર લટકતી હોય છે. તમારા બાળકો ૨૧ વર્ષનાં ન થાય ત્યાં સુધી તેમને ગ્રીન કાર્ડ મળતું નથી. તેમના માટે નવેસરથી વિઝા લેવા પડે છે, અન્યથા બાળકોનો ભારતમાં દેશનિકાલ થઈ શકે છે.

# ॥ શ્રી ॥

# આ નૂતનવર્ષે અહંકારથી મુક્ત થઈએ

બાપ, જેની કૃપા નિત નુતન છે એવા ભગવાન રામની અસીમ કૃપાથી નુતન વર્ષની આ રામકથાનો ભગવાન વાલ્મીકિજીની પરમ પાવન ભૂમિ પર થવા જઈ રહ્યો છે એનો આનંદ છે. જેઓ અહીં આવી શક્યા છે તે તથા જેઓ માનસિક રીતે અહી જોડાયેલા છે તે સહુને નુતન વર્ષની વધાઈ. અહી બીઠુર, એટલે કે બ્રહ્માવર્ત પ્રદેશ મોટું તીર્થ છે. ભગવાન રામ, એક ઉદાસીન વ્યક્તિ આવી ભૂમિની શોધમાં છે. વાલ્મીકિજીનો આશ્રમ આવી ભૂમિ છે. આ સીતાજી, લવ-કુશ અને કવિ વાલ્મીકિની ભૂમિ છે. પ્રસંગ અયોધ્યાકાંડનો છે. ખુબ સુંદર પ્રસંગ છે. ત્રણ-ચાર કથાઓમાં આ પ્રસંગ પૂરો થશે. ભગવાન રામ ભરદ્વાજઋષિના આશ્રમથી નીકળી વનની યાત્રા આગળ કરે છે.

**કથા રામ કી ગૂઢ**



પૂ. મોરારિબાપુ

મારાં ભાઈ-બહેનો, ભગવાનની કથા ખુબ મધુર છે. રામચરિતમાનસએ મને જે શીખવ્યું છે તે તમારી સાથે વહેચું છું. આ કથા અદ્ભુત છે. ક્યારેય ફરિયાદ નહીં કરતા, ગ્લાનિ નહીં અનુભવતા કારણ કે હું જોતો રહું છું, લોકો મને કહે કે આટલા જપ કર્યા, આટલું તપ કર્યું, અમેં આટલા પાઠ કર્યા, અમને પ્રભુ ક્યારે મળશે ? જે તમે કરો છો તેનું ફળ તમને મળી ગયું છે અને એ ફળ છે સત્સંગ. એથી અતિરિક્ત કોઈ ફળ નથી. ધીરે ધીરે તમારી અંદરથી અમુક વસ્તુઓ ઓછી થશે, નીકળી જશે. રામચરિતમાનસ આપણને અહંકાર, અધિકાર, અંધકાર અને અસહકારથી મુક્ત કરશે.

રામકથા જીવનમાં શું આપે છે ? એનું પહેલું ફળ છે કે આપણો અહંકાર છૂટશે. તમને વારંવાર લાગશે કે તમે અહંકાર કરીને જાણે કોઈ મોટું પાપ કરી લીધું છે. રામકથા અહંકાર છોડાવી દે છે. સત્સંગ એટલા માટે છે કે ધીમે ધીમે આપણો અહંકાર છૂટે. તમારામાં સામર્થ્ય હોય, તમે બધી રીતે લાયક હો, બધા પ્રકારનું તમને માન મળે એવી લાયકાત હોય છતાં તમારામાં માનશૂન્યતા આવી જાય અને તમે એક ભિખારીને પણ માન આપવા માંડો તો સમજજો કે તમારામાં પ્રેમનો અંકુર ફૂટવાની વ્યવસ્થા છે. હું ભારતમાં છું, રામનો પુત્ર છું, રામાયણનો પુત્ર છું, મુનિઓનું સંતાન છું એવું ગૌરવ જરૂર રહે પરંતુ અહંકારની જરૂર નથી. જેમ વ્યક્તિને પેટમાં દુઃખાવો થાય અને વ્યક્તિ વિક્ષિપ્ત થઈ જાય એમ અહંકાર પણ મનની વિક્ષિપ્ત દશા છે. તો, આ સાત કાંડની કથા ધીરે-ધીરે સાધકનો અહંકાર છોડાવી દે છે.

બીજું, રામકથા અધિકાર છોડાવે છે. ખુબ સાવધાનીથી સાંભળજો. મારો કોઈ અધિકાર નહીં, મારા પર સહુનો અધિકાર છે. મારો કોઈ પર અધિકાર નથી, હું સહુનો છું. જ્યારે આપણો અધિકારભાવ છૂટે ત્યારે સમજજો કે તમે રામાયણના મંદિરમાં બેસી ગયા છો. કથા અધિકાર છોડવા માટે છે નહીં કે અધિકાર જમાવવા માટે. અધિકારી બનવા માટે કથા છે. રામજીએ છોડી દીધો અયોધ્યાનો અધિકાર નહિંતર એક પરંપરા ચાલતી હતી કે જ્યેષ્ઠ પુત્રને ગાદી મળે ! લોક, વેદ, ઋષિ-મુનિ, માતા-પિતા, સચિવ વગરે સહુએ ભરતજીને કહ્યું કે રાજગાદી લઈ લો, પણ ભરતજીએ અધિકાર છોડી દીધો ! યુવાન ભાઈ-બહેનો, પોતાના મનને પૂછો કે આપણે અધિકાર છોડી શકયા ? પત્ની પર અધિકાર, સંતાન પર અધિકાર, જમીન પર અધિકાર ! અમને આટલું મળવું જોઈએ. હું એનો વિરોધ નથી કરતો, થોડી ભૂમિ પર તમારો જરૂર અધિકાર હોય પણ સત્સંગીને વળી શેનો અધિકાર ? સત્સંગી એ છે જેના બધા અધિકારો છૂટી જાય છે. કોઈ અધિકારની વાત કરે તો હસવું આવે કે ક્યા અધિકારની વાત કરે છે ?

**સંકલનઃ જયદેવ માંકડ**

# અમેરિકાની ચૂંટણીમાં કોણ જીતશે? ટ્રમ્પ કે કમલા

## છેલ્લા સર્વે પ્રમાણે ૪૭ ટકા મતદારોનું રિપબ્લિકન પાર્ટીના ટ્રમ્પને સમર્થન, ૪૭ ટકા મતદારોનું ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને સમર્થન

અમેરિકાના પ્રેસિડેન્ટની ચૂંટણી માટે મતદાન શરૂ થઈ ગયું છે અને ૪ કરોડ કરતાં વધારે લોકો મતદાન પણ કરી ચૂક્યા છે. ૫ નવેમ્બર સુધી ચાલનારા મતદાનના અંતે મતગણતરી હાથ ધરાશે ત્યારે હાલનાં વાઈસ પ્રેસિડેન્ટ અને પ્રેસિડેન્ટની રેસમાં ડેમોક્રેટિક પાર્ટીનાં ઉમેદવાર કમલા હેરિસ જીતશે કે પછી રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર એવા ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ જીતશે તેની ખબર પડશે પણ છેલ્લા સર્વે પ્રમાણે જોરદાર ટક્કર થશે.

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ/સિએના કોલેજ દ્વારા ૨૦ અને ૨૩ ઓક્ટોબરની વચ્ચે કરવામાં આવેલા છેલ્લા રાષ્ટ્રીય સર્વેમાં બંને ઉમેદવારોને ૪૮-૪૮ ટકા મતદારોનું સમર્થન મળશે એવી આગાહી કરાઈ છે. બાકીના ૪ ટકા મતદારોએ હજુ કોને મત આપવો એ નક્કી કર્યું નથી એ જોતાં આ કમલા અને ટ્રમ્પ વચ્ચે છેલ્લી ઘડી સુધી મુકાબલો થવાનાં એંધાણ છે. સીએનએનએ ચૂંટણી અંગે રાષ્ટ્રીય સ્તરે કરેલા પોતાના છેલ્લા સર્વે પ્રમાણે પણ કમલા અને ટ્રમ્પ વચ્ચે ટાઈ પડી છે. ૪૭ ટકા મતદારો ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને સમર્થન આપે છે અને ૪૭ ટકા મતદારો ટ્રમ્પને સમર્થન આપે છે. સર્વેમાં કમલા અને ટ્રમ્પ વચ્ચે ટાઈ પડતાં આ મુકાબલો રસપ્રદ બની ગયા છે.ટ્રમ્પે છેલ્લે છેલ્લે કેટલાંક રાજ્યોમાં કરેલી જોરદાર મહેનતના કારણે ચૂંટણીના માત્ર ૧૦ દિવસ પહેલા જ બાજી પલટાઈ ગઈ હોવાનું મનાય છે. કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ બંને અત્યંત હરીફાઈવાળા રાજ્યોમાં લોકપ્રિય મત જીતવા માટે ખૂબ જ મહેનત કરી રહ્યા છે. તેમાં ટ્રમ્પ આગળ નિકળીને લીડ કાપી ગયાનું મનાય છે.

લગભગ ૧૫ દિવસ પહેલાં આવેલા સર્વેમાં ૫ નવેમ્બરે યોજાનારી ચૂંટણી જીતવાની રેસમાં કમલા હેરિસને ૪૭ ટકા લોકો પસંદ કરી રહ્યા હતા જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પને ૪૨ ટકા લોકો પસંદ કરી રહ્યા હતા. સર્વે અનુસાર, ડોનાલ્ડ ટ્રમ્પ સામેની ચર્ચા પછી કમલા હેરિસની લીડ સતત વધી છે. મતદારોનું માનવું હતું કે, કમલા હેરિસે ચર્ચામાં ડોનાલ્ડ ટ્રમ્પને પછાડયા છે તેથી કમલાના જીતવાના ચાન્સ વધારે છે.

અમેરિકાના પ્રમુખની ચૂંટણી સાથે જ અમેરિકાની સસંદ એટલે કે યુએસ સેનેટ અને હાઉસ ઓફ કોંગ્રેસના સભ્યો, અમેરિકાના દરેક સ્ટેટના ગવર્નર અને દરેક રાજ્યની એસેમ્બલીની ચૂંટણીઓ યોજાય છે. અમેરિકામાં એ રીતે વન નેશન, વન ઈલેક્શન છે. અમેરિકાનાં સ્ટેટમાં કોણ ગવર્નર બને છે તેમાં દુનિયાના બીજા દેશોને રસ નથી હોતો તેથી આ ચૂંટણીઓ તરફ કોઈનું ધ્યાન નથી જતું. અમેરિકામાં પ્રમુખ સર્વેસર્વા હોય છે અને તેની પાસે અમર્યાદિત સત્તાઓ છે તેથી પ્રમુખપદે કોણ આવે છે તેમાં જ સમગ્ર દુનિયાને રસ હોય છે.

અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી માટેના મુખ્ય સ્વિંગ સ્ટેટ એટલે કે જે રાજ્યોમાં કઈ તરફ મતદારો ઢળશે એ નક્કી નથી હોતું એ રાજ્યોમાં એરિઝોના, જ્યોર્જિયા, મિશિગન, નેવાડા, નોર્થ કેરોલિના, પેન્સિલવેનિયા અને વિસ્કોન્સિનનો સમાવેશ થાય છે.

આ તમામ ચૂંટણીનાં પરિણામ ૧૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ આવી જશે. જાન્યુઆરીમાં અમેરિકાની સંસદ તેના પર મંજૂરીની મહોર મારે પછી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭મા પ્રમુખ અને ૫૦મા ઉપપ્રમુખ પોતાનો કાર્યભાર સંભાળે છે.

અમેરિકાના પ્રમુખની ચૂંટણી માટે લોકો સીધું મતદાન કરે છે પણ પ્રમુખપદના વિજેતા ઈલેક્ટોરલ કોલેજમાં તેમને મળેલા મતોના આધારે નક્કી થાય છે. ઈલેક્ટોરલ કોલેજની પ્રક્રિયા થોડી અટપટી છે. ભારતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી ઈલેક્ટોરલ કોલેજ દ્વારા થાય છે પણ લોકો નહીં પણ ધારાસભ્યો અને સાંસદો સીધું મતદાન કરે છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી માટેની ઈલેક્ટોરલ કોલેજમાં કુલ ૫૩૮ મત છે. આ પૈકી જે ઉમેદવારને સ્પષ્ટ બહુમતી એટલે કે ૨૭૦ મત મળે તે પ્રમુખ તરીકે જીતે છે. અમેરિકામાં કુલ ૫૦ સ્ટેટ અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા મળીને ૧૧ વિસ્તારોમાં આ ૫૩૮ ઈલેક્ટોરલ મત વહેંચાયેલા છે. અમેરિકાની રાજધાનીને વોશિંગ્ટન ડી.સી. કહીએ છીએ તેમાં ડી.સી. એટલે ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા છે. વોશિંગ્ટન કોઈ સ્ટેટમાં નથી ગણાતું પણ અલગ જ કેન્દ્રશાસિત વિસ્તાર છે. તેને ખાસ દરજ્જો અપાયેલો છે. આ દરજ્જો એક સ્ટેટને સમકક્ષ જ છે. અમેરિકાના દરેક સ્ટેટને ૨૦૨૧ની વસતી ગણતરીના આધારે વસતીના પ્રમાણમાં ઈલેક્ટોરલ મતો ફાળવાયા છે. અમેરિકામાં દર બે ચૂંટણીએ સ્ટેટ પ્રમાણે વસતીના આધારે ઈલેક્ટોરલ મતોની ફાળવણી બદલાઈ જાય છે. દરેક દાયકાની શરૂઆતમાં અમેરિકામાં વસતી ગણતરી થાય છે તેના આધારે પ્રમુખપદની ચૂંટણી માટે દરેક સ્ટેટના ઈલેક્ટોરલ મત નક્કી થાય છે. અત્યારે જે ઈલેક્ટોરલ મતો છે એ ૨૦૨૪ અને ૨૦૨૮ની ચૂંટણી માટે અમલી રહેશે.લોકો મતદાન કરે ત્યારે સીધા પ્રમુખપદના ઉમેદવારને જ મત આપે છે. કોઈ પણ સ્ટેટમાં જે ઉમેદવારને લોકોના મત વધારે મળે તેને સ્ટેટના તમામ ઈલેક્ટોરલ મત મળી જાય. ઉદાહરણ તરીકે કેલિફોર્નિયાના ઈલેક્ટોરલ કોલેજમાં ૫૪ મત છે. કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પમાંથી કેલિફોર્નિયામાં જે ઉમેદવાર વધારે મત લઈ જાય તેને આ તમામ ૫૪ મત મળી જાય. નેબ્રાસ્કા અને મરીન એ બે સ્ટેટને બાદ કરતાં બધા સ્ટેટમાં આ રીતે સ્ટેટના તમામ ઈલેક્ટોરલ મત સૌથી વધારે સીધા મત મેળવનારને મળે તેવી વ્યવસ્થા છે. આ રીતે દરેક ઉમેદવારને પોતે જીત્યા હોય એ રાજ્યોના ઈલેક્ટોરલ કોલેજના મતો મેળવતા જાય. સૌથી પહેલાં જે ઉમેદવાર ૨૭૦ ઈલેક્ટોરલ મત લઈ જાય એ જીતી જાય અને અમેરિકાના પ્રમુખ બને.દર ચાર વર્ષમાં અમેરિકાની ચૂંટણી આવે છે. નવેમ્બર મહિનાના પહેલા મંગળવારે આખા અમેરિકામાં ચૂંટણી થાય છે. આ પરંપરા જાન્યુઆરી ૧૮૪૫થી અમલમાં આવી હતી. છેલ્લાં ૧૭૦ વર્ષથી અમેરિકાનો આ ક્રમ બદલાયો નથી, ચૂંટણી મંગળવારે જ થાય છે. ત્યારે આ પાછળનું કારણ અને ઈતિહાસ રસપ્રદ છે. વાત ૧૮૪૦ પહેલાની છે. તે સમયે દેશની સીટો પર અલગ-અલગ દિવસે મતદાન થતું હતું. એ જમાનામાં કોમ્યુનિકેશન અને ટ્રાન્સપોર્ટેશનની બહુ સગવડ નહોતી. આવી સ્થિતિમાં એક સીટ પર થયેલા મતદાનને કારણે બીજી સીટના વોટિંગ પર અસર પડી શકે કે અભિપ્રાય પ્રભાવિત થઈ શકે તેવો ભય ન હતો. જો કે, ૧૮૪૦ પછી ધીરે ધીરે ટેક્નોલોજી આવવા લાગી. રેલ, રોડ, ટેલિગ્રાફ આવવા લાગ્યું. તેની સાથે એ પણ ડર વધ્યો કે, મતદારો અલગ-અલગ દિવસોમાં મતદાન કરીને પ્રભાવિત થઈ શકે છે. આને રોકવા માટે, સમાન ચૂંટણીની તારીખની જોગવાઈ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મહિનો અને દિવસ નક્કી કરતી વખતે ઘણા પાસાઓ પર વિચાર કરવામાં આવ્યો અને પછી નિર્ણય લેવામાં આવ્યો કે નવેમ્બર મહિનો ચૂંટણી માટે શ્રેષ્ઠ રહેશે. બધા પાસામાં ચેક કરાયું કે અમેરિકામાં લગભગ તમામ ખેતીનો પાક નવેમ્બર પહેલા કાપવામાં આવે છે. એક રીતે ખેડૂતો તેમના કામમાંથી મુક્ત થઈને મતદાન કરવા જઈ શકે છે. ત્યાં સુધી વધારે ઠંડી નહીં પડે. નવેમ્બર પછી સખત શિયાળો શરૂ થાય છે, જ્યારે નવેમ્બર પહેલા ઉનાળો અને ખેતીની મોસમ હોય છે. તેથી નવેમ્બર મહિનો ચૂંટણી માટે શ્રેષ્ઠ મહિનો માનવામાં આવતો હતો.જ્યારે અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મહિનો નક્કી કરવામાં આવ્યો, ત્યારે દિવસ પસંદ કરવાનો વારો આવ્યો. પહેલા સપ્તાહના અંતે ચૂંટણી યોજવાની ચર્ચા થઈ, પરંતુ ઘણા અમેરિકનોને શનિવાર-રવિવારે પ્રવાસ કરતા હોય છે. તેથી આ બાબાતને ધ્યાનમાં રાખીને સપ્તાહના અંતે ચૂંટણી યોજવાનો વિચાર છોડી દેવાયો. બીજું એ કે, રવિવારે વધુ એક સમસ્યા એ હતી કે તે દિવસે મોટાભાગના લોકો ચર્ચમાં જતા હતા. તે દિવસોમાં દૂર-દૂરના રાજ્યોમાં લાંબા અંતરે મતદાન મથકો બનાવવામાં આવ્યા હતા. વાહનવ્યવહારનું કોઈ સાધન નહોતું. તેથી મતદારોને મતદાન મથક સુધી પહોંચવા માટે લાંબો અંતર કાપવું પડ્યું હતું. આ રીતે મંગળવારે ચૂંટણી યોજવાનું નક્કી કરાયું હતું. ત્યારપછી મંગળવારે ચૂંટણી યોજાઈ રહી છે.

હાલના વર્ષોમાં મંગળવારે યોજાતી રાષ્ટ્રપતિની ચૂંટણીનો વિરોધ થઈ રહ્યો છે. સોશિયલ મીડિયા તેની સામે કેમ્પેઈન પણ ચલાવાયું હતું. મંગળવારે ચૂંટણી ન યોજવાનું એક કારણ એ પણ આપવામાં આવે છે કે, તે વર્કિંગ ડે હોય છે. જેમાં મોટાભાગના યુવાઓ નોકરીમાં વ્યસ્ત હોય છે, તેથી તેમને સમય કાઢવો મુશ્કેલ હોય છે.

**અવનવું**

# ગ્વાલિયરમાં આવેલું છે યમરાજનું એકમાત્ર મંદિર, જ્યાં કાળી ચૌદસ પર થાય છે વિશેષ પૂજા



ગ્વાલિયરમાં આવેલું છે યમરાજનું મંદિર જે લગભગ ૩૫૦ વર્ષ જૂનું છે. દિવાળીના એક દિવસ પહેલા કાળી ચૌદસના દિવસે યમરાજની પૂજા સાથે મૂર્તિનો અભિષેક કરવામાં આવે છે. તેમજ યમરાજ પાસે માનતા માનવામાં આવે છે. ગ્વાલિયર શહેરની મધ્યમાં ફૂલબાગ ખાતે માર્કંડેશ્વર મંદિરમાં યમરાજની પ્રતિમા સ્થાપિત છે. યમરાજના આ મંદિરની સ્થાપના લગભગ ૩૫૦ વર્ષ પહેલા સિંધિયા વંશના રાજાઓએ કરી હતી. કાળી ચૌદસ પર યમરાજની પૂજા કરવાની પૌરાણિક કથા છે.

જ્યારે યમરાજે ભગવાન શિવની તપસ્યા કરી ત્યારે તેમણે પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે આજથી તમે મારા ગણ માનવામાં આવશો. જે કોઈ દિવાળીના એક દિવસ પહેલા કાળી ચૌદસ પર તમારી પૂજા કરે છે અને અભિષેક કરે છે, તેના આત્માએ સાંસારિક કાર્યોમાંથી મુક્તિ મેળવ્યા પછી ઓછી યાતનાઓ સહન કરવી પડશે. તેમજ તેને સ્વર્ગની પ્રાપ્તિ થશે. ત્યારથી કાળી ચૌદસ પર યમરાજની વિશેષ પૂજા કરવામાં આવે છે. પૂજારી મનોજ ભાર્ગવે કહ્યું કે યમરાજને આયુષ્યના દેવતા માનવામાં આવે છે. કાળી ચૌદસને નાની દિવાળી પણ કહેવામાં આવે છે. આ દિવસે વ્યક્તિએ સૂર્યોદય પહેલા ઉઠીને યોગ્ય રીતે સ્નાન કરીને યમરાજની પૂજા કરવાથી ભક્તોને શારીરિક પીડામાંથી મુક્તિ મળે છે. આ દિવસે ગ્વાલિયરની આસપાસના ભક્તો અહીં આવે છે અને યમરાજની પૂજા કરે છે. યમરાજની વિશેષ રીતે પૂજા પણ કરવામાં આવે છે. પૂજાની સાથે સાથે અહીં દીવાનું દાન કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે યમરાજની પૂજા કરવાથી પરેશાનીઓમાંથી મુક્તિ મળે છે. તેની સાથે જીવનના અંતિમ તબક્કામાં આવનારી પરેશાનીઓમાંથી પણ મુક્તિ મળે છે. આ જ કારણ છે કે દૂર-દૂરથી લોકો ગ્વાલિયર આવીને યમરાજની પૂજા કરે છે.

# હસનમ્બા મંદિર માત્ર દિવાળી પર જ ખોલવામાં આવે છે



રોશનીનો તહેવાર એટલે કે દિવાળી આજે ગુરુવાર, ૩૧ ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવશે. ૫ દિવસ સુધી ચાલતો આ તહેવાર ધનતેરસના દિવસથી શરૂ થાય છે. આ દિવસે માતા લક્ષ્મી અને ભગવાન ગણેશની વિશેષ પૂજા કરવામાં આવે છે. દિવાળી પર માતા લક્ષ્મીના મંદિરોમાં ભારે ભીડ જોવા મળે છે. પરંતુ એક એવું મંદિર પણ છે જે દિવાળી પર જ ખોલવામાં આવે છે.

કર્ણાટકમાં એક એવું મંદિર છે જે દિવાળીના અવસર પર માત્ર ૭ દિવસ માટે જ ખોલવામાં આવે છે. આ મંદિર બાકીનું આખું વર્ષ બંધ રહે છે. આ મંદિરનું નામ હસનમ્બા મંદિર છે, જે ખૂબ જ પ્રાચીન માનવામાં આવે છે.

દેવી અંબાને સમર્પિત આ મંદિર કર્ણાટકના હાસન જિલ્લામાં આવેલું છે. એવું કહેવાય છે કે આ મંદિર ૧૨મી સદીમાં બનાવવામાં આવ્યું હતું. આ શહેરનું નામ પણ હસન દેવીના નામ પરથી રાખવામાં આવ્યું છે. આખા વર્ષ દરમિયાન જ્યારે પણ આ મંદિર ખુલે છે ત્યારે લોકો દેવી અંબાની પૂજા કરવા આવે છે.

હસનમ્બા મંદિરના દરવાજા દિવાળીના દિવસથી ૧૨ દિવસ માટે જ ખોલવામાં આવે છે. જ્યારે મંદિરના દરવાજા બંધ કરવામાં આવે છે, ત્યારે અંદર એક દીવો પ્રગટાવવામાં આવે છે. આ સાથે મંદિરમાં ફૂલો પણ રાખવામાં આવે છે. કહેવાય છે કે આવતા વર્ષે દિવાળીના અવસરે મંદિર ખુલશે ત્યારે દીવો ચાલું જ હોય છે અને ફૂલો પણ તાજા દેખાય છે.

# ક્રોસ વર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | ■ | 2 | 3 | 4 | ■ | 5 | | ■ |
| | ■ | 6 | ■ | 7 | | 8 | | ■ | 9 |
| 10 | | ■ | 11 | ■ | 12 | | ■ | 13 | |
| | ■ | 14 | | 15 | | ■ | 16 | ■ | |
| ■ | 17 | | ■ | | ■ | 18 | | | |
| 19 | ■ | 20 | | | 21 | ■ | | ■ | |
| 22 | | | ■ | ■ | 23 | | | | ■ |
| | ■ | ■ | 24 | | | ■ | | ■ | 25 |
| 26 | 27 | ■ | | ■ | ■ | 28 | ■ | 29 | |
| 30 | | ■ | 31 | | | | | | |

**આડી ચાવી**

૧. પુષ્કળ. ઘણું (૨)
૨. બેવકૂફ, મુર્ખ (૩)
૫. નાક વડે લેવામાં આવે (૨)
૭. વનસ્પતિ માત્ર (૪)
૧૦. ઘણી ચીજોનો સાથે બાંધેલો જથ્થો (૨)
૧૨....હોય તો માળવે જવાય (૨)
૧૩. લક્ષ્ય (૨)
૧૪. માલ ભરી લઈ જનાર વહાણ (૪)
૧૭. સર્વત્ર, તમામ ઠેકાણે (૨)
૧૮. કૃપા, દયા (૪)
૨૦. ગંગા નદી (૪)
૨૨. પેટે, સાટે (૩)
૨૩. જેમાં શિવલિંગ બેસાડવામાં આવે છે તે કયારા જેવા ઘાટ (૪)
૨૪. વજન કરવાનું કાટલું (૩)
૨૬. મમ્મીની બહેન (૨)
૨૯. પત્તો, ખબર (૨)
૩૦. અંકુર, કૂંપળ (૨)
૩૧. કર્તા-હર્તા, મુખ્ય આગેવાન (૩+૪)

**ઉભી ચાવી**

૧. વાળઝૂડ, સાફસૂફ (૪)
૩. મોંઘવારીએ મૂકી છે (૨)
૪. રડવા જેવું થઈ ગયેલું (૪)
૫. કૂતરો (૨)
૬. દરેક, બધા (૧)
૮. પાંદડું પર્ણ (૨)
૯. ભારતના વડાપ્રધાન (૫)
૧૧. શર, બાણ (૨)
૧૪. મોઘમ, નામનિર્દેશ વગર (૪)
૧૫. એક સુગંધી પદાર્થ (૩)
૧૬. આગળની વસ્તુ સાથેનું જોડાણ (૫)
૧૯. ધ્રુજારી, કંપારી (૫)
૨૧. ઠરી જવું, જામવું (૩)
૨૪. તાકીદે એક જ સ્થાને કોઈ ચિત્ત એકાગ્ર કરવું (૩)
૨૫. ભળી જાય-મળતું આવે તેવું (૩)
૨૭. બાટલી (૨)
૨૮. સંશય, વહેમ (૨)
૨૯. કિંમત દર (૨)

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પ્ર | ચા | સ | ■ | પા | પ | ■ | અ | ર્દ |
| ■ | દ | ર | દ | ■ | ર | ક્ષ | ક | ■ |
| સૂ | ■ | કા | વા | દા | વા | ■ | લ્પિ | ■ |
| ચ | મ | રી | ■ | ખ | ■ | ખા | ત | મો |
| ના | ગ | ■ | વ | લો | પા | ત | ■ | કો |
| ■ | ત | રા | પ | ■ | વ | ર | ક | ■ |
| ભૂ | ડું | ■ | સ | ગ | ડો | ■ | રો | જ |
| વા | ■ | આ | શ | રો | ■ | ઊં | ■ | ન |
| ■ | પ | ણ | ■ | ળી | ■ | ઘ | સા | તા |

# વાવ બેઠક પર ભાજપ-કોંગ્રેસના જંગમાં અપક્ષ કોને નડશે?

## ભાજપના માવજીભાઈએ બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવીઃ ઉમેદ્વારીપત્ર પાછા ખેંચવા માટે ભાજપના જિલ્લા, પ્રદેશ સ્તરના આગેવાનોથી માંડીને મુખ્યમંત્રી સ્તરથી સમજાવવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ત્રિપાપાંખિયો જંગ નિશ્ચિત બન્યો છે ગઈકાલે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે વાવ વિધાનસભા બેઠકનું ચિત્ર સ્પષ્ટ થયું છે ભાજપ અને કોંગ્રેસના સત્તાવાર ઉમેદ્વાર પછી અપક્ષ તરીકે માવજીભાઈ પટેલ મેદાનમાં ઉતર્યા છે બંને રાજકીય પક્ષો દ્વારા માવજીભાઈ પટેલને મનાવવા માટેના એડી ચોટીના પ્રયાસ છતાં માવજીભાઈ પટેલ નહીં માનતા ત્રિ પાંખીયો જંગ નિશ્ચિત બન્યો છે.



બનાસકાંઠાની વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે હવે ચિત્ર સ્પષ્ટ થઈ છે. કોંગ્રેસ અને ભાજપના સત્તાવાર ઉમેદવારો સાથે હવે અપક્ષ તરીકે માવજીભાઈ પટેલ પણ મેદાનમાં રહ્યા છે એટલે ત્રિપાંખિયો જંગ નિશ્ચિત બન્યો છે. છેલ્લા પાંચેક દિવસથી માવજીભાઈ પટેલને અપક્ષ તરીકે ઉમેદવારી પત્ર પાછા ખેંચવા માટે ભાજપના જિલ્લા, પ્રદેશ સ્તરના આગેવાનોથી માંડીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સ્તરથી સમજાવવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે.

ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે કુલ ૧૧ ફોર્મ પાછા ખેંચાયા હતા. એમાં એક અપક્ષે માવજીભાઈ પટેલ અપક્ષ ઉમેદવારી કરી રહ્યા હોવાથી એમના સમર્થનમાં ફોર્મ પાછું ખેંચ્યું છે. કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત તથા ભાજપના સ્વરૂપજી ઠાકોર વચ્ચેની મુખ્ય સ્પર્ધામાં હવે અપક્ષ માવજીભાઈ પટેલ પોતાની અપક્ષ ઉમેદવારી સાથે યથાવત રહેતાં ત્રિપાંખિયો જંગ રસપ્રદ બન્યો છે.

૧૩નવેમ્બરના રોજ યોજાના વાવ પેટા ચૂંટણી માટે ૨૫ ઓક્ટોબરના રોજ કુલ ૨૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. ફોર્મ ચકાસણી બાદ ૩૦ ઓક્ટોબરને બુધવારે બપોરે ૩ વાગ્યા સુધીમાં ફોર્મ પરત ખેચવાના થતા હતા.

ભાજપ માટે વૈકુંઠ નાનું અને ભગત જાજા એવો ઘાટ વાવ વિધાનસભાની પેટા ચૂંટણીની કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેરાત કરી ત્યારથી જ સર્જાયો હતો. ઠાકોર સમાજ પ્રભાવી આ બેઠક પર ભાજપના લગભગ પચાસેક જેટલા દાવેદારોએ નિરીક્ષકો સમક્ષ પોતાના સમર્થકો મારફતે દાવા રજૂ કર્યા હતા. આને કારણે ભાજપે ૨૫ ઓક્ટોબરના બપોરે પોણા ત્રણ વાગ્યા સુધી માવજીભાઈ સહિત છ ઉમેદવારોને ફોર્મ ભરીને તૈયાર રહેવા સૂચના આપી હતી. કોંગ્રેસે તેના ઉમેદવાર તરીકે ગેનીબેન ઠાકોરની ઈચ્છા મુજબ ગુલાબસિંહ રાજપૂતની જાહેરાત કરતા ભાજપે તરત જ સ્વરૂપજી ઠાકોરને મેન્ડેટ આપી દીધો હતો.

જોકે,તે વખતે સ્વરૂપજી ઠાકોર, માવજીભાઈ સહિત છ ઉમેદવારોએ ભાજપના ઉમેદ્વાર તરીકે ફોર્મ ભર્યા હતા. જોકે, માવજીભાઈએ ભાજપની ટિકિટ ન મળે તો અપક્ષ ઉમેદવારી કરવી એ નક્કી જ કરી લીધું હતું. સ્થાનિક હોવા ઉપરાંત પોતાના સમાજના મતદારો અને સમર્થકોના કહેવાથી ઉમેદવારી યથાવત રાખવાની જાહેરાત કરી છે.

છેક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માવજીભાઈનું કહેવું છેકે, તેમનો સંપર્ક સ્થાનિક ભાજપના આગેવાનોથી સ્તરેથી પ્રયાસો થયા હતા. આ અંગે માંડીને પ્રદેશના નેતાઓએ કર્યો હતો. ખુદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ફોન કરીને તેમને મોટું મન રાખી ઉમેદવારી પાછી ખેંચવા સમજાવ્યા હતા. જોકે, માવજીભાઈએ મુખ્યમંત્રીને વળતો જવાબ આપ્યો કે, તમારે ૧૬૨ ધારાસભ્યો છે તો એક અપક્ષ જીતશે તો વાંધો શું આવશે! આમ, હવે માવજીભાઈની અપક્ષ ઉમેદવારીથી એમના પ્રભાવી ગામો પર ભાજપ અને કોંગ્રેસના કેટલા મત કપાશે એ તો ૨૩ નવેમ્બરે જાહેર થનારા પરિણામ પરથી સ્પષ્ટ થશે. જોકે, કોંગ્રેસ અને ભાજપની જેમ માવજીભાઈ પણ દિવાળીના દિવસથી પોતાના પ્રચારનો આરંભ કરનાર છે.

### વાવ બેઠક પર કુલ ૧૦ ઉમેદવાર મેદાનમાં

વાવ વિધાનસભા મતદાર વિભાગ માટે ભરાયેલા કુલ ૨૧ ઉમેદવારો પૈકી ચકાસણી અને ફોર્મ પાછા ખેંચાવાની પ્રક્રિયા બાદ માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય સ્તરના રાજકીય પક્ષના બે (૦૨) ઉમેદ્વારો, નોંધાયેલા રાજકીય પક્ષના એક (૦૧) ઉમેદ્વાર ઉપરાંત સાત (૦૭) અપક્ષ ઉમેદ્વાર મળી કુલ દસ (૧૦) ઉમેદ્વારો વચ્ચે ચૂંટણી યોજાશે.

### વાવ વિધાનસભા બેઠક પર ૩.૧૦લાખ મતદાર

ગુજરાતની ૦૭-વાવ વિધાનસભા બેઠક માટે તા.૧૩ નવેમ્બર, ૨૦૨૪ના રોજ મતદાન યોજાશે. ઉલ્લેખનીય છે કે, વાવ વિધાનસભા મતવિસ્તારમાં કુલ ૩૨૧ પોલીંગ સ્ટેશન આવેલા છે. જેમાં તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં ૧,૬૧,૨૯૩ પુરુષ, ૧,૪૯,૩૮૭ સ્ત્રી અને ૦૧ થર્ડ જેન્ડર મળી કુલ ૩,૧૦,૬૮૧ મતદારોનો સમાવેશ થાય છે.

# નામ બદલવું મોંઘુંઃ રાજકોટના સરકારી પ્રેસે કર્યો ભાવ વધારો

## ગેઝેટમાં પ્રસિધ્ધિની ઉતાવળ હોય તો રૂા. ૨,૫૦૦ દેવા પડશેઃ ફેરફાર માટે રૂા. ૨૦૦ના ૩૦૦ કરાયા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

પાસપોર્ટ સહિતની કામગીરી માટે નામ, અટક, જન્મ તારીખમાં લોકો મોટા પ્રમાણમાં ફેરફાર કરતાં હોય છે. પરંતુ હવે આ પ્રકારના ફેરફારો કરવાનું મોંઘુ બનશે. આ પ્રકારની કામગીરી સમગ્ર રાજ્યમાં એકમાત્ર રાજકોટ ખાતે આવેલા સરકારી પ્રેસમાં થતી હોય છે અને સરકારી પ્રેસે તેના વર્તમાન ચાર્જમાં વધારો કર્યો છે.

સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ગાંધીનગર કચેરી હસ્તકના રાજકોટના સરકારી પ્રેસમાં અત્યાર સુધી નામ અટક જન્મ તારીખ સુધારવા માટે રૂપિયા ૨૦૦ ની ફી નક્કી કરવામાં આવી છે. પરંતુ હવે આ રજીસ્ટ્રેશન ફીમાં રૂપિયા ૧૦૦ નો વધારો કરવામાં આવ્યો છે.

નામ અટક અને જન્મ તારીખના ફેરફારની આવેલી અરજીઓ પરત્વે નિર્ણય લેવાય પછી દર ગુરુવારે પ્રસિદ્ધ થતા ગેજેટમાં તેને સ્થાન આપવામાં આવતું હોય છે. જો અરજદાર નિયમિત રીતે ગુરુવારે પ્રસિદ્ધ થતા ગેઝેટમાં આ ફેરફાર પ્રસિદ્ધ કરાવવા માંગતા હશે તો તેમની પાસેથી રૂપિયા ૧૦૦૦ રજીસ્ટ્રેશન ફી લેવામાં આવશે. પરંતુ જો ઉતાવળ હોય તો આવા કિસ્સામાં રુ. ૨,૫૦૦ રજીસ્ટ્રેશન ફી લઈને ત્રણ દિવસમાં અસાધારણ ગેજેટમાં તેની પ્રસિદ્ધિ કરવામાં આવશે.

# ૩૯.૫ ડિગ્રી સાથે સમગ્ર દેશમાં રાજકોટ હોટ સિટી

## નોર્થ વેસ્ટ ઈન્ડિયામાં સામાન્ય કરતાં ત્રણથી સાત ડિગ્રી અને મધ્ય ભારતમાં ત્રણથી પાંચ ડિગ્રી ઉંચું તાપમાન

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

દિવાળીના તહેવારો દરમિયાન વરસાદના કારણે છત્રી લઈને અથવા તો રેઈનકોટ પહેરીને બહાર નીકળવાના પ્રસંગો અનેક વખત બન્યા છે. અમુક વર્ષોમાં દિવાળી આસપાસ ઠંડીનો ચમકારો શરૂ થઈ જતો હોવાથી નૂતન વર્ષાભિનંદન કરવા માટે સ્વેટર મફલર પહેરીને પણ ઘણી વખત નીકળવું પડ્યું છે. પરંતુ આ વખતે ગરમીનું પ્રમાણ ઘણું વધારે છે અને ઉનાળા જેવી ગરમીનો અહેસાસ લોકો કરી રહ્યા છે.



દક્ષિણના રાજ્યોને બાદ કરતા દેશના મોટાભાગના રાજ્યોમાં ગરમીનું જોર વધી ગયું છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ નોર્થ ઈસ્ટના રાજ્યોમાં સામાન્ય કરતાં ત્રણથી સાત ડિગ્રી વધુ તાપમાન છે. જ્યારે મધ્ય ભારતમાં એવરેજ કરતા ત્રણ થી પાંચ ડિગ્રી વધુ તાપમાન છે. રાજકોટમાં બુધવારે મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી નોંધાયું હતું જે સમગ્ર દેશમાં સૌથી વધુ છે. સૌથી ઊંચા તાપમાનના મામલે દેશમાં બીજા નંબરે રાજસ્થાનનું પોખરણ આવે છે અને ત્યાં ૩૯.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

રાજકોટમાં આજે સવારે ૨૪.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે દિવસનો પ્રારંભ થયો છે અને આજે પણ ગરમીમાં ખાસ કોઈ રાહત મળે તેવી શક્યતા નથી. ઉલટાનું હવામાન ખાતાના જણાવ્યા મુજબ એકાદ સપ્તાહ સુધી ગરમીનું પ્રમાણ વધુ રહેશે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ રાજકોટમાં સરેરાશ કરતા ચાર ડિગ્રી વધુ તાપમાન બુધવારે નોંધાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ મહત્તમ તાપમાન રૂટીન કરતાં વધુ રહ્યું છે. અમરેલીમાં ત્રણ, ભુજમાં બે ડિગ્રી વધુ રહેવા પામ્યું છે.

અન્ય શહેરોના મહત્તમ તાપમાન ની વાત કરીએ તો અમરેલીમાં ૩૭.૫ અમદાવાદમાં ૩૭.૬ ભુજમાં ૩૭.૬ ડીસામાં ૩૮.૭ અને ગાંધીનગરમાં ૩૭.૨ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

સવારે ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે પરંતુ પવનની ગતિ અતિ મંદ હોવાના કારણે ગરમીની સાથે બફારો પણ શરૂ થઈ ગયો છે.

આંધ્ર પ્રદેશ તરફના અરબી સમુદ્રના હિસ્સામાં સાયક્લોનિક સર્ક્યુલેશન જોવા મળે છે અને તેના કારણે તામિલનાડુ કેરલા કર્ણાટક સહિતના દક્ષિણના રાજ્યોમાં આગામી તારીખ ૨ નવેમ્બર સુધી ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. જોકે દેશના અન્ય રાજ્યોમાં વરસાદ બંધ થઈ ગયો છે અને ગરમી વધી છે.

# મારુતિ હડફેટે પદયાત્રી યુવાનના મૃત્યુના કેસમાં ૪૮ લાખ વળતર ચૂકવવા હુકમ

## કેસ દાખલ થયા બાદ અરજદાર અને વીમા કંપની વચ્ચે સમાધાન શક્ય બનતા કેસનો એક વર્ષમાં જ નિકાલ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

કલ્યાણપુરના ભોપલકા ગામના ગરાસીયા પદયાત્રી યુવાનનું મારુતિ ઈકોની હડફેટે મૃત્યુના કેસમાં રાજકોટ ટ્રિબ્યુનલ દ્વારા વારસદારોને ૪૮ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

મેઘપર પડાણા નજીકના મામાદેવ મંદિરે માનતા ઉતારવા ચાલીને જઈ રહેલા પદયાત્રીનું પુરપાટ વેગે દોડતી ઈકો કારની હડફેટે મૃત્યુના કેસમાં રાજકોટ ટ્રિબ્યુનલ દ્વારા મૃતકના વારસદારોને રૂપિયા ૪૮ લાખનું વળતર ચૂકવવા નીમા કંપનીને હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ, કલ્યાણપુરના ભોપલકા ગામના દેવેન્દ્રસિંહ ગલતુભા જાડેજા ગત તાઃ ૨૪- ૯- ૨૦૨૩ના રોજ તેમના કૌટુંબીક સાથે જામનગરના કાનાલુસથી પડાણા ગામ વચ્ચે ચાલીને મામાદેવના મંદીરે માનતા ઉતારવા જતા ત્યારે બેફામ સ્પીડે દોડતી ઈકો કાર નં. જી.જે.-૧૦-ડી.જે.-૩૮૯૪ના ચાલકે બેદરકારીથી ચલાવીને પદયાત્રીઓને હડફેટે લઈને ભાગી છૂટી હતી, તેમાં દેવેન્દ્રસિંહ ગલતુભા જાડેજાનું મૃત્યુ થયું હતું તથા તેના કૌટુંબીક ભાઈને ઈજા થઈ હતી, તેમાં મેઘપર પડાણા પોલીસમાં અજાણ્યા કારચાલક સામે ફરીયાદ થઈ હતી. ત્યાર બાદ પોલીસની તપાસ દરમ્યાન કારના માલીકના નામ સરનામા મળી જતા ગુજરનાર દેવેન્દ્રસિંહના માતા પિતા દ્વારા રાજકોટની કોર્ટમાં મૃત્યુ બદલ વળતર મેળવવા કલેઈમ કેસ કરવામાં આવેલ અને જે ક્લેઈમમાં અરજદારના વકીલની ધારદાર રજુઆત અને ગુજરનાર દેવેન્દ્રસિંહ ઈન્કમટેક્ષના રિટર્ન ભરતા હોય વ્યાજબી ગણતરીને ધ્યાનમાં લઈ વીમા કંપનીએ દેવેન્દ્રસિંહના વારસદારોને રૂા. ૪૮ લાખ ચુકવવા સહમત થતા આ કલેઈમ કેસનો માત્ર ૧ વર્ષમાં નિકાલ થયો છે, જેમાં વીમા કંપનીએ રાજકોટ કોર્ટમાં ઉપરોકત રકમનો ચેક જમા કરાવી દીધો હતો. આ કલેઈમ કેસમાં અરજદાર વતી એડવોકેટ શ્રી શ્યામ જે. ગોહિલ, હીરેન ગોહિલ, મીરા એસ.ગોહિલ, પુનીતા પટેલ, અશોક લુંભાણી(કોળી), દીવ્યેશ કણઝારીયા વિ. એડવોકેટ રોકાયેલા હતા તેમજ આસીસ્ટન્ટ તરીકે હિરેન કણઝારીયા તથા મોહીત ગેડીયા રોકાયા હતા.

# મગફળી સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પાછી ઠેલાઈ

## રજિસ્ટ્રેશન માટે મુદ્દત વધારાનું અપાતું કારણઃ લાભ પાંચમના બદલે હવે તા.૧૧થી ખરીદી શરૂ થશે

આજકાલ પ્રતિનિધિ-રાજકોટ

ચાલુ સિઝનમાં મગફળીનું વિપુલ ઉત્પાદન થયું છે. માર્કેટયાર્ડ તથા બજારમાં સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ કરતા નીચા ભાવે મગફળી વેચવા માટે ખેડૂતો મજબૂર બન્યા છે. આ પરિસ્થિતિમાંથી ખેડૂતોને બહાર લાવવા સરકારે લાભ પાંચમના બદલે વહેલાસર મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવી જોઈએ તેવી વ્યાપક લાગણી અને માગણી વચ્ચે સરકારે લાભ પાચમથી ખરીદીની કરેલી જાહેરાત પણ હવે પાછી ઠેલવામાં આવી છે અને તારીખ ૧૧ નવેમ્બરથી સરકાર ટેકાના ભાવે મગફળી સહિતના અન્ય ખરિફ પાકોની ખરીદી ચાલુ કરશે.ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના આર્થિક રક્ષણ માટે તેમના ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા હેતુથી વર્ષ ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનને ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારે વર્ષ ૨૦૨૪-'૨૫માં મગફળી માટે રૂ. ૬૭૮૩ (રૂ. ૧૩૫૬.૬૦ પ્રતિ મણ), મગ માટે રૂ. ૮૬૮૨ (રૂા. ૧૭૩૬.૪૦ પ્રતિ મણ), અડદ માટે રૂા. ૭૪૦૦ (રૂ. ૧૪૮૦ પ્રતિ મણ) તથા સોયાબિન માટે રૂા. ૪૮૯૨ (રૂ. ૯૭૮.૪૦ પ્રતિ મણ) પ્રતિ ક્વિન્ટલ ટેકાના ભાવ જાહેર કર્યા છે. ભારત સરકારની પી.એમ.આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પી.એસ.એસ. હેઠળ રાજ્યમાં આ પાકોની ટેકાના ભાવે ખરીદી કરાશે.રાજ્યના તમામ જિલ્લાઓમાં ખરીફ પાકો મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવા ખેડૂતોની નોંધણી તા. ૩૧ ઓક્ટોબર સુધી કરવાની હતી, જેની સમયમર્યાદા આગામી તા. ૧૦ નવેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે વી.સી.ઈ. મારફતે વિનામૂલ્યે ઓનલાઈન નોંધણી નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલમાં કરાઈ છે. જેનો રાજ્યના ખેડુતોએ લાભ લેવા અનુરોધ છે.રાજ્યમાં વિવિધ ખરીદ કેન્દ્રો પર મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી લાભપાંચમ બાદ તા. ૧૧ નવેમ્બરથી તા. ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી કરાશે. રાજ્ય સરકાર દ્વારા ખેડુતો પાસેથી મગફળી, મગ, અડદ અને સોયાબીનની પુરતા પ્રમાણમાં ખરીદી કરવા માટે સરકારે આગોતરૂ આયોજન હાથ ધર્યું છે.

# ઈલેક્ટ્રીક સામાનની ખરીદીનો ચેક રિટર્ન અંગેના કેસમાં વેપારીને છ માસની કેદ

## રૂપિયા ૫૦ હજાર ૬ % વ્યાજ સાથે ચૂકવવા હુકમ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાંથી ઈલેક્ટ્રીક માલ સામાનની જથ્થાબંધ ખરીદી પેટે આપેલો રૂપિયા ૫૦,૦૦૦નો ચેક રિટર્ન થવાના કેસમાં દ્વારકાના રાજકોટવાસી વેપારીને અદાલતે છ માસની જેલની સજા અને ચેકની રકમ છ ટકાના વ્યાજ સહીત ફરિયાદીને ચૂકવી દેવા હુકમ કર્યો છે.રાજકોટમાં સરદારનગર વિસ્તારમાં રહેતા અને દ્વારકામાં દીપક ઈલેક્ટ્રીક સ્ટોર્સ ધરાવતા જીતેશ ઉર્ફે જીતુભાઈ જમનાદાસ થોભાણીએ રાજકોટ માં વિઝન માકેટીંગવાળા સનત વસંતલાલ પોપટ પાસેથી ઉધારીમાં ઈલેક્ટ્રીક સામાન ખરીદ કરેલો. સદરહુ માલનાં ખાતાના લેણા પેટે આપેલ રૂા. ૫૦ હજારનો ચેક અપુરતા ભંડોળને લીધે પરત થતાં સનત પોપટે જીતેશ થોભાણીને લીગલ નોટીસ આપ્યા છતા તેણે ચેકની રકમ ચુકવેલ નહી, આથી તેઓ સામે રાજકોટની કોર્ટમાં ફોજદારી કેસ દાખલ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા, ફરીયાદી તરફે હાજર રહેલ એડવોકેટ અશ્વિન જે. પોપટે રજૂ કરેલ હકીકતો અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના અલગ અલગ ચુકાદાઓને ધ્યાને લઈને નેગો. કોર્ટના મેજિસ્ટ્રેટ જે.એસ પ્રજાપતિએ આરોપી જીતેશ ઉર્ફે જીતુભાઈ જમનાદાસ થોભાણીને છ માસની જેલની સજા અને વળતર તરીકે ચેકની રકમ છ ટકાના વ્યાજ સહિત એક માસમાં ફરીયાદીને ચુકવી આપવા, જો એ મુજબ ન ચુકવે તો વધુ એક માસની જેલની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ તરીકે અશ્વિન જે. પોપટ અને કલ્પેશ એન. વાઘેલા રોકાયા હતા.

### :: સીવીલ કોર્ટ નોટીસ ::

રાજકોટના મહે. ૧૬માં એડી. સીનીયર સીવીલ જજ સાહેબ **શ્રી એસ. વી. મુદલીયાદર સાહેબની કોર્ટમાં દિ.પ.અ. ૨૨૭૦/૨૦૨૪ ના કામમાં અરજદાર શ્યામભાઈ બોઘાભાઈ મકવાણા** હે. રાજકોટના એ સ્વ. રંભાબેન ઉર્ફે રભીબેન બોઘાભાઈ મકવાણા તથા સ્વ. બોઘાભાઈ જુઠાભાઈ મકવાણાની સ્થાવર મિલકત કે જે (૧) ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની હદમાં આવેલ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૧૮૯ પૈકી ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે 'સિલ્વર નેસ્ટ' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી ૯-ટ નં. ૧૦૯ ની જમીન ચો.મી. ૧૨૩-૮૬ ઉપરના રહેણાંક મકાન આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ ૧૨/૨, સીટી સર્વે નં. ૫૦૯૯/બ/૧૦૯, જેના ટી. પી. સ્કીમ નં. ૭, એફ.પી.નં. ૧૧, ૧૨, ૧૩ છે. (૨) ગુજરાત રાજયના રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની હદમાં આવેલ રાજકોટ રેવન્યુ સર્વે નં. ૧૮૯ પૈકીની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે 'સિલ્વર નેસ્ટ' તરીકે ઓળખાતા વિસ્તારના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧૧૦ ની જમીન ચો.મી. ૯૪-૮૭ ઉપરના રહેણાંક મકાન આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ ૧૨/૨, સીટી સર્વે નં. ૫૦૯૯/બ/૧૧૦, જેના ટી.પી. સ્કીમ નં. ૭, એફ.પી.નં. ૧૧, ૧૨, ૧૩ છે. (૩) ગુજરાત રાજયના રાજકોટના શહેરના આજી નદીના ઉપલા કાંઠે પાંજરાપોળથી પુર્વ તરફ આવેલ અઘાટ લેખવાળી જમીન જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૨/૨, સીટી સર્વે નં. ૨૧૧૫ ની જમીન ચો.મી. ૨૭-૫૨ તથા સીટી સર્વે નં. ૨૧૧૬ ની જમીન ચો.મી. ૫૭-૫૨ એમ કુલ મળી જમીન ચો.મી. ૮૫-૦૪ બરાબર ચો.વા. ૧૦૧-૭૧ ઉપરના જુના રહેણાંક મકાન આવેલ છે. તે મિલ્કતનું હેઅરશીપ સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલ શ્રી ધર્મેશ યુ. વકીલ તથા શ્રી મનોજ એન. ભટ્ટ મારફત** અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી દિ.પ.અ. દાખલ કરેલ છે. તે સબંધે જે કોઈ વ્યક્તિને જાહેર નોટીસના અનુસંધાને વાંધા-જવાબ રજુ કરવા **મુદત તા. ૨૯-૧૧-૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે** અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવા ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
આજ **તા. ૨૨-૧૧-૨૦૨૪** ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યું.

**તૈયાર કરનાર** પી. ડી. લોટીયા આસીસ્ટન્ટ — કોર્ટનો સિકકો — **હુકમથી** જે. જે. ચાવડા રજીસ્ટ્રાર

### :: જાહેર નોટીસ ::

આથી હું સહી કરનાર અભિષેક ટી. વોરા-એડવોકેટ, રહે. ગોંડલ, તે અમારા અસીલ લીલાબેન વાઘજીભાઈ પીપળીયા, રહે. મોટા ઉમવાળાવાળાની સુચનાં અને ફરમાઈશથી આ જાહેર નોટીસ દ્વારા જાહેર જનતાને જાણ કરવાની કે..

અમારા અસીલોનાં પિતાશ્રી ભિખાભાઈ કચરાભાઈ ખાંટ(મકવાણા)ની લોધીકા તાલુકાના દેવગામનાં સર્વેનં. ૫૦૭, જુનાં સર્વેનં. ૧૫૫ પૈકી ૧, હે.આરે.ચો.મી. ૪-૨૧-૪૫, ની આવેલી છે. તથા અમારા અસીલ તથા સમજુબેન ભીખાભાઈ, તથા મુકતાબેન ભીખાભાઈની સર્વેનં. ૫૦૮, જુનાં સર્વેનં. ૧૫૫ પૈકી ૪, હે.આરે.ચો.મી. ૨-૧૦-૨૨, વાળી ખેતીની જમીન આવેલી છે. તથા સમજુબને ભીખાભાઈની લોધીકા તાલુકાના દેવગામનાં સર્વેનં. ૬૧૩, જુનાં સર્વેનં. ૧૯૧ પૈકી ૪, હે.આરે.ચો.મી. ૧-૨૮-૯૫, વાળી જમીનો આવેલી છે. ઉપરોકત તમામ જમીનમાં અમારા અસીલોનું હકક, હિત સમાયેલુ છે. જેથી અમારા અસીલે લોધીકાનાં મહેરબાન પ્રન્સિપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે. દી. કેસ. નં. ૯૭/૨૦૨૪ થી દાવો દાખલ કરેલ છે.

જેથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોકત તમામ ખેતીની જમીનમાં અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા વેંચાણ માટેની તજવીજ કરતા હોય, જેથી આ ઉપરોકત ખેતીની વેંચાણ રાખવી નહી, ગીરો કરવી નહી, કે કોઈપણ રીતે તબદીલ કરવા કોઈ કરાર કરવા નહી, જેની આથી દરેક લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

ગામ : ગોંડલ, તા. ૩૧-૧૦-૨૦૨૪
ઓફીસ : શ્રી રામ કોમ્પલેક્ષ, ડો. રાદડિયા હોસ્પીટલ સામે, ગોંડલ
મો. ૭૦૧૬૩ ૮૦૪૮૬
**અભિષેક ટી. વોરા એડવોકેટ**

નૂતનવર્ષાભિનંદન




સરમણભાઈ સોલંકી
પૂર્વ પ્રમુખ, તાલુકા પંચાયત

સંકુલ - નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ - નિમંત્રણ
★ સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ-સ્ટુડન્ટ્સ-પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.
તારીખઃ- ૦૨/૧૧/૨૦૨૪ શનિવાર સમયઃ- સાંજનાં ૦૪:૩૦ થી ૦૫:૩૦
KG થી PG સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ - દિવાળી વેકેશન નવા પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢરોડ, અમરેલી -Ad 069

સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ
દિવાળીની હાર્દિક શુભકામના...
HATHI CEMENT
Sidhee CEMENT
Snowcem PAINTS
1800 8898 234
customercare@mehtagroup.com

# રોશનીનો ઉત્સવ દરેકના જીવનને પ્રકાશિત કરે: સાંસદ મોકરિયા

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**



સંસદસભ્ય (રાજ્યસભા) રામભાઈ મોકરીયાએ દિવાળીનાં તહેવાર નિમિત્તે તમામ લોકોને દિવાળી અને નૂતન વર્ષની શુભકામના પાઠવી છે. દિવાળીએ હિન્દુ ધર્મનો મહત્વપૂર્ણ તહેવાર છે.દિવાળીનો તહેવાર ભારત અને બીજા ઘણા દેશોમાં જ્યાં ભારતીય લોકો રહે છે ત્યાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. દીપાવલીને દીપનો ઉત્સવ તરીકે પણ ઓળખવામાં આવે છે. કહેવાય છે કે આ દિવસે ભગવાન રામ રાવણને હરાવીને ૧૪ વર્ષનો વનવાસ પૂરો કર્યા પછી અયોધ્યા પાછા ફર્યા હતા.

ભગવાન રામના આગમનથી આનંદિત થયેલી અયોઘયાની પ્રજાએ દિવાઓ પ્રગટાવી તેમનું સ્વાગત કર્યુ હતુ. આખુ અયોધ્યા નગર રોશનીથી ઝગમગી ઉઠયુ હતુ. ત્યારથી દર વર્ષે હિન્દૂ સંસ્કૃતિમાં આ દિવસ દિવાળીના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. લોકો આજે પણ આ તહેવાર આનંદ સાથે ઉજવે છે. શાળાઓ, કોલેજો અને કચેરીઓમાં પણ દિવાળી ખૂબ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. દિવાળીમાં લોકો એકબીજાને શુભેચ્છા પાઠવે છે, ઘણી ભેટો અને મીઠાઈઓ આપે છે. સંસદસભ્ય (રાજ્યસભા) રામભાઈ મોકરીયાએ દીપાવલી પર્વમાં તમામ લોકોનાં જીવનમાં સુખ, સંપત્તિ, આયુષ્ય, સલામતી, સૌભાગ્ય, સમૃદ્ધિ અને સદભાવના ની જ્યોત ઝગમગતી રહે, તમામ પરિવાર સંપૂર્ણ આનંદમાં રહે તથા રોશનીનો ઉત્સવ તમામ પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી છે.

# સદ્ગુરૂ પરિવાર ટ્રસ્ટ-રાજકોટ દ્વારા તા.૭ નવેમ્બરથી ૪૫મો નેત્રયજ્ઞ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

પુ.સદગુરૂદેવ રણછોડદાસજી મહારાજના પગલે ચાલી પુ.સદ્દગુરૂદેવે સદેહે જઈ રાજ્ય બહાર જઈ નેત્રયજ્ઞો યોજેલ તે સ્થળે જઈ આંખના ઓપરેશન, નેત્રમણી, દવા, ચા-નાસ્તો, જમવા-રહેવાની ફ્રી સુવિધા સાથેના ૪૫મા નેત્રયજ્ઞનું સદ્દગુરૂ પરિવાર ટ્રસ્ટ રાજકોટ દ્વારા આયોજન થયાનું ટ્રસ્ટના પ્રમુખ શાંતુભાઈ રૂપારેલીયા અને જાણીતા કરવેરા સલાહકાર ધવલભાઈ ખખ્ખર તથા હસુભાઈ ચંદારાણાની યાદીમાં જણાવ્યું છે.

ટ્રસ્ટના પૂર્વ પ્રમુખ સ્વ.દાનાબાપા ડાંગર અને તેમની માફક પોતાની કરવેરા સલાહકાર તરીકેની ધીકતી પ્રેક્ટીસમાંથી નિવૃત્તિ લઈ સેવા કાર્યમાં ઓતપ્રોત બનેલા ટ્રસ્ટના પૂર્વ ખજાનચી સ્વ.ઈશ્વરભાઈ ખખ્ખર આ બંને મહાનુભાવોના સેવા કાર્યની જ્યોત સતત જલતી રહે તે માટે નવી ટીમ દ્વારા સતત સેવાકાર્ય ની મિશાલ જલતી રાખવાનો સંકલ્પ કરી તેને અમલમાં મુકેલ હોય લોકોને પણ અવિરત સહકાર આપવા નમ્ર અપીલ કરાઈ છે.

તા.૭ નવેમ્બર ૨૦૨૪ થી શરૂ થઈ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી નેત્રયજ્ઞ કેમ્પ અનુક્રમે ઈન્દોર (મધ્યપ્રદેશ) ખાતે યોજવામાં આવશે દર્દીઓને શોધી શોધીને તેમને વાહનમાં લઈ જીલ્લા । અંધત્વ નિવારણ સમિતિ અને શંકરા આઈ સેન્ટર, વિજય નગર-ઈન્દોર મધ્યપ્રદેશ ખાતે ઓપરેશન થશે.પુ.ગુરૂદેવે પોતાના શિષ્યોને સોનેરી શીખ આપતા જણાવેલ મુજબ મુજે ભૂલ જાના નેત્ર યજ્ઞ મત ભૂલના.

આ સમગ્ર પ્રોજેકટની પ્રાથમિક તૈયારીઓ તથા દર્દીઓના સર્વે અને અન્ય આનુસાંગિક સેવા માટે ચંદુભાઈ રાઠોડના નેતૃત્વ હેઠળ જોરૂભા ગઢવી, શૈલેશભાઈ મેઘાણી, ઘનશ્યામભાઈ, વિજયભાઈ, શૈલેશભાઈ, શિવજીભાઈ, નરશીભાઈ, નીમુબેન, લાભુબેન, હરેશભાઈ, દેવશીભાઈ, કિશોરભાઈ, જયસુખભાઈ, રણછોડભાઈ ની ટીમ ઈન્દોર (એમ.પી) જવા રવાના થશે.

પૂજ્ય શ્રી રણછોડદાસજી મહારાજે ચીંધેલા માર્ગ જેમાં રોટી પે રોટી ચઢાવો, નેત્રહીન કો નેત્ર, પ્યાસે કો પાની, મરીજો કો દવા આ બધાનો સમન્વય કરી સદ્દગુરૂ પરિવાર ટ્રસ્ટ દ્વારા છેલ્લા । ૨૯ વર્ષથી આ પ્રવૃતિ ચલાવાય છે. ગરીબોને ઉનાળામાં છાશ, ખીચડી(પ્રસાદ)વિગેરે સેવા આપતી આ સંસ્થા પાસે નથી કોઈ ગાદી, નથી કોઈ મંદિર કે નથી દાનપેટી છતાં પુ રણછોડદાસજી મહારાજ અને પુ.હરિચરણદાસજી મહારાજની અમી દ્રષ્ટિથી ટ્રસ્ટ દ્વારા મેગા પ્રોજેક્ટ પરિપૂર્ણ થઈ જાય છે.ટ્રસ્ટ દ્વારા આજ દિવસ સુધીમાં ૪૪ નેત્રયજ્ઞો કરેલ છે. જેમાં અત્યાર સુધીમાં ઈન્દોર ખાતે એક લાખથી વધુ મોતિયાના ઓપરેશન કરેલ છે.

સમગ્ર ટ્રસ્ટના આ મેગા પ્રોજેક્ટ માટે રમેશભાઈ રાચ્છ, મુકેશભાઈ પાબારી, રાકેશભાઈ રાજદેવ, હરીશભાઈ લાખાણી, અશ્વિનભાઈ મોરજરીયા, વિજયસિંહ ઝાલા, રાજુભાઈ કાનાબાર, રાવતભાઈ ડાંગર, મહેન્દ્રભાઈ રાજવીર, વિનુભાઈ તળાવીયા, ભરતભાઈ પોપટ, નિખીલભાઈ રાઠોડ, ભાવેશભાઈ ચંદારાણા, જોરૂભાઈ જોગડા, પ્રકાશભાઈ ભુવા, નીતિનભાઈ રાયચુરા, રણજીતસિંહ પઢીયાર, જગદીશભાઈ ગણાત્રા, દિનેશભાઈ તન્ના, રમેશભાઈ મેહતા(ઈન્દોર), મુકેશભાઈ સચદેવ, મહેન્દ્રભાઈ બુવારીયા, જયસિંહ પઢીયાર, અમીચંદભાઈ હિંડોચા, હર્ષદભાઈ જોશી વિગેરેનું માર્ગદર્શન મળે છે તેમ ટ્રસ્ટની યાદીમાં જણાવાયું છે.

**હેપી બર્થ-ડે**

## જીપીએસસીના પૂર્વ ચેરમેન નલિન ઉપાદયાયનો આજે જન્મદિવસ



ગુજરાત સર્વિસ પબ્લિક કમિશનના પૂર્વ ચેરમેન નલિન ઉપાધ્યાય (આઈએએસ)નો આજે તા.૩૧ ઓક્ટોબરના રોજ જન્મદિવસ છે. યોગાનુયોગ આજે દિવાળીના પાવન દિવસે તેમનો જન્મદિવસ આવતા પરિવારની ખુશી બમણી થઇ છે. મુળ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના ચોઈલી ગામના વતની અને વર્ષ-૨૦૦૪ની બેચના સિનિયર આઈએએસ ઓફિસર નલિન ઉપાદયાય અગાઉ વડોદરા મ્યુનિસિપલ કમિશનર, ગુજરાત રાજ્યના માહિતી નિયામક, સહકાર વિભાગના સચિવ, રાજકોટ ડીડીઓ, જામનગર જિલ્લા કલેકટર, રજિસ્ટ્રાર ઓફ કો-ઓપરેટિવ સોસાયટીઝ સહિત રાજયભરમાં વિવિધ સ્થળોએ વિવિધ પદ ઉપર પ્રશંસનીય ફરજ બજાવી ચુક્યા છે, રાજકોટ ડીડીઓ તરીકે તેમનો કાર્યકાળ ખુબ યાદગાર રહ્યો હોય રાજકોટ શહેર અને જિલ્લાની જનતા આજે પણ તેમને માનભેર યાદ કરી રહી છે. ગઈકાલે જ તેઓ વય નિવૃત્ત થતા તેમનો ભવ્ય વિદાય સમારોહ યોજાયો હતો. તેઓ જાણીતા મોટીવેશનલ સ્પીકર પણ છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા નલિન ઉપાધ્યાય આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિતની અનેક ઈવેન્ટ્સમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચુકયા છે તેમજ આજકાલ દૈનિક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઇ ચુક્યા છે. જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકચાહના હાંસલ કરે તેમજ સિધ્ધિ-પ્રસિધ્ધીના નવા સોપાનો સર કરે તેવી આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. આજે સવારથી તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૯૮૫ ઉપર રાજકોટ સહિત રાજયભરમાંથી શુભેચ્છાઓ વરસી રહી છે.

# બીએપીએસ મંદિરે ઉજવાયો દીપોત્સવી પર્વ

## ૨૦૦૦થી અધિક વ્યાપારીઓએ વૈદિક પૂજનવિધિનો લાભ લીધો

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**



કાલાવડ રોડ પરના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરને દીપોત્સવી પર્વે સુંદર દીવડા, તોરણ તેમજ કલાત્મક રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યું છે.

દીપાવલીના પર્વે પ્રમુખસ્વામી સભાગૃહમાં વૈદિક ચોપડા પૂજન વિધિ યોજવામાં આવી હતી. સભાગૃહમાં પ્રવેશ કરતા સંતો ભક્તોને નાડાછડી બાંધી આપતા હતા. સંતો વિશ્વેશતીર્થ સ્વામી અને અમૃતકીર્તન સ્વામીએ ૨૦૦૦થી અધિક ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓને વૈદિક પૂજનવિધિમાં જોડ્યા હતા. અંતમાં અપૂર્વમુનિ સ્વામી દ્વારા તમામ હરિભક્તોને પૂજાપાના પાના પર આશીર્વચનનું લેખન કરાવવામાં આવ્યું હતું અને પ્રગટ ગુરુહરિ મહંતસ્વામી મહારાજના વિડીયો આશીર્વચનનો પણ લાભ પ્રાપ્ત થયો હતો.

દિવાળીએ ઠાકોરજી સમક્ષ ભવ્ય કલાત્મક દિવડાઓની રંગોળી રચવામાં આવી હતી. ભક્તો-ભાવિકોએ હજારો દીવડાઓના શણગાર રચિતઠાકોરજીની આરતી દ્વારા વર્ષની અંતિમ સંધ્યા આરતી કરી હતી. નૂતન વર્ષના પ્રથમ દિને ઠાકોરજીને નવા વાઘા પરિધારણ કરાવવામાં આવશે અને શણગાર આરતી દ્વારા વર્ષના પ્રથમ દિને ભક્તો ભાવિકો ભગવાન સમક્ષ પ્રાર્થના કરી દિનનો પ્રારંભ કરશે. મહંતસ્વામી મહારાજના માર્ગદર્શનથી રાજકોટ મંદિર ખાતે ૧૫૦૦થી અધિક શુધ્ધ, સાત્વિક અને શાકાહારી વાનગીઓનો અન્નકૂટ રચાશે. ઠાકોરજી સમક્ષ હિન્દુ પરંપરાગત શૈલી પ્રમાણે અન્નકૂટ રચવામાં આવશે. જેમાં પ્રથમ ગોળાકારમાં મિષ્ટાનો ગોઠવાશે, દ્વિતીય ગોળાકારમાં દાળ, ભાત, કઠોળ વગેરે વાનગીઓ ગોઠવાશે. મધ્યમાં રાંધેલા ચોખાનો ગોવર્ધન પર્વત રચવામાં આવશે. રાજકોટના રાજકીય અને સામાજીક આગેવાનો તેમજ અગ્રણી મહાનુભાવોની હાજરીમાં અન્નકૂટની પ્રથમ આરતીનો ૧૧:૦૦ વાગ્યે થશે. ત્યારબાદ દર કલાકે સાંજે ૭:૦૦ વાગ્યા સુધી અન્નકૂટ આરતી થશે. દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેના શિસ્તબદ્ધ આયોજન માટે કાર્યકરોની ટીમ ખડે પગે સેવામાં રહેશે. અન્નકૂટ ઉત્સવનો પ્રસાદ રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના હજારો ભાવિકો સુધી પહોંચાડવામાં આવશે.

અદ્દભુત સુશોભન, સુંદરતા અને શ્રદ્ધાનાત્રિવેણી સંગમ સાથે નૂતન વર્ષે આયોજીત અન્નકૂટ ઉત્સવમાં રાજકોટના તમામ શહેરીજનોને પરિવાર-મિત્રજનો સહિત દર્શન-આશીર્વાદનો લાભ લેવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર વતી કોઠારી બ્રહ્મતીર્થ સ્વામી અને સંત નિર્દેશક અપૂર્વમુનિ સ્વામીએ અનુરોધ કરેલ છે.

# અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા દિવાળીની સેવાકીય ઉજવણી

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**



અખિલ હિન્દ મહિલા પરિષદ રાજકોટ શાખા દ્વારા દિવાળી પર્વ નિમિત્તે વિવિધ સ્થાનો ઉપર ખૂબ જ પ્રેરણાદાયી કાર્યક્રમો આયોજિત કરવામાં આવ્યા હતા. દિવાળી પર્વ નિમિત્તે રોટરી કલબના સહયોગથી જરૂરિયાત મંદોને વસ્ત્રોનું વિતરણ, રામનાથપરા શેરી શાળા ખાતે સવિશેષ રીતે આર્થિક પછાત વર્ગમાંથી આવતા બાળકોને દિવાળી પર્વ નિમિત્તે પૌષ્ટિક નાસ્તાનું વિતરણ તેમજ દૂર દૂરના વિસ્તારોમાં કાર્યરત શ્રમજીવી મહિલા કાર્યકર્તાઓને દસ દિવસ ચાલી શકે તેવો આરોગ્યપ્રદ અને પૌષ્ટિક નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અખિલ હિન્દ મહિલા પરિષદના પ્રમુખ ભાવના જોશીપુરાની પ્રેરણાથી પરિષદમાં સ્વૈચ્છિક રીતે કાર્યરત સર્વે બહેનો દ્વારા દિવાળી પર્વની ઉજવણી સામૂહિક સ્વરૂપે કરવામાં આવી હતી.

રામનાથપરા શેરી શાળા ખાતે દિપાવલી પર્વમાં ચલો જલાયે દીપ જહા અભી ભી અંધેરા હૈની ઉક્તિને સાર્થક કરતી નૃત્ય નાટિકા આર્થિક પછાત વિસ્તારના પરિવારોના બાળકોએ રજૂ કરી હતી. આ નૃત્ય નાટિકામાં સ્વચ્છતા, નાની બચત તેમજ સામાજિક સમરસતાની થીમને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી. રામનાથપરા શેરી શાળા ખાતેના પૌષ્ટિક નાસ્તા માટે હાર્દિકભાઈ દાવડા તેમજ તેમની સમગ્ર ટીમનો સહયોગ પ્રાપ્ત થયો હતો. મહિલા પરિષદની બહેનો દ્વારા સ્વૈચ્છિક રીતે કાર્યરત સ્વાવલંબી મહિલા કાર્યકર્તાઓ તેમજ વિકાસ ટ્રસ્ટના બહેનોએ દિવાળી પર્વ નિમિત્તે વિવિધ વિસ્તારોમાં મહિલાઓના સમૂહ સામાજિક સમરસતાના સંદેશ સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

# ૮મીના સૌરાષ્ટ્ર ઝોનના ઈંટ ઉત્પાદકોની જનરલ સભા યોજાશે

### સૌરાષ્ટ્ર કચ્છ ઈંટ ઉત્પાદક સંઘના રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જિલ્લા અને તાલુકા કક્ષાના હોદ્દેદારો અને ઈંટ ઉત્પાદકો ઉપસ્થિત રહેશે

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

સૌરાષ્ટ્ર કચ્છ ઈંટ ઉત્પાદક સંઘ દ્વારા આગામી તા.૮ને શુક્રવારના રોજ સાંજના ૪ કલાકે ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિની વાડી નં.૧, રામનાથપરા, રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનના ઈંટ ઉત્પાદકોની એક બેઠક રાજય સરકાર સમક્ષના પડતર પ્રશ્નોએ સમીક્ષાની મુખ્ય એજન્ડાએ મળનાર છે. જેમાં સૌરાષ્ટ્ર કચ્છ ઈંટ ઉત્પાદક સંઘના રાજકોટ સહિત સૌરાષ્ટ્રના જિલ્લા અને તાલુકા કક્ષાના હોદ્દેદારો અને ઈંટ ઉત્પાદકો ઉપસ્થિત રહેનાર છે.

હાથ બનાવટની ઈંટોનું ઉત્પાદન કરતા પરિવારોને સરકારી પડતર જમીન પ્રર્વતમાન જંત્રી દરના એકવડા દરથી ફાળવવાની નીતિ વિષયક પડતર દરખાસ્તને મંજુર કરવી, હાથ બનાવટની ઈંટોનું ઉત્પાદન કરતા પરિવારોને કુટુંબ દિઠ ૨૫૦૦ ચો.મી. જમીન ફાળવવાની મર્યાદા નિર્ધારિત કરવી, આ બન્ને મુદ્દાઓને લઈને લાંબા સમયથી સરકાર સમક્ષના પડતર પ્રશ્નોના સત્વરે ઉકેલ માટે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરવાની બાબતે આ બેઠકમાં નિર્ણાયક ચર્ચા કરવામાં આવશે.

# નુતન વર્ષે બ્રહ્મસેનાના સંગઠનની પુનઃ રચના થશે

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

બ્રહ્મસેના દ્વારા નુતન વર્ષે મુખ્ય કારોબારી સભ્ય હોદ્દેદારો સિવાય તમામ સભ્યો, હોદેદારો સમિતિ રદ થશે નુતન વર્ષથી પુનઃ સંગઠન રચના કરાશે. બ્રહ્મસેના સમગ્ર ગુજરાત રાજયક્ષેત્રમાં વિવિધ શહેર, જિલ્લા, તાલુકાઓ પૈકીના ગ્રામ્ય વિસ્તારોમાં સહિત મહારાષ્ટ્ર રાજયના મુંબઈ સુધી કાર્યરત ૨૫ વર્ષથી હોય જે શિક્ષણ, રોજગાર, સંસ્કૃતિ સિંચન, સ્વરક્ષણ અને સંગઠન દ્વારા કાર્યરત છે. ત્યારે હરહંમેશા મુજબ વિક્રમ સંવત મુજબ દિવાળીના દિવસે વર્ષાંતે પુર્ણ થાય છે ત્યારે બ્રહ્મસેનાની મુખ્ય કારોબારી સભ્ય સિવાય બીજા તમામ સભ્ય હોદ્દેદારોના પદ રદ થશે ત્યારબાદ નુતન વર્ષ વિક્રમ સંવત મુજબ ૨૦૮૧થી પુનઃ સંગઠન રચના કરવામાં આવશે. બ્રહ્મસેના મો.નં.૯૯૦૯૫ ૯૦૧૦૨ મીસ કોલ કરીને સભ્ય નોંધણી કરી શકાય છે. સમગ્ર ગુજરાત રાજયના બ્રાહ્મણસમાજના ભાઈઓ, બહેનો, વડીલો, યુવાનો જોડાઈ શકશે.

# શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સરદાર પટેલને ભાવાંજલિ

**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

આજરોજ અખંડ ભારતના એકતાના શિલ્પી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ૧૪૯ મી જન્મ જયંતી નિમિત્તે અને ઈન્દિરાજીની પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રેસકોર્સ ખાતે લોખંડી પુરુષ સરદાર પટેલની પ્રતિમાને અને યુનિવર્સિટી રોડ પર ઈન્ડિયા સર્કલ ખાતે ઈન્દિરા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા મહિલા કોંગ્રેસ પ્રમુખ દિપ્તીબેન સોલંકી, ધરમભાઈ કાંબલીયા, ડી પી મકવાણા, મેઘજીભાઈ રાઠોડ, ગીરીશભાઈ પટેલ, રાહુલ સોલંકી, ગજેન્દ્રસિંહ ઝાલા, જયંતીભાઈ હિરપરા, જીગ્નેશભાઈ બોરડ, લાખાભાઈ ઊંધાડ, શાંતાબેન મકવાણા, સલીમભાઈ કારિયાણી, ઠાકરશીભાઈ ગજેરા, જીતુભાઈ ઠાકર સહિતના કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## એઈડ્સ પ્રિવેન્સન કલબના અરૂણ દવેનો રવિવારે જન્મદિવસ

છેલ્લા ચાર દાયકાથી વિવિધ સેવાકીય ક્ષેત્રે વિશિષ્ઠ સેવા કાર્ય કરતા અરૂણ દવેનો રવિવારે જન્મ દિવસ છે. તેઓ ૬૬માં વર્ષમાં પ્રવેશ કરશે. બાળ પ્રવૃતિથી બ્લડ બેંક અને બાદમાં કેન્સર જાગૃતિ અભિયાન ચલાવીને એઈડ્સ સામે જનજાગૃતિ અભિયાન શરૂ કરીને એઈડ્સ પ્રિવેન્સન કલબની સ્થાપના કરી હતી. દુનિયાની સૌથી મોટી રેડ રીબન વિદ્યાર્થીઓ દ્વાર નિર્માણ કરીને વર્લ્ડ રેકોર્ડ કર્યો હતો. જન્મ દિવસના અવસરે વૈશ્વીક અને એઈડ્સ સંદર્ભમાં કાર્યક્રમોમાં ભાગ લઈને યુવાધનના માર્ગદર્શક તરીકે કાર્ય કરનાર દવેની સંસ્થાઓએ તેના કાર્યોની સરાહના કરી છે. અરૂણ દવેને જન્મદિવસે મિત્ર વર્તુળો તરફથી તેમના મો.નં.૯૮૨૫૦ ૭૮૦૦૦ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# એસએમવીએસ મંદિરે નવા વર્ષે અન્નકૂટ ઉત્સવ

**આજકાલ કાર્યાલય-રાજકોટ**

સ્વામિનારાયણ સંપ્રદાયમાં વર્ષ દરમયાન અનેક ઉત્સવોઆવતા હોય છે જે ને ભક્તો પોતાના ભાવ અને પ્રેમ સાથે ઉજવતા હોય છે આવા અનેક ઉત્સવોમાંનો એક ઉત્સવ એટલે નવા વર્ષના પ્રથમ દિવસે જ આવતો અન્નકૂટોત્સવ. આ ઉત્સવ સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ મંદિરમાં ઉજવાતો હોય છે. સંતો - ભક્તો નવા વર્ષે અન્નકૂટમાં વિવિધ વાનગીઓ બનાવી ભગવાનને ધરાવી પોતાની ભક્તિ અર્પણ કરતા હોય છે. નવા વર્ષના આ પ્રથમ દિવસે હજારો ભક્તોને ભગવાનના અન્નકૂટ જમાડતા દર્શનનો લાભ મળતો હોય છે. સંસ્થાના વર્તમાન સત્યસંકલ્પદાસ સ્વામીની પ્રેરણાથી એસએમવીએસ સ્વામિનારાયણ મંદિર રાજકોટ, માધાપર ચોકડી , જામનગર રોડ, ખાતે નુતન વર્ષે એટલેકે તા.૨-૧૧ને શનિવારે સવારે ૯:૩૦વાગ્યે ભવ્યાતિભવ્ય અન્નકૂટની આરતી થશે. જેના દર્શન બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી ખુલ્લા । રેહશે. રાજકોટના ભક્તોને દર્શન કરવા માટે એસએમવીએસ મંદિરના સાધુ અદભુતસ્વરૂપદાસ અને સાધુ સહજાનંદપ્રિયદાસ તથા અગ્રેસરો હરિભક્તોએ અનુરોધ કર્યો છે.

# વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી ડે. કલેકટરના હસ્તે વિમોચન



**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

રાજકોટથી રમ્ય પબ્લિકેશન દ્વારા પ્રકાશિત કલા-કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરતા વિશ્વકર્મા વિશ્વના ૨૦૨૪ના દીપોત્સવી વિશેષાંકનું વિમોચન સુરેન્દ્રનગર જીલ્લા ।ના નવ નિયુકત ડેપ્યુટી કલેકટર આરઝુબેન અલ્કેશભાઈ ખંભાયતાના હસ્તે તેમની કચેરીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અખિલ વિશ્વકર્મા સુથાર સંઘના અધ્યક્ષ અને રાજકોટની કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઈ છનિયારા, અલ્કેશભાઈ ખંભાયતા (સી.એ. સચિવાયલય-ગાંધીનગર), તેમજ વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર ઉપસ્થિત રહયા હતા. વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી અંકનું વિમોચન કર્યા બાદ આરઝુબેન ખંભાયતાએ પ્રતિભાવ વ્યકત કરતા કહયું કે, કલા-કારીગરી, કૌશલ્ય અને સાહિત્યને ઉજાગર કરવાનું કાર્ય કરી રહયું છે. વિશ્વકર્મા વિશ્વનો વ્યાપ દિન પ્રતિદિન વધતો રહે તેવી શુભેચ્છા પણ વ્યકત કરી હતી. અને સૌને દીપોત્સવી પર્વની શુભેચ્છા વ્યકત કરી હતી.

વિશ્વકર્મા વિશ્વના દીપોત્સવી વિશેષાંકમાં સુપ્રસિદ્ધ લેખકો નીતિન વડગામા, ગીતા માણેક, આશુ પટેલ, જોરાવરસિંહ જાદવ, નટવર આહલપરા, પલ્લ વી જીતેન્દ્ર મિસ્ત્રી, ડો. વિષ્ણુ પ્રજાપતિ, અમુલ પરમાર, દિનેશ પંચાલ, દિનેશ ગજજર સહિતના લેખકોની કલમ પ્રસાદી પીરસવામાં આવી છે.

## સમસ્ત મહાજનના ટ્રસ્ટી નૂતન દેસાઈનો આજે જન્મદિવસ



પાણી અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરતા મહિલા શ્રેષ્ઠી, વૈશ્વિક સ્તરે જળ, જન, જંગલ, જમીન અને જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં ટ્રસ્ટી નુતનબેન દેસાઈનો આજે જન્મદિવસ છે. પાણી એ જીવનનો દોર છે વધતું જતું શહેરીકરણ અને પાણીની અછત માટેનું આયોજન હાલમાં વિશ્વભરમાં ચિંતાઓનું કારણ બની રહ્યું છે. જેને ધ્યાનમાં રાખીને દેશ અને રાજ્યમાં વિવિધ સ્તરે જળ સંચયના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. નદીઓ અને નહેરોને અલગ-અલગ સ્તરે ઉંડા કરીને ભૂગર્ભમાં વધુમાં વધુ પાણી કેવી રીતે પંપ કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

## રાજય આચાર્ય સંઘના ઉપપ્રમુખ પંડયાનો જન્મદિવસ



આત્મીય યુનિવર્સિટી સ્થિત હ.લ.ગાંધી વિદ્યાવિહાર ખાતે છેલ્લા । ૨૪ વર્ષ થયા આચાર્ય તરીકે ફરજ બજાવતા સંજયભાઈ પંડ્યાનો આજે ૫૫મો જન્મદિવસ છે. તાજેતરમાં જ તેઓની ગુજરાત રાજય આચાર્ય સંઘના સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ તરીકે બિન હરીફ વરણી થયેલી હતી. સંજયભાઈ પંડયાએ રાજકોટ શહેર આચાર્ય સંઘમાં ૪ ટર્મ સુધી રાજકોટ શહેરના પ્રમુખપદ પર પોતાની સેવાઓ, ઉપરાંત રાજકોટ શૈક્ષણિક સંકલ સમિતિના અધ્યક્ષ તરીકે કાર્યરત રહી શિક્ષણના વિવિધ પ્રશ્નોના ઉકેલમાં સક્રિય યોગદાન આપેલ હતું. હાલમાં પણ તેઓ ગૌતમ શાળા વિકાસ સંકુલના કન્વીનર, ઉચ્ચતર શિક્ષક ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના મહાત્મા ગાંધી શિક્ષક ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીના ડાયરેકટર તરીકે કાર્યરત છે. ઔદિચ્ય ગઢિયા બ્રહ્મસમાજ રાજકોટના કો.ઓપ્ટ સભ્ય તરીકે સેવારત છે.શિક્ષણ આલમમાં વિશાળ લોકચાહના અને બહોળું મિત્ર વર્તુળ ધરાવતા સંજયભાઈ પંડ્યાના આજના જન્મદિવસએ આત્મીય યુનિ.ના સંતવર્ય ત્યાગવલ્લ ભ સ્વામી અને સમગ્ર

## પાટીદાર સમાજ દ્વારા જીવનસાથી પસંદગી સમારોહ

**આજકાલ કાર્યાલય-રાજકોટ**

ગુજરાત રાજ્યમાં વસતા તમામ પાટીદાર પટેલ જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે લગ્ન સંબંધી માહિતી નામ, જન્મ તારીખ, અભ્યાસ, ઉંચાઈ, વજન, ફોટોગ્રાફ, માતા-પિતાનો સંપર્ક નંબર, મોસાળપક્ષ વગેરે જરૂરી માહિતી વિનામૂલ્યે મળશે. આ મિલન કાર્યક્રમમાં પુખ્ત ઉંમર, ઉચ્ચ અભ્યાસ, ઓછો અભ્યાસ, રીમેરેજવાળા ઉમેદવાર તમામ ભાગ લઈ શકશે. સગપણ બાકી હોય, રસ ધરાવનારા યુવક-યુવતિએ તાજેતરનો ફોટો-બાયોડેટા સાથે તા.૩થી ૧૦ નવેમ્બર-૨૪ સુધીમાં સવારે ૯થી ૧૨માં સમસ્ત પાટીદાર પટેલ સમાજ, કોપર આર્કેડ, મવડી પ્લોટ મેઈન રોડ, વિશ્વેશ્વર મંદિર સામે, રાજકોટ ખાતે આપવાની રહેશે. વધુ માહિતી માટે મો.નં.૯૯૨૪૦ ૨૩૩૪૪ સંપર્ક કરવા જણાવ્યું છે.

# દૂધ સંઘના પ્રતિનિધિ તરીકે વિજય સખિયાની નિમણૂક


**આજકાલ કાર્યાલય**
**રાજકોટ**

રાજકોટ જિલ્લા । સહકારી બેન્ક દ્વારા રાજકોટ દૂધ સંઘના નિયામક મંડળના બેન્કના પ્રતિનિધિ તરીકે વિજયભાઈ સખીયાની નિમણૂક કરેલ છે. રાજકોટ દૂધ સંઘની આજની નિયામક મંડળની બોર્ડ બેઠકમાં હાજર રહેલ સંઘના નિયામક વિજયભાઈ સખીયાને અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા, રાજકોટ દુધ સંઘના નિયામક મંડળ તથા ઈ.મેનેજીંગ ડિરેકટર દ્વારા આવકાર કરવામાં આવેલ અને વિજયભાઈ સખીયાને ફુલહાર અને પુષ્પગુચ્છ આપી અભિવાદન કરવામાં આવ્યું હતું.



# જનકલ્યાણ ટ્રસ્ટના અંગદાન જાગૃતિ અભિયાનમાં ૫૮૪મું ચક્ષુદાન

**આજકાલ કાર્યાલય-રાજકોટ**



હરિભાઈ ભોવાનભાઈ કાલાવડિયાનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૮૪મું ચક્ષુદાન. આ ઓકટોબર-૨૪ના મહિનામાં દસમું (૧૦)મું ચક્ષુદાન છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાનની વધુ માહિતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશ મહેતા મો.૯૮૨૮૫ ૦૬૦૧૧નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# સત્ય સાંઈ સેવા સમિતિ દ્વારા જેનેરીક દવાનું નિઃશુલ્ક વિતરણ

**આજકાલ કાર્યાલય-રાજકોટ**

સત્ય સાંઈ સેવા સમિતિ, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે તે વિતરણ તહેવારોને અનુલક્ષીને આગામી તા.૩-૧૧ને રવિવારના રોજ મુલતવી રાખવામાં આવેલ છે. આ મુલતવી રાખેલ દવા વિતરણ તા.૬ને બુધવારના સાંજે ૭-૦૦ વાગ્યે સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટના પ્રાર્થના ખંડમાં વિનામૂલ્યે આપવામાં આવશે.

શુભ દિપાવલી

બેરોજગારીનો ઉકેલનો વિકલ્પ ડાયમંડ ઉદ્યોગ.
હજારો બેરોજગારોને રોજગારી.
વિશ્વાસ, વફાદારી અને પ્રમાણિકતાનું મુખ્ય ધ્યેય.

**જૂનાગઢ ડાયમંડ એસોશીએશન**

વિનુભાઈ ઝાલાવાડીયા — મંત્રી
વિજયભાઈ રાણપરીયા — પ્રેસીડેન્ટ



# નોબલ પ્રાયમરી સ્કૂલ - હાઈસ્કૂલ

- કે.જી. થી હાઈસ્કૂલ સુધીનો સળંગ અભ્યાસ
- સાયન્સ વિભાગની ત્રણ પ્રયોગશાળાની વ્યવસ્થા
- અતિઆધુનિક નોબલ કોમ્પ્યુટર સેન્ટર

એસ.ટી. બસ સ્ટેશન પાછળ, પાર્થ એપાર્ટમેન્ટ પાસે, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૩૩૫૬૭, ૨૬૩૧૬૬૪

સંચાલક : કે.ડી. પંડ્યા



## દિપાવલીની હાર્દિક શુભકામના

જૂનાગઢ પૂર્તિ સંકલન
**શૈલેષ પારેખ**
મો. ૯૮૭૯૫ ૨૧૨૦૮
આજકાલ પ્રતિનિધિ-જૂનાગઢ



દિપાવલીની હાર્દિક શુભકામના

જનસેવા એ જ પ્રભુ સેવા
સેવા એક તક

## લાયન્સ કલબ ઓફ-માણાવદર

સુવર્ણ જયંતી વર્ષ (૧૯૬૭-૨૦૧૭)

- લાયન્સ ઈન્ટરનેશનલ ડી.૩૨૩૨ J ની એક ગૌરવંતી સંસ્થા
- ૫૫ વર્ષથી માણાવદર તાલુકા વિસ્તારમાં આરોગ્ય, સામાજીક, શૈક્ષણિક ક્ષેત્રે સેવા કરતી આગવી સેવાભાવી સંસ્થા.
- દર માસે બે નેત્રયજ્ઞ દ્વારા અંધાપા નાબુદીનું ભગીરથ સેવાકાર્ય
- સર્વ રોગ નિદાન કેમ્પ. • દેહદાન, ચક્ષુદાન, રકતદાન વગેરે સેવાકીય પ્રવૃત્તિઓ.
- કુદરતી આફતો સમયે રાષ્ટ્રીય સેવાકીય કામગીરી

માણાવદર તાલુકાની ૪૦ હાઈસ્કૂલોનું માર્ગદર્શન કરતી S.V.S. "સર્જન" નોડલ સ્કૂલ

જિલ્લા કક્ષા બેસ્ટ સ્કૂલ : પ્રથમ ક્રમાંક વિજેતા (શૈ.વર્ષ ૨૦૧૫-૧૬)
રાજ્ય કક્ષા બેસ્ટ સ્કૂલ : તૃતિય ક્રમાંક વિજેતા (શૈ.વર્ષ ૨૦૧૫-૧૬)
શાળાનું કાર્યક્ષેત્ર : બાલવાડી થી ધોરણ-૧૨
(આર્ટસ, કોમર્સ, સાયન્સ, કોમ્પ્યુટર શિક્ષણ સાથે)
(આશરે ૧૦૦૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોની સંખ્યા)

નેત્રયજ્ઞનો આંક ૫૨૧

| એન.એલ. સવસાણી | પી.એન. નાદપરા | ડી.બી. ચુડાસમા |
|---|---|---|
| ચેરમેન<br>શિક્ષણ સમિતિ<br>લાયન્સ કલબ-માણાવદર | પ્રેસીડેન્ટ<br>લાયન્સ કલબ-માણાવદર | આચાર્ય<br>લાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ-માણાવદર |



નૂતન વર્ષ મંગલ પ્રભાતે હૈયાના શુભ ભાવોથી વધાઈ પાઠવીએ છીએ.
ખુલ્લી હરાજી... ખરો તોલ... રોકડા નાણાં

## શ્રી ખેતીવાડી ઉત્પન્નબજાર સમિતિ ભેસાણ

રેફરલ હોસ્પિટલની બાજુમાં, પરબ રોડ, ભેંસાણ, જી. જૂનાગઢ-૩૬૨૦૨૦

| સેક્રેટરી | ચેરમેન | વાઈસ ચેરમેન |
|---|---|---|
| સ્વપનીલ કુબાવત | વજુભાઈ મોવલીયા | દિનેશભાઈ ભુવા |

બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ

| | | |
|---|---|---|
| નટવરલાલ પોંકીયા | મુકેશભાઈ સતાસીયા | રામજીભાઈ ભેસાણીયા |
| રાજુભાઈ ભુવા | જસકુભાઈ શેખવા | સુરેશભાઈ વાંક |
| વલ્લભભાઈ સાવલીયા | નિલેશભાઈ સાવલીયા | મનસુખભાઈ મોવલીયા |
| બાબુભાઈ જોધાણી | મનસુખભાઈ બોરડ | બાબુભાઈ હિરપરા |
| મોહનભાઈ ડોબરીયા | | વશરામભાઈ માળવીયા |

નોંધ : માર્કેટીંગ યાર્ડ ભેસાણમાં તા. ૬-૧૧-૨૪ લાભપાંચમના દિવસે સવારે ૮ વાગ્યે સ્નેહ મિલન તથા અલ્પાહારનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં આપને પધારવા અમારૂ નિમંત્રણ છે.



## સાલ મુબારક

રમેશભાઈ મકવાણા
મો.૯૮૨૫૭ ૮૨૦૦૩

**શ્રદ્ધા શ્રદ્ધા શ્રદ્ધા**

| પેપર બોર્ડમીલ | ક્રેઈન સર્વિસ | વે-બ્રીજ |
|---|---|---|

જી.આઈ.ડી.સી.-૨, પ્લોટ નં. ૩૨૧, સાબલપુર, જૂનાગઢ. ફોન : ૨૬૬૧૯૬૦

જી.આઈ.ડી.સી.-૨, પ્લોટ નં. ૧૦૦૧/૨, સાબલપુર, જૂનાગઢ. ફોન : ૬૪૫૧૯૬૦




## નૂતનવર્ષાભિનંદન

# શ્રી ભારતી આશ્રમ

મેળાના મેદાન પાસે, ભવનાથ, જૂનાગઢ.
ફોન : ૨૬૨૪૦૪૯, ૨૬૫૫૩૫૮



દિવાળીની શુભેચ્છા તથા નવા વર્ષના સાલમુબારક



મારા માટે દેશપ્રેમ એ
મનુષ્યપ્રેમથી જુદો નથી.
હું દેશપ્રેમી છું કારણકે
હું મનુષ્ય છું અને માનવપ્રેમી છું
– ગાંધીજી

શિક્ષણ, સંસ્કૃતિ, પ્રકૃતિ અને માનવ વિકાસને વરેલી સંસ્થા

## રૂપાયતન ટ્રસ્ટ

**હેમંત નાણાવટી**
મેનેજીંગ ટ્રસ્ટી-રૂપાયતન ટ્રસ્ટ

ગિરી તળેટી, ભવનાથ, જૂનાગઢ ફોન : ૨૬૨૭૫૭૩
E-mail : rupayatan_hemant@yaho.co.in



With Best Compliments From

## Amber BUILDERS

Near Old Jetpur Octroi Naka
Dhoraji (360 410)
Phone/FAX : (02824) 220453



HAPPY DIWALI &
HAPPY NEW YEAR

ગુજરાતભરમાં સર્વશ્રેષ્ઠ સાયન્સનું પરિણામ
આપતી એકમાત્ર સંસ્થા હવે આપણા જૂનાગઢમાં

## જીનિયસ પબ્લિક સ્કૂલ

પ્લે હાઉસ, નર્સરી થી ધો. ૧૨ સુધી (સાયન્સ/કોમર્સ)
(અંગ્રેજી માધ્યમ/ગુજરાતી માધ્યમ)

JEE I NEET I RENEET

ખલીલપુર મેઇન રોડ, જોષીપુરા,
જૂનાગઢ - ૩૬૨૦૦૧. Mo. 85110 19993



With best Compliments For

## R.M. DASA

INFRASTRUCTURE PVT. LTD

GOVT. DEPT.
'AA' CLASS
CONTRACTOR

ADINISTRATIVE OFFICE
4th Floor, Akshar Plaza-2, Dixa Nagar,
Zanzarda Bypass Chokdi, Junagadh-362001.
Ph. 0285-2636601/02, E-mail :r.mdas@yahoo.co.in



## શ્રી સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ

નૂતનવર્ષના અભિનંદન પાઠવે છે.

-: સંચાલિત સંસ્થાઓ :-

૧. શ્રીમતી એન.યુ. સોલંકી આહીર કન્યા છાત્રાલય યુ.૧
૨. શ્રીમતી કે.જી. સોલંકી પ્રાથમિક કન્યા શાળા (ધો.૬થી ૮) યુ.૧
૩. શ્રીમતી એન.બી. કાંબલિયા કન્યા વિદ્યાલય (ધો. ૯થી ૧૨) યુ.૧ (આર્ટસ, કોમર્સ અને સાયન્સ)
૪. આહિર કન્યા છાત્રાલય, વાડલા ફાટક યુ.૨
૫. શ્રી મહિલા આર્ટસ, કોમર્સ, બીબીએ, બીસીએ કોલેજ યુ.૨
૬. શ્રીમતી જે.એન.ભાટુ બી.એડ કોલેજ યુ.૨
૭. શ્રી વિજ્ઞાન કોલેજ, યુ.૨
૮. એસ.ઈ.ટી. સ્કૂલ ઓફ નર્સિંગ (G.N.M.-A.N.M.)યુ.૨
૯. શ્રી અનુસ્નાતક કેન્દ્ર (મનોવિજ્ઞાન) યુ.૨
૧૦. શ્રી અનુસ્નાતક કેન્દ્ર (કેમેસ્ટ્રી –માઈક્રોબાયોલોજી) યુ.૨
૧૧. શ્રી અનુસ્નાતક કેન્દ્ર (કોમર્સ) યુ.૨

| ભગવાનભાઈ બારડ | લક્ષ્મણભાઈ પીઠિયા | નટુભાઈ ભાટુ |
|---|---|---|
| ઉપપ્રમુખ | મેનેજીંગ ટ્રસ્ટી | પ્રમુખ |

શ્રી સૌરાષ્ટ્ર એજયુકેશન ટ્રસ્ટ-જૂનાગઢ
તથા ટ્રસ્ટી મંડળ અને સંસ્થા પરિવાર



દિપાવલીની હાર્દિક શુભેચ્છા

## શ્રી માખીયાળા જુથ વિ.કા. સહકારી મંડળી લી.

સહકાર ભવન, માખીયાળા. ફોન ૨૬૮૭૧૬૧

રજી.નં. ૧૮૫૩ તા. ૧૩-૦૬-૧૯૫૬થી
કાર્યરત સભ્ય ધીરાણ = ૬,૫૩,૦૦,૦૦૦/-, શેરભંડોળ ૮૦૯૪૯૦/- સભ્ય થાપણ = ૨,૭૫,૬૦,૦૦૦/-, અનામતભંડોળ ૭૭૭૬૦૦૦/- સભાસદ સંખ્યા = ૬૮૯, ઓડીટ વર્ગ - અ છે. અમારી સંસ્થા સભાસદોને બેંક જેવી બચત થાપણ / ફી.ડી. થાપણની કામગીરી કરે છે તેમજ સભાસદને રા.ખાતર, જંતુ.દવા તથા ચા-અનાજનું વેચાણ કરે છે અને સંસ્થાના માલીકીના મોટા પાંચ ગોડાઉન છે.

**શ્રી ભીખાભાઈ ચનાભાઈ ગજેરા**
પ્રમુખશ્રી
શ્રી માખીયાળા જુથ વિ.કા.સ.મં.લી.
વ્ય. કમીટીના સભ્યોશ્રીઓ





ભાવેશભાઈ વેકરીયા



શુભ દિપાવલી

પ્રકાશ અને ખુશીઓનું પર્વ
**દિપાવલી**
દરેકના જીવનમાં
સુખ, સમૃધ્દિ અને શાંતિ
લાવે તેવી શુભેચ્છા

ટ્રસ્ટ નોંધણી નં. A/2570/JND

**શ્રી જ્ઞાતિ સમાજો-ટ્રસ્ટોનું ઉતારા મંડળ-ભવનાથ, જૂનાગઢ**

૨-જે.બી. કોમ્પલેક્ષ, લાલબહાદુર શાસ્ત્રી સોસાયટી,
બસ સ્ટેનડ સામે, જૂનાગઢ. મો. ૯૬૨૪૪ ૪૪૯૯૯



Wishing you a Happy Diwali

## જૂનાગઢ જિલ્લા બ્લેક સ્ટોન ક્રશર એસોસિએશન



પ્રમુખ — રમેશભાઈ કે. બારીયા
ઉપપ્રમુખ — અર્જુનભાઈ ડી. સોલંકી





શુભ દિપાવલી નૂતન વર્ષાભિનંદન
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જૂનાગઢ સંચાલિત

શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી

## સાયન્સ & IT ગુરુકુલ કોલેજ

ગુરુકુલ કેમ્પસ, કોલેજ રોડ, જૂનાગઢ

- B.C.A.
- B.Sc.I.T.
- B.Sc.(Sci.)

Physics | Chemistry | Mathematics | Botany | Zoology

TCS, WIPRO, ATOS etc...
ખ્યાતનામ કંપનીઓ દ્વારા કેમ્પસ ઈન્ટરવ્યુ

(0285) 2650234 I 99252 04242

(રાજકોટ ગુરુકુલની શાખા)
**શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ જૂનાગઢ**
કોલેજ રોડ, કાળવા ચોક, જૂનાગઢ

JEE-NEET
સાથે વાજબી ફી, મર્યાદિત સંખ્યા,
સંસ્કારયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ...

- ધો. ૮ થી ૧૦ (સ્કૂલ તથા હોસ્ટેલ)
- ૧૧-૧૨ સાયન્સ, કોમર્સ ( ફક્ત હોસ્ટેલ સાથેની સ્કૂલ)

9687675132 I 98252 10085



## શ્રી હાટકેશ હેલ્થકેર ફાઉન્ડેશન

# શ્રી હાટકેશ હોસ્પીટલ

ભુતનાથ મંદિર સામે, દોમડીયા વાડી પાસે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૩૬૫૨

**બી.ટી. સવાણી નિ:શુલ્ક ડાયાલીસીસ સેન્ટર**

**રાહત દરે ઉપલબ્ધ સેવાઓ**

• મેડીકલ નિદાન ઈન્ડોર/આઈ.સી.યુ વિભાગ • છાતી, શ્વાસ, ફેફસા અને એલર્જીનો વિભાગ • જનરલ સર્જન લેપોસ્કોપી તથા એન્ડોસ્કોપી સર્જન • ઓર્થોપેડીક (હાડકા)નો વિભાગ • આંખનો વિભાગ • જનરલ વિભાગ • સ્ત્રી રોગ નિષ્ણાંત (ગાયનેક વિભાગ) • કાન, નાક, ગળાના સર્જન • ચામડીના દર્દો • ફીઝીયોથેરાપી વિભાગ • લેબોરેટરી વિભાગ • એક્સ રે /સોનોગ્રાફી • ટી.એમ.ટી વિભાગ (ટ્રેડ મીલ ટેસ્ટ)

**બ્રેસ્ટ કેન્સરની સારવાર માટે નિ:શુલ્ક મેમોગ્રાફી નિદાન**

| કલ્પિત આર. નાણાવટી | ડો. બકુલ સી. બુચ |
|---|---|
| પ્રમુખ | મેનેજીંગ ટ્રસ્ટી |



દિપાવલી પર્વની હાર્દિક શુભેચ્છા...

## શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.-જૂનાગઢ

ISO 9001-2015 Certified Multi District Society

હેડ ઓફિસ : ડો. કેશવરાવ બલીરામ હેડગેવાર ભવન, ત્રીમંદિર સામે, ધોરાજી-વેરાવળ બાયપાસ રોડ, ખામધ્રોળ ચોકડી, જૂનાગઢ. મો. ૯૮૭૫૦ ૯૦૫૪૨

લોન..... લોન..... લોન..... લોન.....

હાઉસીંગ લોન : ૮.૨૫ %થી ગીરો લોન : ૧૦.૯૫% થી
પર્સનલ લોન : ૮.૦૦%થી સોના ધિરાણ : ૧૦.૪૫% થી
આ ઉપરાંત અન્ય વિવિધ પ્રકારની લોન યોજનાઓ
કોઈ છુપા ચાર્જ નહી, ઓછામાં ઓછી કાગળ કાર્યવાહી, ત્વરીત ધિરાણ, દૈનીક કપાત વ્યાજ, સરળ હપ્તા, પૂર્વ સૈનિકો તથા પોલીસ સ્ટાફને ૦.૫૦% વ્યાજમાં રાહત

| | | |
|---|---|---|
| કેશવ ફીકસ્ડ ડીપોઝીટ | : | ૧૨ માસ ૭.૫૦%, ૨૪ માસ ૭.૭૫% વ્યાજદર ૩૬ માસ ૮.૦૦% વાર્ષિક |
| માધવ ફીકસ્ડ ડીપોઝીટ | : | ૧૦૮ માસે બમણા |
| ભગીની ફીકસ્ડ ડીપોઝીટ | : | ૭.૬૦% ફકત બહેનો માટે |
| બલ્ક ડીપોઝીટ (રૂા.૧૫ લાખથી વધુ) | : | ૭૩૧ દિવસ ૮.૫૦ % ૧૦૯૬ દિવસ ૮.૭૫ % |

વ્યાજમાંથી TDS કપાત નહી.
સીનીયર સીટીઝન અને પૂર્વ સૈનિકો તથા પોલીસ સ્ટાફને ૦.૫૦% વધારે વ્યાજ
નોંધઃ સીનીયર સીટીઝન તથા દિવ્યાંગોને ઘરે બેઠા ઉપાડ-જમાની સુવિધા આપવામાં આવશે. ૨૩ શાખાઓ ધરાવતી ગુજરાતની એકમાત્ર સોસાયટી

| રમેશભાઈ સાવલીયા | નંદકિશોરભાઈ ગરાચ | નરેન્દ્રભાઈ ભુત |
|---|---|---|
| ચેરમેન | વાઈસ ચેરમેન | વાઈસ ચેરમેન |
| ચિમનભાઈ ડોબરિયા | સમીરભાઈ જોષી | પી.એસ. ગજેરા |
| મેનેજીંગ ડીરેકટર | જનરલ મેનેજર | વહીવટી અધિકારી (CEO) |

તથા સર્વે બોર્ડ ઓફ ડીરેકટર



With Best Compliments From

GADRÉ®

## GADRE MARINE EXPORT PVT. LTD.

130/01, Holiday cammp Road,
Chorwad - 362250 Dist. Junagadh.


## કૃષિ સમાચાર

# જીરૂ - ઘઉં - ધાણા ની વધુ ઉત્પાદન આપતી જાતોનું વિતરણ ચાલુ થયુ

ચાલુ સાલ પાણીની સારી સગવડને ધ્યાને રાખી શીયાળુ પાકોમાં વધુ ઉત્પાદન આપતી જાતોનું વહેલા તે પહેલાના ધોરણે એગ્રો ડીલર, સહકારી મંડળી તેમજ સંઘ મારફતે વિતરણ ચાલુ કરવામાં આવેલ છે.

વધુ ઉત્પાદન આપતી જાતોમાં જીરૂની - અક્ષય તુલસી તથા અટલ જાત ઘઉંમાં - અક્ષય વામન અને અક્ષય સમ્રાટ તેમજ ધાણાની - અક્ષય વિપુલ તથા અક્ષય-૨ જેવી જાતોની પસંદગી કરવા જૂનાગઢ સ્થિત અક્ષય સીડ ટેક કંપનીના વૈજ્ઞાનીકો દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

બિયારણની નવી જાતો વિશે વધુ માહીતી માટે ડો.આર.એલ.સાવલીયા (૯૦૯૯૯ ૬૬૦૨૧) જૂનાગઢ, શ્રી સુભાષભાઈ ચોથાણી (૯૮૨૫૧ ૨૫૮૨૭)જૂનાગઢ, શ્રી રશ્મિનભાઈ પાનસુરીયા (૯૮૨૫૭ ૪૬૫૦૮) રાજકોટ તેમજ શ્રી પ્રફુલભાઈ બારૈયા (૯૯૭૯૮ ૪૦૪૮૮) ભાવનગરનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયુ છે.


દિપાવલીની હાર્દિક શુભેચ્છાઓ...

સંસ્થાના શિલ્પી — ક્રાંતિકારી સંત પ.પૂ. મુકતાનંદબાપુ
સંસ્થાના માર્ગદર્શક — શ્રી ગિજુભાઈ ભરાડ

ક્રાંતિકારી સંત પ.પૂ. શ્રી મુકતાનંદજી બાપુની પ્રેરણા અને ગુજરાતના પ્રખર શિક્ષણશાસ્ત્રીશ્રી ગીજુભાઈ ભરાડનું સીધુ માર્ગદર્શન

## શ્રી બ્રહ્માનંદ વિદ્યાધામ

ચાપરડા

સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગર સંલગ્ન ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સંકુલ (DLSS)

**વિશેષતાઓ સાથે વ્યવસ્થાઓ :**
- ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ, એથ્લેટીકસ વગેરે ગેમ્સ માટે વિશાળ મેદાન સુવિધા
- DLLS નિવાસી શાળા
- NCCજુનિયર-સીનીયર ડિવિઝન
- કુસ્તી, શુટીંગ, યોગ, ટેબલ ટેનીસ માટે ઈન્ડોર હોલ સાથે સુવિધા
- સંગીત/કરાટે/યોગના કોચીંગ સાથે બુનિયાદી શિક્ષણ માર્ગદર્શન
- માતા-પિતા વિનાના વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી સાથે ધો. ૧૨ સુધીનું નિશુલ્ક શિક્ષણ
- વિજ્ઞાન લેબ, ગણિત લેબ, ફિઝીકસ લેબ, જીવવિજ્ઞાનની વિશાળ આધુનિક લેબોરેટરી.
- પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષયની વિશેષ પધ્ધતી સાથે ટીચીંગ ટીમ
- બોર્ડના સતત ઉચ્ચ પરિણામો સાથે શૈક્ષણિક કારકિર્દી સાથે વ્યવસાયિક માર્ગદર્શનનું આયોજન સાથે સેમિનાર
- જીવનલક્ષી, બાહ્ય પરીક્ષા સાથે વિષયી બાહ્ય પરીક્ષા અને સ્પર્ધાતમક પરીક્ષા અંગેના માર્ગદર્શન સેમીનાર અને વર્કશોપનું આયોજન
- પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં દરેક ભાષાના શિક્ષકો દ્વારા વિશેષ શિક્ષણ
- શાળા કેમ્પસમાં ૧૮૦ બેડની મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલની સુવિધા.

**ઉપલબ્ધ અભ્યાસક્રમો :**
- ધો. કે.જી. થી ધો. ૧૨ સાયન્સ / કોમર્સ (અંગ્રેજી માધ્યમ)
- ધો. ૧ થી ૧૨ સાયન્સ / કોમર્સ (ગુજરાતી માધ્યમ)
- કોલેજ B.Ed./ANM/GNM/B.Sc. નર્સીંગ કોલેજ
- ભાઈઓ તથા બહેનો માટે અલગ-અલગ હોસ્ટેલ વ્યવસ્થા



**એડમીશન માટે સંપર્ક**
- ગુજરાતી માધ્યમ - ૦૨૮૭૩-૨૨૨૨૮૦/૮૧-૯૪૨૯૧ ૬૨૧૦૬
- અંગ્રેજી માધ્યમ - ૮૧૫૫૦ ૧૦૦૪૦
- સાયન્સ વિભાગ - ૯૪૦૯૨ ૯૮૯૩૯ - ૯૭૨૪૦ ૧૮૧૨૧
- કોલેજ વિભાગ - ૯૭૧૨૩ ૭૧૦૩૩ -૯૦૯૯૦ ૬૩૪૩૪

જૂનાગઢ-વિસાવદર રોડ, તા. વિસાવદર, જી. જૂનાગઢ.



## દિપાવલીની હાર્દિક શુભેચ્છા

પ્રતિવર્ષ શાળાના ઉચ્ચતમ પરીણામ સાથે
સોરઠના શિક્ષણ જગતની અગ્રણી શિક્ષણ સંસ્થા

# આલ્ફા

પ્રાઈમરી સ્કૂલ — લક્ષ્મી નગર, જૂનાગઢ
હાઈસ્કૂલ — મોતીબાગ, જૂનાગઢ
ઈન્ટરનેશનલ સ્કૂલ — ટીંબાવાડી, જૂનાગઢ

સંચાલક : શ્રી જી.પી. કાઠી


October 31, 2024 @ 2:18 pn

આવતુ નવું વર્ષ સુખ,
સમૃદ્ધી અને આનંદ લાવે
તે શુભેચ્છા સાથે આપ સહુને

# દીપાવલી તથા નૂતન વર્ષની
## હાર્દિક શુભકામનાઓ...



: શુભેચ્છક :

દિલાવર સ્ટીલ
કસ્વા સ્ટીલ
અજવા સ્ટીલ
ઈન્ડોમેટ સ્ટીલ
અલ્હાજ ટ્રેડિંગ
કુલદીપભાઈ માલા

બાબરા જી.આઇ.ડી.સી રાજકોટ-ભાવનગર હાઇવે, મુ.બાબરા જી.અમરેલી

# શુભ દીપાવલી તેમજ નૂતનવર્ષાભિનંદન

દિપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

Approved By Government of India

MDS

AN ISO 9001 : 2008 COMPANY

ELECTRONIC WEIGHING SCALE & SYSTEM

HARUNBHAI MALAVIYA
SAKIRBHAI MALAVIYA

Manufacture by :
MALAVIYA DIGITAL SCALE

Office No. 213, 1st. Floor, City Point, New Cutlery Bazar, Upleta - 360 490, Dist. Rajkot (Guj.)
www.mdsscale.com

---

શુભ દિપાવલી તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

જીજ્ઞેશભાઇ ડેર

મહામંત્રી : ઉપલેટા શહેર ભારતીય જનતા પાર્ટી

પ્રતિનિધી : ધારાસભ્ય ૭૫-ધોરાજી-ઉપલેટા વિધાનસભા

ઓફીસ : રાજમાર્ગ - તાલુકા સંઘ સામેની શેરી, ઓમ કોમ્પલેક્ષ, બીજો માળ, ઉપલેટા

---

A-1 ચેવડો વેફર્સ - પેંડા

રાજકોટ ના પ્રખ્યાત રસિકભાઇ ચેવડાવાળા

■ લીમડા ચોક ■ એરપોર્ટ રોડ ■ જ્યુબેલી બાગ ■ કોટેચા ચોક ■ નાના મવા રોડ

---

AN ISO 9001 : 2015 COMPANY

GANGA solar water heater

PATEL ENGINEERING

Plot No 19,20,21, J.K.Diamond Industrial Area, B/h. Madhuvan Hotel, Rajkot-Kotadasangani Road, At.Lothada, Dist.Rajkot-360024.

Call: 98257 35178

---

Coming Soon! RAJKOT

સંતશ્રી સદ્દગુરુ ૐઋષિનો આપની કાર્ય સિધ્ધિ તેમજ લક્ષ્મી પ્રાપ્તિ માટે

૦૩-૧૧-૨૦૨૪ રવિવાર નો પવિત્ર શબ્દ ૐ સૂર્યદેવ

૦૪-૧૧-૨૦૨૪ સોમવાર નો પવિત્ર શબ્દ ૐ ગુરુદેવ

ૐકાર સંપ્રદાયના આદ્યદ્રષ્ટા એવં સ્થાપક મંત્રયુગ પરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

કાર્યસિધ્ધિ તેમજ લક્ષ્મી પ્રાપ્તિ માટે આવતીકાલે ૧૮ વાર પવિત્ર શબ્દનું રટણ કરવુ અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

ૐકાર ચાલીસા પુસ્તિકા નિઃશુલ્ક પ્રાપ્ત કરવા 74868 07719

---

શુભ દીપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

જયેશભાઇ ત્રિવેદી

ઉપપ્રમુખ : રાજકોટ જીલ્લા ભાજપ
પ્રમુખ : સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ - ઉપલેટા
પ્રમુખ : આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા સંગઠન-રાજકોટ જીલ્લો

---

## શુભ દીપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

Kailash™ sugarcane crushers

વિશેષતાઓ

- સંપૂર્ણ સ્ટીલ બોડી, કપલીન ટાઇપ
- ટેપર રોલર બેરીગનું ગેર બોક્સ
- વી ગ્રુહ રોલર જેથી વધુ રસ નીકળી શકે
- હેવી સ્ટીલ મટીરીયલ્સની સાફટીન
- ગ્રેડેડ કાસ્ટીગ રોલર
- બધા જ હાઇ ટેમ્પર ગીયર
- ૨૮ જુદા-જુદા મોડેલમાં ઉપલબ્ધ
- જુદા-જુદા કલરમાં ઉપલબ્ધ
- અનુભવી ગ્રુપ દ્વારા ક્વોલીટી ઉત્પાદન.

ઓમ કૈલાશ બ્રાન્ડ ચીચોડાના ઉત્પાદક

અને ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, છત્તીસગઢ, તામીલનાડુ, હરીયાણા, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, તદુપરાંત સમગ્ર આફ્રિકાના દેશોમાં ચેઇનમાં.

### પટેલ મેન્યુફેક્ચરીગ કંપની

### અલ્પેશભાઇ પટેલ, ચિરાગભાઇ પટેલ

યાદવ રોડ, ફુલારા ગાર્ડન, અશ્વિન ટોકીઝ ચોક, ઉપલેટા.જિ. રાજકોટ (ગુજરાત)

અલ્પેશ પટેલ ફોન (૦૨૮૨૬) ૨૨૧૧૦૭
મો. ૯૮૨૫૦ ૨૧૧૦૭, ૯૪૨૬૯ ૪૨૮૦૮
E-mail : omkailash_pmc@yahoo.co.in
Website : www.sugarcane-crusher.in

---

શુભ દિપાવલી તથા નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

રાજશીભાઇ હુંબલ

પૂર્વ પ્રમખ : ઉપલેટા તાલુકા ભારતીય જનતા પાર્ટી

રેસી. : શગુન હાઇટસ, પોરબંદર રોડ, ઉપલેટા

---

Diwali

અંધારાના આવરણને પાર કરીને રોશનીના પગલે આપનું જીવન આગળ વધતું રહે તેવી અંતરની મનોકામના. નવવર્ષમાં સમૃધ્ધિ અને શાંતિ બની રહે એવી

દિવાળીની અને નવા વર્ષની શુભકામના.

શ્રી દુર્લભજીભાઇ દેથરીયા
ધારાસભ્યશ્રી,
૬૬ ટંકારા - પડધરી

---

દિપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

શ્રી ઢાંક જૂથ વિવિધ કાર્યકારી મંડળી

શ્રી જમનભાઇ માવજીભાઇ ગેડીયા - પ્રમુખ

શ્રી ચિરાગકુમાર વિનોદભાઇ ગજેરા - મંત્રીશ્રી

કર્મચારીશ્રી

- દિપકકુમાર બાવનજીભાઇ પાઘડાર
- પ્રિન્સ વિપુલભાઇ ગેડિયા
- પંકજકુમાર ચીમનભાઇ ગેડિયા
- જેમિન વસરામભાઇ રાણપરીયા
- ગોરધનભાઇ બચુભાઇ સુતરીયા

બોર્ડ ઓફ ડિરેકટર

- શ્રી બાવનજીભાઇ જેઠાભાઇ સુતરીયા
- શ્રી રેખાબેન રમેશભાઇ ગેડીયા
- શ્રી બહાદુરભાઇ ભગુભાઇ મંડસ
- શ્રી અસ્મીતાબેન દિપકભાઇ ગજેરા
- શ્રી હરેશભાઇ વલ્લભભાઇ ગજેરા
- શ્રી રાજેશભાઇ ભોવાનભાઇ રાણપરીયા
- શ્રી કિશોરભાઇ પરસોતમભાઇ પાઘડાર
- શ્રી વિરભદ્રસિંહ હેમતસિંહ વાળા
- શ્રી ગીગનભાઇ નથુભાઇ કરોતરા
- શ્રી પ્રફુલભાઇ પરબતભાઇ ગોરસીયા
- શ્રી દિનેશભાઇ ભીખાભાઇ પાદરીયા
- શ્રી જીવનભાઇ પરબતભાઇ ઘામી
- શ્રી અમરાભાઇ બઘાભાઇ પિંજુડા

---

દિપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

ધર્મેન્દ્રસિંહ વાઘેલા | અજીતસિંહ વાઘેલા

ગીરીરાજ ગેસ એજન્સી - વિજળી રોડ, ઉપલેટા

---

દિપાવલી તેમજ નૂતન વર્ષાભિનંદન

ખીમાડાડા ચંદ્રવાડીયા
આહિર અગ્રણી
મો. ૯૮૭૯૨ ૫૫૩૫૭, ૮૧૪૦૨ ૭૭૩૩૩

શ્રી ખોડીયાર કન્સ્ટ્રકશન

ખેતીની જમીન, મકાન, દુકાન, લે-વેચ તથા ટ્રેકટર ભાડે મેળવવા માટે મળો

ખાખીજાળીયા રોડ, ઉપલેટા

---

Morbi Ceramic Manufacturers Association

Wish You Happy Diwali & Happy New Year

Mukesh Kundariya, President (Vitrified Tiles Division)
Haresh Bopaliya, President (Wall Tiles Division)
Vinod Bhadja, President (Floor Tiles Division)
Kiritbhai Patel, President (Sanitarywares Division)

Morbi Ceramic Manufacturers Association
First Floor, 1-real Plaza, 8-A, N.H., Morbi-363642, Gujarat (India)

---

GUJARAT GAS

તહેવારોની રોનક જળવાશે, સલામતીનું જો ધ્યાન રખાશે !

ગેસ પાઇપલાઇનને સલામત રાખવા અને અકસ્માત નિવારવા માટેનાં સૂચનો :

- ગેસ પાઇપલાઇનની પાસે ફટાકડા ફોડશો નહિ.
- RCC ગાર્ડમાં ફટાકડા કે સળગે તેવા પદાર્થો નાખશો નહિ.
- ફટાકડા ફોડ્યા બાદ ગેસ પાઇપલાઇન પાસે કચરો સળગાવશો નહિ.
- ધ્વનિ પ્રદૂષણ નિવારવા બને ત્યાં સુધી મોટા અવાજવાળા ફટાકડા ફોડશો નહિ.
- ફટાકડા બને તેટલા ઓછા ફોડીને વાતાવરણને પ્રદૂષિત થતું અટકાવો.

ગેસની ગંધ જણાય કે પાઇપલાઇન પર આગ લાગે તો સલામત સ્થળે ખસી જાવ અને તરત નીચે દર્શાવેલા ગુજરાત ગેસના ઇમર્જન્સી ફોન નંબર પર સંપર્ક કરો :

રાજકોટ : ૯૦૯૯૨૨૨૯૨૨ | ૦૨૮૧-૨૭૦૫૫૫૦
મોરબી : ૯૯૨૫૨૩૭૫૩૫, ૭૦૪૬૦૭૦૫૫૫ | જામનગર : ૯૭૨૭૮૨૫૫૫૫

અગત્યની સૂચના :
ગુજરાત ગેસ લિમિટેડના નામ પર કોઈપણ વ્યક્તિ સાથે રોકડ વ્યવહાર કરવો નહીં.

"સુખમય, મંગલમય અને સુરક્ષિત દિવાળીની શુભેચ્છાઓ"

---

હો સુખમય સરસ...
આપનું નૂતન વરસ...

નૂતનવર્ષની પ્રત્યેક ક્ષણ શાંતિમય, સૌભાગ્યમ અને સમૃધ્ધિમય બની રહે. એજ...
શુભેચ્છા... મનોકામના... અભ્યર્થના...

Vikas PUBLICITY — Since 1984 —

આર.કે. સુપ્રીમ, ૧૧૨૦-૧૧૨૧, ૧૫૦ ફુટ રીંગ રોડ, નાના મોવા સર્કલ પાસે, રાજકોટ.

98795 18143 / 99795 18143

ભારતના ૧૦,૦૦૦ થી વધુ છાપામાં જાહેરખબર કરતી એજન્સી




# બાપા સીતારામ ડેરી ફાર્મ

સ્પે. સફેદ પેંડા, રજવાડી પેંડા, કેસર પેંડા, ચોકલેટ પેંડા
થાબડી પેંડા, સ્પે. મલાઇ પુરી પેંડા, કાજુકત્રી, એક્ઝોટીકા,
સ્પે. કેસર ડ્રાયફ્રુટ-ઘારી, મોરાસાટા-મીઠા સાટા

સીતાફળ રબડી, લચ્છા ડ્રાયફ્રુટ રબડી તેમજ ૨૦થી વધુ અવનવી વેરાયટી

500 ગ્રામ તૈયાર બોક્સ મળશે

1 કિલો તૈયાર બોક્સ મળશે

ભુપેન્દ્ર પટેલ : 94279 73311

કોઠારીયા મેઇન રોડ, હરીઘવા મેઇન રોડ, નંદા હોલની બાજુમાં, રાજકોટ



AEC

AUSTIN ENGINEERING CO. LTD.

ISO/TS 2009-16949 Company

Manufacturers of all types of Ball & Roller Bearings
( Widest range in India, above 5000 Varieties )

= IMPORT SUBSTITUTES IS OUR SPECIALITY =

Registered Office & Works:
Village: Patla, Taluka: Bhesan, District. Junagadh 362 030 (Gujarat)



website : www.aec.com



HAPPY Deepavali

દિવાળી તેમજ નૂતનવર્ષની હાર્દિક શુભકામનાઓ....

આપ સૌને દિપાવલીની હાર્દિક શુભકામના તેમજ
નુતન વર્ષ આપ સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિ લાવે
તેવી હૃદયપૂર્વકની અભ્યર્થના સહ નૂતન વર્ષાભિનંદન...



ગોવિંદભાઇ રામ

પ્રમુખશ્રી
જૂનાગઢ જિલ્લા પેટ્રોલિયમ એસોસિએશન
ઓનરઃ પ્રમુખ પેટ્રોલિયમ -ચોકી
શ્રીનાથજી પેટ્રોલિયમ-વડાલ



શુભ દિપાવલી

પટેલ કેળવણી મંડળ - જૂનાગઢ

મોતીબાગ સામે, જૂનાગઢ.

શ્રી કાંતિભાઇ જી. ફળદુ
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી

શ્રી C.A. સવજીભાઇ એમ. મેનપરા
પ્રમુખશ્રી - ટ્રસ્ટીશ્રી

શ્રી રતીભાઇ ડી. મારડીયા
જોઇન્ટ મેનેજીંગ ટ્રસ્ટીશ્રી

શ્રી શિરીષભાઇ કે. સાપરીયા
ટ્રસ્ટીશ્રી - મંત્રીશ્રી - ખજાનચીશ્રી

શ્રી કિશોરભાઇ જે. મેંદપરા
ટ્રસ્ટીશ્રી - મંત્રીશ્રી

શ્રી ડો. ડી.એ. ડઢાણીયા
કેમ્પસ ડાયરેકટરશ્રી

ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિ તથા પટેલ કેળવણી મંડળ પરિવાર



વિશ્વ હિન્દૂ પરિષદ

જૂનાગઢ મહાનગર

તરફથી દિપોત્સવી પર્વ તથા નૂતનવર્ષની શુભેચ્છા

વિક્રમ સંવત ૨૦૮૧ના દિપોત્સવી પર્વની શુભકામનાઓ તેમજ આવનારા ૨૦૮૨
નુતન વર્ષના આરંભે સમગ્ર હિન્દુ સમાજની મનોકામના પૂર્તિની શુભેચ્છાઓ પાઠવીએ છીએ.


મંગળુભાઇ ડાંગર - પ્રખંડ અધ્યક્ષ,
ડો. મનીષભાઇ કુબાવત - પ્રખંડ અધ્યક્ષ,
ગોપાલભાઇ હિન્ડોચા - પ્રખંડ મંત્રી, જુનાગઢ મહાનગર
વિજયભાઇ હરવાણી - પ્રખંડ મંત્રી, જુનાગઢ મહાનગર
જુગલભાઇ વૈષ્ણવ - પ્રખંડ મંત્રી, જુનાગઢ મહાનગર
હિરેનભાઇ પાંડે - પ્રખંડ મંત્રી,
અંકિતભાઇ ભટ્ટ - બજરંગ દળ, બલોપાસના સંયોજક
રાજુભાઇ ઠાકર - બજરંગ દળ, પ્રખંડ સંયોજક
અશોકભાઇ સોની - ખંડ મંત્રી
સાગરભાઇ બસરાણી - ખંડ મંત્રી
સંતોષભાઇ હુંદવાણી - ખંડ મંત્રી
ભાર્ગવભાઇ દવે - અર્ચક મંદિર સહ સંયોજક



ગુજરાત સરકાર

ગુજરાતમાં બહુઆયામી વિકાસને
વેગ આપતું આગવું કદમ

# સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ




## ગુજરાત સરકાર યુવા પ્રતિભાઓને આવકારે છે

રાજ્ય વહીવટી તંત્રને તેજસ્વી યુવાઓના નવીન તથા
અભિનવ વિચારોની ઊર્જાથી મળશે વેગ

**પ્રોજેક્ટ**

- સીએમ ફેલો નવીન વિચારો અને આગવા કૌશલ્યથી પ્રોજેક્ટમાં પોતાનું યોગદાન આપશે

**તાલીમ**

- સીએમ ફેલોને ગુજરાત સરકાર અને IIM-Ahmedabad દ્વારા મળશે બે સપ્તાહની તાલીમ
- રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં બે સપ્તાહની તાલીમ

**ઉમેદવારોની પસંદગી**

- ૬૦% કે તેથી વધુ પરિણામ સાથે સ્નાતક થયેલા, ૩૫ વર્ષથી ઓછી વયના તેમજ ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારોને તક
- સિલેકશન કમિટી કરશે સીએમ ફેલોની પસંદગી
- કમિટીના એક્સપર્ટ પેનલિસ્ટ તરીકે હશે IIM-Ahmedabadના નિષ્ણાત

**મુખ્ય વિશેષતાઓ**

- માસિક ₹૧ લાખ સ્ટાઇપેન્ડ
- ફેલોશીપની અવધિ ૧ વર્ષની રહેશે (મૂલ્યાંકન તથા પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ સુધીની અવધિ વધારી શકાશે)
- ફેલોશીપની સફળ પૂર્ણાહુતિ બાદ ગુજરાત સરકાર અને IIM-Ahmedabadનું સંયુક્ત સર્ટિફિકેટ

**સરદાર પટેલ ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ પ્રોગ્રામ**માં
જોડાઇએ અને સક્રિય પ્રદાન સાથે ગુજરાતના વિકાસના ભાગીદાર બનીએ

**અરજી કરવાની અવધિ**

તારીખઃ ૧૮ નવેમ્બર, બપોરે ૨:૦૦ વાગ્યાથી
૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી

**ઓનલાઇન અરજી કરવા માટે**

https://spipa.gujarat.gov.in

ગુજરાત સરકારનો યુવાઓને આવકાર,
કરશે વિકાસના સપના સાકાર

# તેલંગાણામાં કાચા ઈંડામાંથી બનતા મેયોનીઝ પર પ્રતિબંધ

## હૈદરાબાદમાં મોમોઝ ખાધા પછી મહિલાના મોત અને ૧૫ને ખોરાકની ઝેરી અસર થયાનું સામે આવતા તંત્રે લીધો નિર્ણય

**આજકાલ પ્રતિનિધિ**
**હૈદરાબાદ**

તેલંગાણા સરકારે કાચા ઈંડામાંથી બનેલી મેયોનીઝ પર એક વર્ષનો પ્રતિબંધ લગાવ્યો છે. તાજેતરમાં, ફૂડ પોઈઝનિંગના ઘણા કિસ્સાઓ સામે આવ્યા જેમાં મોટા ભાગના કિસ્સાઓ સાથે મેયોનીઝ સંલગ્ન હોવાનું સામે આવતા આ પગલું લેવામાં આવ્યું છે.તાજેતરમાં હૈદરાબાદમાં મોમોઝ ખાધા પછી મહિલાનું મોત થયું હતું અને ૧૫ને ખોરાકની ઝેરી અસર થયાનું સામે આવતા તંત્રે આકરું પગલું લીધું છે.

રાજ્યના ખાદ્ય સુરક્ષા કમિશ્નર દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે, તાજેતરના અવલોકનો અને લોકો તરફથી મળેલી ફરિયાદો અનુસાર, કાચા ઈંડામાંથી બનાવેલ મેયોનીઝના લીધે કેટલાય લોકોને ઝેરી અસર થયું સામે આવ્યું છે, જેને સામાન્ય રીતે મેયો તરીકે ઓળખવામાં આવે છે, તે એક જાડી, ક્રીમી ચટણી છે જે સામાન્ય રીતે ઈંડાની જરદીને તેલ સાથે મિશ્રિત કરીને બનાવવામાં આવે છે, અને ઘણી વખત તેને સરકો અથવા લીંબુના રસ સાથે સુગંધિત કરવામાં આવે છે. તે સેન્ડવીચ, સલાડ અને વિવિધ વાનગીઓમાં વપરાતો લોકપ્રિય મસાલો છે.



નોંધનીય છે કે ૩૧ વર્ષની રેશમા બેગમ નામની એક મહિલા અને તેની ૧૨ અને ૧૪ વર્ષની બે દીકરીઓએ બંજારા હિલ્સમાં એક સ્ટ્રીટ વેન્ડર પાસેથી મોમો ખાધું હતું. થોડા સમય પછી, તેઓને ઉલ્ટી, ઝાડા અને પેટમાં દુખાવો સહિતના ગંભીર ખોરાકના ઝેરના લક્ષણોનો અનુભવ થયો.શરૂઆતમાં, પરિવારને આશા હતી કે આરામ કરવાથી તેમના લક્ષણોમાં ઘટાડો થશે, પરંતુ તેમની સ્થિતિ વધુ વણસી જતાં તેઓએ ૨૭ ઓક્ટોબરના રોજ તબીબી મદદ લીધી. દુઃખની વાત એ છે કે રેશ્મા બેગમનું હોસ્પિટલ જતા રસ્તામાં અવસાન થયું, જ્યારે તેમની પુત્રીઓ હાલમાં સારવાર લઈ રહી છે.

આ ઘટનાના પગલે, સ્થાનિક સત્તાવાળાઓએ શેરી વિક્રેતાઓની કામગીરીની વ્યાપક તપાસ શરૂ કરી હતી. ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી વિભાગે, બંજારા હિલ્સ પોલીસના સહયોગથી, ખોરાક માટે જવાબદાર વિક્રેતાની શોધખોળ કરી હતી અને પગલાં લીધા હતા..

અધિકારીઓને જાણવા મળ્યું હતું કે નજીકના વિસ્તારોના ઓછામાં ઓછા ૨૦ અન્ય રહેવાસીઓને સમાન વિક્રેતા પાસેથી ખોરાક લીધા પછી સમાન લક્ષણો સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે વિક્રેતા જરૂરી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના લાયસન્સ વિના કામ કરી રહ્યા હતા અને તે સ્વચ્છતાના મૂળભૂત ધોરણોનું પાલન કરતા ન હતા, જેમાં ખોરાક અસ્વચ્છ સ્થિતિમાં તૈયાર કરવામાં આવતો હતો.

# કાશ્મીરના આતંકવાદની જેમ પંજાબમાં ખાલિસ્તાનીઓ બનાવે છે લોકલ નેટવર્ક

## રાષ્ટ્રીય તપાસ એજન્સીની તપાસ દરમિયાન થયો ખુલાસો

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ખાલિસ્તાની જૂથોની નવી રણનીતિને લઈને સુરક્ષા એજન્સીઓ સતર્ક છે. રાષ્ટ્રીય તપાસ એજન્સીની તપાસ દરમિયાન સામે આવ્યું છે કે ખાલિસ્તાની જૂથો કાશ્મીરની તર્જ પર પંજાબમાં તેમના સ્થાનિક મદદગારોનું નેટવર્ક બનાવવામાં વ્યસ્ત છે, જેથી તેઓ તેમની અસ્થિરતાની યોજનાને અમલમાં મૂકી શકે. કેનેડા અને પાકિસ્તાનમાં બેઠેલા ખાલિસ્તાની આતંકવાદીઓની સૂચના પર સ્થાનિક મોડ્યુલમાં યુવાનોની ભરતી કરવામાં આવી રહી છે. આતંકીઓના પ્લાનને નિષ્ફળ બનાવવા માટે સુરક્ષા એજન્સીઓએ કાઉન્ટર પ્લાન તૈયાર કર્યો છે.




અહેવાલો અનુસાર, સ્થાનિક મોડ્યુલ દ્વારા મોટા પાયે વેપારીઓ પાસેથી પૈસા પડાવવાની યોજના બનાવવામાં આવી છે. વિદેશમાં બેઠેલા આતંકવાદી આકાઓ આ પૈસા દ્વારા ખાલિસ્તાન ચળવળના અભિયાનને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

એનઆઈએએ ઘણાં અલગ-અલગ કેસોમાં બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને તેના કાર્યકર્તાઓ માટે ભંડોળ એકત્ર કરવાના ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. સૂત્રોએ જણાવ્યું કે સ્થાનિક મદદગારો દ્વારા પાકિસ્તાન બોર્ડરથી ડ્રગ્સ અને હથિયારોના કન્સાઈનમેન્ટ પંજાબમાં મોકલવા માટે એક અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ ખાલિસ્તાની આતંકવાદીઓ પાકિસ્તાન સરહદેથી ડ્રોન દ્વારા હથિયારો અને ડ્રગ્સ મોકલવામાં પણ સામેલ છે.

અહેવાલો અનુસર, પાકિસ્તાનની ઈન્ટેલિજન્સ એજન્સી પંજાબમાં સક્રિય ખાલિસ્તાન સમર્થક આતંકીઓ અને ગેંગસ્ટરોનો સહારો લઈ રહી છે. પંજાબમાં સક્રિય ગેંગસ્ટરો દ્વારા સ્થાનિક મોડ્યુલ અથવા સ્થાનિક મદદગારોને વિદેશમાંથી ભંડોળ મળી રહ્યું છે. પાકિસ્તાનમાં છુપાયેલો આતંકી હરવિંદર સિંહ રિંડા અને કેનેડામાં રહેતો આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ પંજાબમાં પોતાનું નેટવર્ક વિસ્તારવા અભિયાન ચલાવી રહ્યા છે.

# પીએમ નરેન્દ્ર મોદી કચ્છમાં જવાનો સાથે મનાવશે દિવાળી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીને પુષ્પાંજલિ અર્પણ કરી: સરદાર પટેલના અનન્ય યોગદાનને યાદ કરીને લોકોને શપથ લેવડાવ્યા

**આજકાલ પ્રતિનિધિ**
**વડોદરા**

આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છમાં ભારતીય સૈનિકો સાથે દિવાળી મનાવશે. પીએમ બન્યા બાદ આ પહેલીવાર હશે જ્યારે તેઓ ગુજરાતમાં સૈનિકો સાથે દિવાળીનો તહેવાર ઉજવશે. અગાઉ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે પણ તેમણે સૈનિકો સાથે દિવાળી મનાવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન મોદી કેવડિયાથી સીધા કચ્છ જશે, જ્યાં તેઓ સૈનિકો સાથે સમય વિતાવશે અને તેમને દિવાળીની શુભેચ્છા પાઠવશે. તેમની આ મુલાકાતને રાષ્ટ્રીય એકતા અને સૈનિકોના સન્માનના પ્રતીક તરીકે જોવામાં આવી રહી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આયોજિત વિશેષ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ પર કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે વડાપ્રધાન મોદીએ સરદાર પટેલના અનન્ય યોગદાનને યાદ કરીને લોકોને શપથ લેવડાવ્યા હતા. તેમણે કહ્યું કે આપણે દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય સમર્પણ જાળવી રાખવું જોઈએ.

આ સાથે પીએમ મોદીએ લોકોને દેશની આંતરિક સુરક્ષામાં યોગદાન સુનિશ્ચિત કરવાનો સંકલ્પ લેવા આહ્વાન કર્યું હતું. એકતા દિવસના અવસરે શપથ લેવડાવતા મોદીએ કહ્યું – હું પ્રતિજ્ઞા સાથે કહું છું કે હું મારી જાતને રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા માટે સમર્પિત કરીશ અને આ સંદેશને મારા દેશવાસીઓમાં ફેલાવવાનો પણ પૂરો પ્રયાસ કરીશ. રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સરદાર પટેલની મહેનત અને સમર્પણની પ્રશંસા કરવામાં આવી હતી.

શપથગ્રહણ બાદ યુનિટી ડે પરેડનો પ્રારંભ થયો હતો. પરેડમાં ૯ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશના પોલીસ કર્મચારીઓ, ૪ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોની ટુકડીઓ, એનસીસી કેડેટ્સ અને માર્ચિંગ બેન્ડ સાથે ૧૬ માર્ચિંગ ટુકડીઓ સામેલ છે. આ પરેડનું આકર્ષણ વધારવા એનએસજીની હેલ માર્ચ ટુકડી, બીએસએફ અને સીઆરપીએફના પુરુષ અને મહિલા બાઈકર્સની રેલી, બીએસએફ જવાનો દ્વારા માર્શલ આર્ટનું પ્રદર્શન, શાળાના બાળકોનો પાઈપ બેન્ડ શો અને ઈન્ડિયન એરનો 'સૂર્ય કિરણ' ફ્લાયપાસ્ટ જેવા અદભૂત પ્રદર્શન. ફોર્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# ચીનના યુવકે શ્રવણકુમારની જેમ માતાને પોતાના ખભા પર બેસાડી કરાવી યાત્રા

## તિયાનશાન પર્વતો, તિયાનચી તળાવ અને શિનજિયાંગના અન્ય સ્થળો બેઈજિંગના તિયાનમેન સ્ક્વેર અને ગ્રેટ વોલનો માતાને કરાવ્યો પ્રવાસ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

પૌરાણિક કથાઓમાં શ્રવણ પોતાના માતા-પિતાને ખૂબ પ્રેમ કરવા માટે જાણીતો છે. તેમના અંધ માતા-પિતાની સેવા કરવા માટે શ્રવણ કુમારે તે બધું કર્યું જે સામાન્ય માણસ ક્યારેય કરી શકતો નથી. તેના માતા-પિતાની દરેક ઈચ્છા પૂરી કર્યા બાદ જ્યારે તેના માતા-પિતાએ કહ્યું કે તેને તીર્થયાત્રા પર જવું છે ત્યારે શ્રવણ કુમારે પોતાના ખભા પર કાવડ લઈને તેના અંધ માતા-પિતાને તેમાં બેસાડ્યા હતા. આવી જ રીતે ચીની વ્યક્તિ પોતાની માતાને ખભા પર લઈને ચીનના પ્રવાસે નીકળી છે.



જિયાઓ મા માત્ર આઠ વર્ષના હતા ત્યારે તેમના માતા-પિતા સાથે એક ભયાનક કાર અકસ્માતમાં સર્જાયો હતો. જેણે તેમના પિતાનો જીવ લીધો હતો અને તેમની માતા ચાલવા માટે અસમર્થ બની હતી. તેણે અને તેની મોટી બહેનને પોતાની સાથે સાથે તેમની માતાની પણ કાળજી લેવી પડી હતી. મોટા થઈને તેણે ખેતરોમાં કપાસનું કામ કર્યું, વિવિધ ક્ષેત્રોમાં નિષ્ણાત જીઆઓએ શિનજિયાંગમાં પોતાનું રેસ્ટોરન્ટ ખોલ્યું. તેણે મેળવેલા મોટા ભાગના પૈસા તેની માતાની પાછળ ખર્ચવામાં આવ્યા હતા અને તેની મહેનતનું ફળ મળ્યું કારણ કે તે ધીમે ધીમે વ્હીલચેર પર બેસીને થોડા નાના પગલાં ભરવા સક્ષમ થયાં હતા. જો કે, થોડા વર્ષો પહેલા જિયાઓ શોધ્યું હતું કે તેની માતાની મગજની કૃશતા માત્ર અસાધ્ય નથી પણ તે સતત ગતિએ આગળ વધી રહી છે. ત્યારે તેણે તેની માતા સાથેના બાકીના સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનું નક્કી કર્યું.

તેના વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે જિયાઓએ તેનું ઘર અને તેની કાર વેચવાનું નક્કી કર્યું જેથી તે માતાને ચીનના પ્રવાસે લઈ શકે. તેની માતાનું મન નાના બાળક જેવું છે, તેથી મા તેની સાથે શક્ય તેટલો વધુ સમય પસાર કરવા માંગે છે. જિયાઓ તેની માતા સાથે ખભા પર મુસાફરી કરવા નીકળ્યા હતા. તેઓએ તિયાનશાન પર્વતો, તિયાનચી તળાવ અને શિનજિયાંગના અન્ય સ્થળો તેમજ બેઈજિંગના તિયાનમેન સ્ક્વેર અને ગ્રેટ વોલની મુલાકાત લીધી છે. તે હવે બોલી શકતા નથી, પરંતુ જ્યારે બંને મુસાફરી કરે છે ત્યારે તે હંમેશા સ્મિત કરે છે.

# જેનરેટિવ એઆઈ ક્ષેત્રે ભારત ૨૦૨૮ સુધીમાં અમેરિકાને પાછળ છોડી દેશે

## ગિટહબ અહેવાલ અનુસાર જેનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મામલે ભારત બીજા સ્થાને પહોંચી ગયું

**નવી દિલ્હી**

જેનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના મામલે ભારત બીજા સ્થાને પહોંચી ગયું છે. ભારતમાં ડેવલપર્સ તેમની સંપૂર્ણ તાકાત એઆઈ માં લગાવી રહ્યા છે. ગિટહબના રિપોર્ટ અનુસાર, પ્લેટફોર્મ પર ભારતીય ડેવલપર્સની સંખ્યા ૨૮% વધીને ૨૦૨૪માં ૧.૭ કરોડને પાર કરી જશે.

આ વર્ષે ફેબ્રુઆરી સુધીમાં લગભગ ૧.૩૨ કરોડ ભારતીય ડેવલપર્સ ગિટહબનો ઉપયોગ કરી રહ્યા હતા, જ્યારે યુએસમાં આ સંખ્યા ૨ કરોડ હતી. એવો અંદાજ છે કે ભારત ૨૦૨૮ સુધીમાં અમેરિકાને પાછળ છોડી શકે છે. ગિટહબના સીઈઓ થોમસ ડોહમ્કેએ જણાવ્યું હતું કે, ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા ટોચના-૧૦ ડેવલપર કમ્યુનિટીની યાદીમાં સામેલ થયું છે.




ડોહમ્કેએ સોશિયલ મીડિયા પર આ દેશોની યાદી શેર કરી છે. આમાં અમેરિકા પ્રથમ સ્થાને, ભારત બીજા સ્થાને, હોંગકોંગ ત્રીજા સ્થાને, ચીન ચોથા સ્થાને અને જર્મની પાંચમા સ્થાને છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેનરેટિવ એઆઈના ઉપયોગ અંગે ભારતીય ડેવલપર પર જાહેર કરાયેલા અહેવાલ પર ખુશી વ્યક્ત કરી છે.જ્યારે નવીનતા અને ટેક્નોલોજીની વાત આવે છે ત્યારે ભારતીય યુવાનો શ્રેષ્ઠ છે, એમ તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું.

# પૃથ્વી પરના દર ત્રણ પ્રજાતિના વૃક્ષોમાંથી એક લુપ્ત થવાના આરે

## જૈવવિવિધતા પર સંયુક્ત રાષ્ટ્ર સીઓપી-૧૬ સમિટમાં બહાર પાડવામાં આવ્યો રીપોર્ટ ૪૭,૦૦૦ થી વધુ પ્રજાતિઓનું મૂલ્યાંકન: અભ્યાસમાં ૧,૦૦૦થી વધુ નિષ્ણાંતો સામેલ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

પૃથ્વી પર હાજર વૃક્ષોની દર ત્રણ પ્રજાતિમાંથી એક લુપ્ત થવાના આરે છે. જેના કારણે પૃથ્વી પર જીવન જોખમમાં આવી શકે છે. તાજેતરના એક અહેવાલમાં આ ચેતવણી આપી છે. ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચરની રેડ લિસ્ટ ઓફ થ્રેટેનડ સ્પીસીઝ હેઠળ જૈવવિવિધતા પર સંયુક્ત રાષ્ટ્ર સીઓપી-૧૬ સમિટ દરમિયાન બહાર પાડવામાં આવેલા રિપોર્ટમાં આ વાત કહેવાઈ છે.

અહેવાલ મુજબ, વૃક્ષોની ૧૬,૦૦૦ થી વધુ પ્રજાતિઓ લુપ્ત થવાનું જોખમ છે. અભ્યાસ માટે ૪૭,૦૦૦ થી વધુ પ્રજાતિઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ અભ્યાસમાં ૧,૦૦૦ થી વધુ નિષ્ણાંતો સામેલ હતા. એવો અંદાજ છે કે વિશ્વભરમાં વૃક્ષોની ૫૮,૦૦૦ પ્રજાતિઓ છે. અહેવાલમાં પ્રજાતિઓને બચાવવા માટે વૃક્ષારોપણ દ્વારા વન સંરક્ષણ અને પુનઃસ્થાપન તેમજ બીજ બેંકો અને વનસ્પતિ ઉદ્યાનોમાં તેમના સંરક્ષણ માટે કહેવામાં આવ્યું છે.



રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જંગલો ઝડપથી ઘટી રહ્યા છે, લાકડા માટે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જેના કારણે ખેતી અને માનવીય વિસ્તરણ માટે જમીન મુક્ત કરવામાં આવી રહી છે. આબોહવા પરિવર્તન પણ દુષ્કાળ અને જંગલની આગ જેવી સમસ્યાઓના કારણે વધારાનો ખતરો વધારી રહ્યું છે. એક્સપર્ટ એમિલી બીચે કહ્યું કે લોકો ખોરાક, લાકડું, બળતણ અને દવાઓ માટે વિવિધ જાતિના વૃક્ષો પર આધાર રાખે છે. વૃક્ષો ઓક્સિજન બનાવે છે. તેઓ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડ જેવા ઉષ્મા-જાળમાં રહેલા વાયુઓને પણ શોષી લે છે. આઈયુસીએનના ડાયરેક્ટર-જનરલ ગ્રેટેલ એગ્યુલરે જણાવ્યું હતું કે પૃથ્વી પર જીવન ટકાવી રાખવા માટે વૃક્ષો આવશ્યક છે અને લાખો લોકો તેમના જીવન અને આજીવિકા માટે તેમના પર નિર્ભર છે. ૨૦૧૫માં પ્રકાશિત થયેલા એક અભ્યાસ મુજબ વિશ્વમાં અંદાજે ૩૦૦ અબજ વૃક્ષો છે. સાયન્સ જર્નલ નેચરમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં અંદાજ છે કે દર વર્ષે ૧૫ અબજથી વધુ વૃક્ષો કાપવામાં આવે છે અને માનવ સભ્યતાની શરૂઆતથી જ વૈશ્વિક વૃક્ષોની સંખ્યા લગભગ અડધી થઈ ગઈ છે. ટાપુઓ પર વૃક્ષોની પ્રજાતિઓ લુપ્ત થવાનું સૌથી મોટું જોખમ છે, જ્યાં ઝડપી શહેરી વિકાસ, કૃષિ વિસ્તરણ અને પરિચયિત પ્રજાતિઓ, જંતુઓ અને રોગો જવાબદાર છે. દક્ષિણ અમેરિકામાં જે વિશ્વમાં સૌથી વધુ વૃક્ષોની વિવિધતા ધરાવે છે, ૧૩,૬૬૮ મૂલ્યાંકિત પ્રજાતિઓમાંથી ૩,૩૫૬ લુપ્ત થવાનો ભય છે.

# બદાયુંમાં ટ્રેક્ટર અને રીક્ષા વચ્ચે અકસ્માત: ૬ લોકોના મોત

## બે મહિલા, બે બાળકો અને બે યુવકોના મોત: દિવાળી મનાવવા માટે દિલ્હીથી જઈ રહ્યા હતા : પાંચ ગંભીર

**આજકાલ પ્રતિનિધિ**
**બદાયું**

બદાયું જિલ્લામાં ટ્રેક્ટર ટ્રોલી અને ઓટો વચ્ચે જોરદાર ટક્કર થઈ છે. આ દુર્ઘટનામાં ૬ લોકોના મોત થયા છે. આ સિવાય ૫ લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા છે. એક મૃતક બરેલીનો રહેવાસી છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રાહત બચાવ કામગીરી ચાલી રહી છે.

બદાયુંના મુઝરિયા ગામ પાસે આ અકસ્માત થયો હતો. જેના કારણે પરિવારના સભ્યોમાં ફફડાટ ફેલાયો છે. આ લોકો દિવાળી મનાવવા માટે દિલ્હીથી જઈ રહ્યા હતા. પોલીસનું કહેવું છે કે બે મહિલાઓ, બે બાળકો અને બે યુવકોના મોત થયા છે. એસડીએમ, સીઓ સહિત તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. આ અકસ્માત મુઝરિયા પોલીસ સ્ટેશન વિસ્તારના મુઝરિયા ગામ પાસે થયો હતો.

બદાયુંના ડીએમ નિધિ શ્રીવાસ્તવના જણાવ્યા અનુસાર, દિલ્હી બદાયું ન રોડ પર મુઝરિયા બાયપાસ પર સવારે ૭ વાગે ટ્રેક્ટર ટ્રોલી અને ઓટો વચ્ચે અકસ્માત થયો હતો.

જેમાં ઓટોમાં મુસાફરી કરી રહેલા પાંચ લોકોના મોત થયા હતા. આ અકસ્માત બાદ પાછળથી આવી રહેલી કારે કાબુ ગુમાવ્યો હતો અને ડિવાઈડર સાથે અથડાઈ હતી. કુલ ૬ લોકોના મોત થયા છે. કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેક્ટર ટ્રોલી રોંગ સાઈડથી આવી રહી હતી. અચાનક એક બાઈક વચ્ચે આવી અને તેને બચાવવા જતાં આ અકસ્માત થયો.

# જોધપુરમાં મહિલાના શરીરના ગ્રાઈન્ડરથી છ ટૂકડા કરી હત્યા

## મૃતક મહિલા અનીતા ચૌધરી હત્યારા ગુલામુદ્દીનને ભાઈ માનતી હતી

**આજકાલ પ્રતિનિધિ**
**જયપુર**

રાજસ્થાનના જોધપુરમાં દિવાળી પહેલા એક સનસનીખેજ ઘટના સામે આવી છે. ત્યાં એક મહિલાની હત્યા કરીને તેના મૃતદેહના ૬ ટુકડા કરીને એક થેલામાં ભરીને ૧૦ ફૂડ ઊંડા ખાડામાં દાટી દેવાયા. ૫૦ વર્ષીય અનીતા ચૌધરી બ્યુટીશિયનનું કામ કરતી હતી, આ સાથે જ તે પ્રોપર્ટી ડીલિંગનો બિઝનેસ પણ કરતી હતી. ઘટના જોધપુરના બોરાનાડા વિસ્તારના ગંગાણા ગામની છે. મહિલા ત્રણ દિવસથી ગાયબ હતી. પરિવાર દ્વારા ગુમ થયાની ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ તપાસ કરી રહી હતી. બુધવારે પોલીસને સફળતા મળી અને અનીતાનો મૃતદેહ જોધપુરના ગંગાના વિસ્તારમાં માટીની અંદર દટાયેલો મળ્યો.

મળતી માહિતી પ્રમાણે સરદારપુર વિસ્તારમાં રહેતી અનીતા ચૌધરી એક બ્યુટી પાર્લર ચલાવતી હતી. ૨૭ ઓક્ટોબરે તેના પરિવારજનોએ સરદારપુરા પોલીસ સ્ટેશનમાં ગુમ થવાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જ્યારે મહિલા અંગે શોધખોળ શરૂ કરી તો સીસીટીવી ફૂટેજમાં ટેક્સીમાં બેસીને તે જતી નજર આવી. જેથી ટેક્સી નંબરના આધારે ડ્રાઈવરને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો. ટેક્સી ડ્રાઈવરે જણાવ્યું કે મહિલાને મે ગંગાના વિસ્તારમાં છોડી હતી. પોલીસને એ જાણવા મળ્યું કે જે ઘરે ટેક્સી ડ્રાઈવર મહિલાને છોડી તે મહિલાના બ્યુટી પાર્લરની પાસે જ રફુની દુકાન ચલાવનાર ગુલામુદ્દીનનું મકાન હતું. ગુલામુદ્દીન ઘરે ન મળતાં પોલીસને શંકા થઈ.

પરિવારજનોને જ્યારે કડકાઈથી પૂછવામાં આવ્યું તો ગુલામુદ્દીનના પરિવારે જણાવ્યું કે મહિલાની હત્યા કરીને તેનો મૃતદેહ ઘરની સામે જ ૧૦ ફૂટ ઊંડા ખાડામાં દાટી દેવામાં આવ્યો છે. તે બાદ પોલીસે ગુલામુદ્દીનની પત્નીની ધરપકડ કરી લીધી. ખાડામાંથી મૃતદેહ કાઢતા જણાયું કે મહિલાનું ગળું, બંને હાથ અને બંને પગ કપાયેલા હતા. પોલીસને મૃતદેહને જોઈને લાગ્યું કે ગ્રાઈન્ડરથી શરીરના ટુકડા કરવામાં આવ્યા હશે. પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે.

મૃતક મહિલાના પુત્રનું કહેવું છે કે 'મારી માતાને વિશ્વાસમાં લઈને ગુલામુદ્દીન અને તેના પરિવારના લોકોએ ઘરે બોલાવી અને તેની હત્યા કરી દીધી. છેલ્લા ઘણા દાયકાથી ગુલામુદ્દીન સાથે પારિવારિક સંબંધ છે. ગુલામુદ્દીનને મારી માતા પોતાનો ભાઈ માનતી હતી.'


# અમિત શાહ પર કેનેડાના આરોપો ચિંતાજનક: અમેરિકા

## અમેરિકા કેનેડા સાથે પરામર્શ કરશે: કેનેડાના નાયબ વિદેશ પ્રધાન ડેવિડ મોરિસને કહ્યું કે તેણે શાહના નામની પુષ્ટિ કરી

**વોશિંગ્ટન**

અમેરિકાએ ગઈકાલે કહ્યું હતું કે ભારતીય ગૃહ પ્રધાન અમિત શાહ સામે કેનેડાના આરોપો ચિંતાજનક છે અને તે આ મુદ્દે કેનેડાની સરકાર સાથે પરામર્શ કરવાનું ચાલુ રાખશે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે તેમની પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, કેનેડા સરકાર દ્વારા ભારતના ગૃહ પ્રધાન સામે કરાયેલા આક્ષેપો ચિંતાજનક છે અને અમે આ આરોપો અંગે કેનેડા સરકાર સાથે પરામર્શ કરવાનું ચાલુ રાખીશું.

કેનેડાની રાષ્ટ્રીય સુરક્ષા અને ગુપ્તચર સલાહકાર નથાલી ડ્રોઈન, નાયબ વિદેશ પ્રધાન ડેવિડ મોરિસન અને કેનેડાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિના સભ્યોએ વોશિંગ્ટન પોસ્ટ દ્વારા લીક થયેલા અહેવાલની પુષ્ટિ કરી છે કે કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદીઓને નિશાન બનાવવાની યોજના પાછળ ભારતના ગૃહ મંત્રી અમિત શાહનો હાથ હતો.



એક પ્રશ્નના જવાબમાં મોરિસને કહ્યું હતું કે તેમણે વોશિંગ્ટન પોસ્ટને શાહના નામની પુષ્ટિ કરી છે. તેમણે કહ્યું, પત્રકારે મને ફોન કરીને પૂછ્યું કે શું આ તે જ વ્યક્તિ છે. મેં પુષ્ટિ કરી કે તે એ જ વ્યક્તિ છે.

# એનએસઈએ રચી દીધો ઈતિહાસ એકાઉન્ટ્સની સંખ્યા ૨૦ કરોડને પાર

## એનએસઈ પર ૮ મહિના પહેલા ૧૬.૯ કરોડ ખાતા હતા: ગુજરાત ૧.૮ કરોડ ખાતા સાથે ત્રીજા ક્રમે: મહારાષ્ટ્ર ૩.૬ કરોડ સાથે પ્રથમ ક્રમે

**નવી દિલ્હી**

ભારતીય શેરબજાર વર્ષ ૨૦૨૪માં સર્વકાલીન ઉચ્ચ સ્તરને સ્પર્શવામાં સફળ રહ્યું છે. ઓક્ટોબરમાં પણ બજારમાં ભારે વધઘટ જોવા મળી છે. આમ છતાં શેરબજારમાં ટ્રેડિંગ માટેની સ્પર્ધાના કારણે નેશનલ સ્ટોક એક્સચેન્જે ઈતિહાસ રચ્યો છે. ઓક્ટોબર ૨૦૨૪માં, એનએસઈના કુલ ક્લાયન્ટ એકાઉન્ટ્સની સંખ્યા ૨૦ કરોડને વટાવી ગઈ છે. એનએસઈ પર ૮ મહિના પહેલા ૧૬.૯ કરોડ ખાતા હતા, એટલે કે છેલ્લા ૮ મહિનામાં નવા ખાતાઓની સંખ્યામાં જોરદાર વધારો થયો છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જે કહ્યું કે રાજ્યોના પ્રતિનિધિત્વને જોતા કુલ ખાતાઓમાં મહારાષ્ટ્ર પ્રથમ સ્થાને છે. મહારાષ્ટ્રમાંથી કુલ ૩.૬ કરોડ ખાતા છે. ઉત્તર પ્રદેશ ૨.૨ કરોડ ખાતા સાથે બીજા સ્થાને છે. ગુજરાત ૧.૮ કરોડ ખાતા સાથે ત્રીજા ક્રમે આવે છે જ્યારે રાજસ્થાન અને પશ્ચિમ બંગાળ બંને ૧.૨ કરોડ ખાતા સાથે ત્રીજા ક્રમે આવે છે. ફક્ત આ રાજ્યોનો સમાવેશ કરો, કુલ ગ્રાહકોના ખાતામાં આ રાજ્યોનો હિસ્સો ૫૦ ટકાની નજીક છે. જ્યારે કુલ ખાતામાંથી ત્રણ ચતુર્થાંશ ખાતા દેશના ટોચના ૧૦ રાજ્યોના છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જે જણાવ્યું હતું કે અનન્ય રજિસ્ટર્ડ રોકાણકારોનો આધાર ૧૦.૫ કરોડ સુધી પહોંચી ગયો છે અને ૮ ઓગસ્ટના રોજ તેણે ૧૦ કરોડ અનન્ય નોંધાયેલા રોકાણકારોનો આંકડો પાર કર્યો હતો. આ સિદ્ધિ પર, એનએસઈ ના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણને કહ્યું કે, અમે અમારા રોકાણકારોના આધારમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે અને ફેબ્રુઆરી ૨૦૨૪માં ૧૭ કરોડ ખાતામાંથી માત્ર ૮ મહિનામાં એક્સચેન્જમાં ૩ કરોડ ખાતાનો વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, આ પ્રભાવશાળી વૃદ્ધિ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને ટેક્નોલોજીકલ ઈનોવેશનને કારણે ભારતની વૃદ્ધિની વાર્તામાં રોકાણકારોના મજબૂત વિશ્વાસને દર્શાવે છે. મોબાઈલ ટ્રેડિંગ એપ્લીકેશનની સ્વીકૃતિમાં વધારો થવાને કારણે અને રોકાણકારોની જાગરૂકતા વધારવા અને ડિજીટલાઈઝેશન વધારવાના સરકારના પ્રયાસોને કારણે માર્કેટ એક્સેસમાં વધારો થયો છે અને ટિયર ૨, ૩ અને ૪ શહેરોમાં રોકાણકારોને સૌથી વધુ ફાયદો થયો છે.



# સલમાન કરતા લોરેન્સ બિશ્નોઈ હજાર દરજ્જે સારો

## ભાઈજાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલીએ બોલવામાં કશું બાકી ન રાખ્યું

સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સોમી અલી ફરી તેના વિવદીત નિવેદનોને લઈને ચર્ચામાં આવી છે. જેમા તેણે એવું કહ્યું કે સલમાન ખાને મારી સાથે જે કર્યું તે ઘણું જ ખરાબ હતું. સાથે જ તેણે એવું પણ કહ્યું કે તેના કરતા લોરિંસ બિશ્નોઈ સારો છે. જેથી તેના આ નિવેદનને લઈને ફરી એકવાર તે ચર્ચામાં આવી છે. તેણે લોરેન્સ બિશ્નોઈ સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર વાત કરી. સાથે જ સલમાન ખાનની એક્સ ગર્લફ્રેન્ડ સંગીતા બિજલાની અને કેટરીના કૈફની પણ વાત કરી અને એશ્વર્યા રાય વિશે પણ વાત કરી. સાથે જ તેણે એવું પણ કહ્યું કે લોરેન્સ બિશ્નોઈ સલમાન ખાન કરતા સારો છે.સોમી અલી સાથે થયેલી ખાસ વાતચીતમાં તેને પૂછવામાં આવ્યું કે સલમાન તેમની એક્સ ગર્લફ્રેન્ડ સંગીતા અને કેટરીના સાથે સારા સંબંધ રાખે છે પણ તેની સાથે નહીં તેવું શા માટે? ત્યારે સોમીએ જવાબ આપ્યો કે સલમાને મારી સાથે જે વર્તન કર્યું તેવું બીજા કોઈની સાથે નથી કર્યું. સંગીતા અને કેટરીનાને સલમાને એટલી હેરાન નથી કરી જેટલી મને કરી છે.

વધુમાં સોમી અલીએ એવું પણ કહ્યું કે સલમાને એશ્વર્યા સાથે પણ ખરાબ વ્યવહાર કર્યો છે. મને લાગે છે કે તેણે એશ્વર્યાના ખભાનું હાડકું તોડી નાખ્યું હતું. પરંતુ કેટરીના સાથે શું કર્યું તેની મને ખબર નથી.સોમીએ વધુમાં સલમાન ખાનની તુલના લોરેન્સ બિશ્નોઈ સાથે કરી અને કહ્યું કે તેણે મારી સાથે જે કર્યું તે મુજબ હું કહી શકું કે લોરેન્સ તેના કરતા સારો છે. તેણે એવું પણ કહ્યું કે મને સલમાને એક વાર મારી પણ હતી. તે સમયે તેના ઘરના નોકરે દરવાજો ખખડાવીને વિનંતી કરી હતી કે મને ના મારે.ઉપરાંત સોમી અલીએ એવું પણ કહ્યું કે એકવાર હું તબ્બુની હાલત જોઈને રડી હતી. તેણે કહ્યું કે એકવાર મને પીઠમાં દુઃખતું હતું અને લાંબા સમય સુધી હું બેડ પર હતી. તબ્બુ મારી હાલત જોઈને ઘણી રડી હતી. સાથે જ તેણે એવું કહ્યું કે સલમાનની માતા અને તેના નજીકના મિત્રો સિવાય કોઈને પણ સલમાનના આ વ્યવહાર વિશે પૂરી જાણકારી નથીહાલ સોમી અલી તેના સલમાન ખાન સાથેના સંબંધોને લઈને બુક લખી રહી છે. જેમાં તે દરેક વસ્તુને વિસ્તારપૂર્વક જણાવશે. સોમી અલી ૯૦ના દાયકામાં બોલિવૂડમાં એક્ટિવ હતી. તે સલમાન ખાન સાથે અંદાજે ૮ વર્ષ સુધી રિલેશનશિપમાં રહી હતી.

જોકે બાદમાં સલમાન ખાન એશ્વર્યાને ડેટ કરવા લાગ્યો અને ૧૯૯૯માં જ્યારે સોમી અલીએ ભારત છોડ્યું ત્યારે સલમાને તેની સાથે બ્રેકઅપ કરી લીધું હતું. હાલ સોમી અલી નો મોર ટિયર્સ નામનું એનજીઓ ચલાવે છે જેમાં તે માનવ તસ્કરી અને ઘરેલુ હિંસાના પીડિતોની મદદ કરે છે.

# ગ્લેમર ગર્લ્સ ફટાકડા પર પ્રતિબંધના સમર્થનમાં



દિવાળી એ રોશનીનો તહેવાર છે અને લોકો ફટાકડા ફોડીને આ તહેવારની ઉજવણી કરવાનું પસંદ કરે છે. પરંતુ ઘણા બોલિવૂડ સ્ટાર્સ દિવાળી પર ફટાકડા ફોડવાનું ટાળે છે.એક તરફ દિલ્હીમાં પ્રદુષણ ભયંક હદે વધ્યું છે અને ફટાકડાથી આરોગ્ય પર વિપરીત અસર થાય છે ત્યારે બોલીવુડ સ્ટાર્સ પણ હિદાયત આપે છે કે ફટાકડાથી દુર રહો. દિવાળીનો તહેવાર દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. બોલિવૂડમાં પણ રોશનીનાં આ તહેવાર પર ખૂબ જ ધૂમધામ જોવા મળી રહી છે. ઘણા સેલેબ્સ આ તહેવાર પર ફટાકડા ફોડવાનું પસંદ કરતા નથી.જેમાં આલિયા થી અનુષ્કા સહીત અનેક સ્ટાર્સ સામેલ છે. બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા દિવાળીના તહેવારની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરે છે. પરંતુ તેમને આ તહેવાર પર ફટાકડા ફોડવાનું પસંદ નથી. આલિયા ભટ્ટ બોલિવૂડની ટોચની અભિનેત્રી છે. તેણે તેની મજબૂત અભિનય કુશળતા સાબિત કરી છે. આલિયા પણ રોશનીનો તહેવાર ઉજવવાનું પસંદ કરે છે પરંતુ તે ફટાકડા ફોડવાને ટાળે છે. તેઓ અન્ય લોકોને ફટાકડા ફોડવાથી બચવા માટે પણ જ્ઞાન આપે છે. અનન્યા પાંડેને પણ દિવાળીના તહેવારની ઉજવણી કરવી ગમે છે પરંતુ તે ફટાકડા ફોડવાનું પસંદ કરતી નથી અને અન્ય લોકોને ફટાકડાથી દૂર રહેવાની સલાહ આપે છે. બોલિવૂડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરા આજે ગ્લોબલ આઈકોન બની ગઈ છે. અભિનેત્રી દિવાળીના તહેવારને સાદગીથી ઉજવે છે અને ફટાકડાથી દૂર રહે છે. પોતાની ગ્લેમરસ સ્ટાઈલથી ચાહકોના દિલને ઠેસ પહોંચાડનારી અભિનેત્રી દિશા પટણીને પણ દિવાળી પર ફટાકડા ફોડવાનું પસંદ નથી. સોનમ કપૂર બોલિવૂડની ફેશન આઈકોન છે. અભિનેત્રી લાંબા સમયથી સ્ક્રીનથી દૂર છે પરંતુ તે લાઈમલાઈટમાં રહે છે. સોનમને પણ દિવાળીનો તહેવાર મનાવવો ગમે છે પરંતુ તેને ફટાકડા ફોડવાનું પસંદ નથી. નેહા ધૂપિયા પણ દિવાળી પર ફટાકડા ફોડવાનું ટાળે છે, જોકે અભિનેત્રી દિવાળીનો તહેવાર તેના પરિવાર સાથે ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે. બોલિવૂડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનને પણ ફટાકડા ફોડવાનું પસંદ નથી અને તે તહેવારોમાં લોકોને ફટાકડાથી દૂર રહેવાની સલાહ પણ આપે છે.

## સામંથા રૂથ પ્રભુએ એક્શન ફિલ્મો કરવા બદલ બન્ને અભિનેત્રીના ભરપેટ વખાણ કર્યા

# આલિયા-દીપિકા સ્ટાઈલ સાથે એક્શન મૂવ આઈકોન

સામાન્ય રીતે એવું જોવા મળતું હોય કે અભિનેત્રીઓ વચ્ચે ઈર્ષાભાવ વધુ હોવાથી કોઈ કોઈના વખાણ ન કરે પરંતુ સામંથા રૂથ પ્રભુએ નવો ચીલો ચાતર્યો છે. સાઉથ સુપરસ્ટારએ કહ્યું કે તે પ્રેરણાદાયી છે કે આલિયા ભટ્ટ, દીપિકા પાદુકોણ અને અનુષ્કા શેટ્ટી જેવી મહિલા કલાકારો મુખ્ય એક્શન મૂવીઝને આગળ ધપાવી રહી છે, દક્ષિણ સ્ટાર સામંથા રૂથ પ્રભુ કહે છે, જેમણે તેની આગામી શ્રેણી, સિટાડેલઃ હની બન્ની સાથે પણ શૈલીમાં ડૂબકી લગાવી છે.

રાજ નિદિમોરુ અને ક્રિષ્ના ડીકે દ્વારા દિગ્દર્શિત, આ શ્રેણી વિશાળ વૈશ્વિક સિટાડેલ બ્રહ્માંડનો એક ભાગ છે જેમાં તેના પિતૃ શો રિચાર્ડ મેડન અને પ્રિયંકા ચોપરા જોનાસ



છે, જ્યારે માટિલ્ડા ડી એન્જેલિસ ઈટાલિયન સંસ્કરણમાં છે.ભારતના પ્રકરણમાં વરુણ ધવન અને સામંથા અનુક્રમે જાસૂસ એજન્ટ બન્ની અને હની તરીકે દર્શાવવામાં આવ્યા છે.મને ખુશી છે કે મેં એક નવું પાસું અથવા શૈલી શોધી કાઢી છે જે મને ઉત્સાહિત કરે છે, જે એક્શન છે. ઘણી અભિનેત્રીઓ એક્શનમાં વ્યસ્ત છે અથવા ડૂબકી મારી રહી છે જેમ કે આલિયા એક્શન કરી રહી છે, દીપિકા અને કેટરિનાએ હંમેશા એક્શન કર્યું છે, દિશા અને કિયારા તે કરી રહી છે. હવે, અને કંગનાએ એક્શન કર્યું છે. તમિલ અને તેલુગુ સિનેમામાં એક મોટું નામ, સમન્થા યે માયા ચેસાવે, ઈગા, નીથાને એન પોનવાસંતમ, મહાનતી અને સુપર ડીલક્સ જેવી ફિલ્મોમાં તેના અભિનય માટે જાણીતી છે.

સામંથા, જેમની પ્રથમ હિન્દી શ્રેણી ધ ફેમિલી મેન ૨, પણ રાજ અને ડીકે દ્વારા નિર્દેશિત, તેણીને મુખ્ય ભૂમિકામાં દર્શાવવામાં આવી હતી.

પ્રતિસ્પર્ધીએ કહ્યું કે શોમાં તેની મોટાભાગની એક્શન સિકવન્સ લગભગ કાપી નાખવામાં આવી હતી. જે એક સમયે જેમ્સ બોન્ડ અને સિટાડેલઃ હની બન્ની નું સ્ત્રી સંસ્કરણ ભજવવા માંગતી હતી તે પ્રખ્યાત કાલ્પનિક પાત્રની તર્જ પર જાસૂસનું ચિત્રણ કરવાના તેના સ્વપનની સૌથી નજીક છે.

સામંથા રૂથ પ્રભુએ કહ્યું કે કોણ ઘણી બધી શાનદાર ક્રિયાઓ કરવા અને જાસૂસની ભૂમિકા ભજવવા નથી માંગતા, મને લાગે છે કે તે દરેક અભિનેતાના સ્વપન સૂચિમાં છે, જેમ્સ બોન્ડ એ અંતિમ ભૂમિકા ભજવવાની છે,અભિનેત્રી તરીકે, અમે તેના વિશે ખૂબ જ ઉત્સાહિત છીએ. તે ક્રિયા કરવાનું ખૂબ જ આનંદદાયક હતું.

હવે અભિનેતા તેના સિટાડેલઃ હની બન્ની કો-સ્ટાર ધવન સાથે કોમેડી ફિલ્મમાં કામ કરવા માંગે છે.

ગ્લોબલ ડ્રામા સિટાડેલનું ઈન્ડિયા ચેપ્ટર, જેમાં કે કે મેનન, સાકિબ સલીમ અને સિકંદર ખેર પણ અભિનિત છે, તે ૭ નવેમ્બરે પ્રાઈમ વીડિયો પર ડેબ્યૂ કરશે.



## સિદ્ધાર્થ મલ્હોત્રાએ કર્યું ઉદ્ધતાઈનું પ્રદર્શન

*ફેનને બદ્દતમીઝ કહી તેની સામે જોયા વિના આગળ નીકળી ગયો. બોલીવુડ સ્ટાર્સ ઘણીવાર ફેમસ થઈ ગયા પછી માનવતા ચુકી જતા હોય છે અને કીર્તિના કલ્દારના જોરે લોકો સાથે બેઈજ્જતી કરતા અચકાતા નથી. અભિનેતા સિદ્ધાર્થ મલ્હોત્રા પોતાના વર્તનના લીધે આજકાલ ટ્રોલ થએ રહ્યો છે. સિદ્ધાર્થ મલ્હોત્રા તાજેતરમાં એરપોર્ટ પર જોવા મળ્યો હતો અને ત્યાં તેની વર્તણૂકથી ચાહકોને દુઃખ થયું છે. એક ચાહક તેની પાછળ દોડી રહ્યો હતો અને તેને તેનો સ્કેચ જોવાનું કહી રહ્યો હતો પરંતુ અભિનેતાએ પાછું વળીને જોયું પણ નહીં. તેના વર્તનથી તે ટ્રોલિંગનો શિકાર બન્યો છે. સેલિબ્રિટીઝ માટે દરરોજ એરપોર્ટ પર ચાહકોને મળવું એ કોઈ મોટી વાત નથી પરંતુ જ્યારે તેઓ તેમની સાથે કંઈક સારું કે ખરાબ કરે છે ત્યારે તે બધાને દેખાઈ જાય છે. ખાસ કરીને તે ચાહકોમાં જેઓ તેને માન અને સન્માન આપે છે. હાલમાં જ સિદ્ધાર્થ મલ્હોત્રા એરપોર્ટ પર એક એવા ફેન માટે ટ્રોલ થયો હતો જેની સાથે તેણે કંઈ સારું કર્યું નથી. એક પ્રશંસક અભિનેતાનું હાથથી દોરેલું સ્કેચ લઈને તેની પાસે આવ્યો અને તેની બાજુમાં ચાલી રહ્યો હતો. જો કે, સિદ્ધાર્થ તેની સુરક્ષા ટીમ સાથે હતો અને તેણે તેની અવગણના કરી. આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો છે. સિદ્ધાર્થ મલ્હોત્રાના આ વર્તનને કારણે લોકો તેને સારા અને ખરાબ કહી રહ્યા છે. અમુક ફેન્સની પ્રતીક્રિયા ભારે તીખી હતી.*

## ધાર્મિક વૃત્તિની સારા ફરી પહોંચી કેદારનાથ




બોલિવૂડની જાણીતી અભિનેત્રી સારા અલી ખાન આ દિવસોમાં દેવભૂમિ ઉત્તરાખંડના પ્રવાસે છે. તેણે તાજેતરમાં બાબા કેદારનાથના દર્શન કર્યા અને તેની યાત્રાની કેટલીક સુંદર તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યા. સારાએ સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી છે, જેમાં તે ભક્તિમાં મગ્ન થતી જોવા મળી રહી છે. સારાની મંદિર પરિસરમાં માથું નમાવતી અને ભગવાન શિવની પૂજા કરતી તસવીર જોઈ ફેન્સ પણ તેની ધાર્મિક વૃત્તિના વખાણ કરી રહ્યા છે.સારા તેના કપાળ પર ચંદન લગાવ્વાનું ભૂલી નથી અને દુપટ્ટાથી માથું ઢાંકી પૂજા કરી રહી હોય તેવી તસવીરોએ લોકોને ઘેલું લગાડ્યું છે. અભિનેત્રીની આ તસવીરો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે અને ચાહકો તેના વખાણ કરી રહ્યા છે. સારાએ કેદારનાથ મંદિર ઉપરાંત ઉત્તરાખંડની સુંદર તસવીરો અને વીડિયો પણ શેર કર્યા છે. સારા અલી ખાનની આ યાત્રા તેના ચાહકો માટે સરપ્રાઈઝ રહી છે. અભિનેત્રી ઘણીવાર તેની ધાર્મિક માન્યતાઓ વિશે વાત કરે છે અને ઘણીવાર મંદિરોના દર્શને જતી રહે છે.

# સિંઘમ અગેન,ભૂલભૂલૈયા-૩નો ચાર્મ છવાયો

## રિલીઝ પહેલા જ દોઢ લાખથી વધુ એડવાન્સ ટિકિટ બુક, ફેન્સ ફિલ્મ એન્જોય કરવા આતુર

એડવાન્સ બુકિંગની વાત કરીએ તો કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' એક્શન ડ્રામા ફિલ્મ 'સિંઘમ અગેન' અને હોરર કોમેડી ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩' કરતા આગળ છે.પરંતુ બન્ને ફિલ્મ હવે પોતાનો અલગ જ ચાર્મ ઉભો કરવામાં સફળ નીવડી છે.કાર્તિક આર્યન અને અજય દેવગન માટે શુક્રવારનો દિવસ ખૂબ ખાસ રહેવાનો છે. આ દિવસે કાર્તિક અને અજયની અત્યાર સુધીની સૌથી મોટી ફિલ્મ સિનેમાઘરોમાં રીલિઝ થવા જઈ રહી છે. રિલીઝ પહેલા બંને ફિલ્મોનું એડવાન્સ બુકિંગ પણ શરૂ થઈ ગયું છે. હવે આ બંનેમાંથી કઈ ફિલ્મ બોક્સ ઓફિસ પર આગળ રહેશે તે તો શુક્રવારે જ ખબર પડશે, પરંતુ એડવાન્સ બુકિંગના મામલે કઈ ફિલ્મ આગળ છે તેની માહિતી સામે આવી છે. 'સિંઘમ અગેન'ની સ્ટારકાસ્ટ ઘણી મોટી છે. તેમાં અજય દેવગન, અર્જુન કપૂર, રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, કરીના કપૂર ખાન, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ, જેકી શ્રોફ જેવા સેલેબ્સ છે. આવી સ્થિતિમાં સેકનિલ્કના અહેવાલ મુજબ આ ફિલ્મને કુલ ૧૧,૬૩૪ શો આપવામાં આવ્યા છે. જ્યારે કાર્તિક આર્યન, માધુરી દીક્ષિત, તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા ૩'ને કુલ ૮,૬૬૮ શો આપવામાં આવ્યા છે.ગુરુવારે સવારે ૬ વાગ્યા સુધી કાર્તિક આર્યનની 'ભૂલ ભૂલૈયા ૩'ની ૨,૨૯,૦૦૧ ટિકિટોનું એડવાન્સ બુકિંગ થઈ ગયું છે. જ્યારે 'સિંઘમ અગેઈન'ની ૧,૮૨,૮૮૦ ટિકિટ વેચાઈ છે.એડવાન્સ બુકિંગ દ્વારા કમાણીની વાત કરીએ તો કાર્તિક આર્યનની 'ભૂલ ભુલૈયા ૩' અજય દેવગનની 'સિંઘમ અગેન' કરતા આગળ છે. એડવાન્સ બુકિંગ દ્વારા 'ભૂલ ભૂલૈયા ૩'એ ૭.૩૯ કરોડ રૂપિયા અને 'સિંઘમ અગેઈન'એ ૫.૯૬ કરોડ રૂપિયાની કમાણી કરી છે.



# 'સિંગલ રહેવું મુશ્કેલ છે...': સોહેલની પૂર્વ પત્ની સીમાએ સાથી શોધી લીધો

## સોહેલ માટે જેને છોડ્યો તેની જ સાથે રિલેશનશિપ સ્વીકારી

સોહેલ ખાનથી તલાક લીધા બાદ સીમા હવે પૂર્વ મંગેતર સાથે રિલેશનશિપમાં છે. તેને કહ્યું કે 'સિંગલ રહેવું મુશ્કેલ છે...'

સોહેલ ખાનની એક્સ વાઈફ સીમા સજદેહ આ દિવસોમાં 'ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ વાઈવ્સ'માં ખૂબ ધમાલ મચાવી રહી છે. તે તેના જીવન વિશે દરરોજ નવા ખુલાસા કરી રહી છે. આ દિવસોમાં તે તે વ્યક્તિને ડેટ કરી રહી છે જેને તેણે સોહેલ ખાન માટે છોડી દીધી હતી.

સીમા સજદેહ અને સોહેલ ખાને આખરે છૂટાછેડા લીધા, જેમ કે 'ફેબ્યુલસ લાઈવ્સ ઓફ બોલિવૂડ વાઈવ્સ'ની ત્રીજી સીઝનમાં દર્શાવવામાં આવ્યું હતું. સીમા હવે તેના એક્સ મંગેતર વિક્રમને ડેટ કરી રહી છે, જેને તેણે અગાઉ સોહેલ ખાન માટે છોડી દીધી હતી. શોના છેલ્લા એપિસોડમાં સીમા અને વિક્રમના રોમાંસનો ખુલાસો થયો હતો. હાલની વાતચીતમાં સીમાએ તેના બાળપણના પ્રેમી સાથે ફરી મળવા વિશે ખુલાસો કર્યો.સીમાએ કહ્યું, 'આને નેવિગેટ કરવું સરળ નથી, ખાસ કરીને એ દ્દષ્ટિકોણથી કે અમે હવે યુવાન નથી રહ્યા. હું જુવાન નથી. મારી પાસે એક ઈતિહાસ છે, મારે બે બાળકો છે અને મારા પાર્ટનરને પણ બે બાળકો છે. આમાં ઘણા વધુ લોકો સામેલ છે.'



તેણે આગળ કહ્યું, 'જ્યારે તમે નાના હોવ છો તો જીવન જ્યારે અલગ થઈ જાય છે અને આગળ વધી જાય છે. જ્યારે તમે મોટા થાઓ છો, ત્યારે તમારે દરેકની ભાવનાઓ અને સંવેદનશીલતા વિશે ધ્યાન રાખવું પડે છે.'

તેણે વધુમાં કહ્યું કે, 'હું કઠોર રીતે નહીં કહું, પરંતુ ઘણી બધી બાબતો છે જેના વિશે તમારે સાવચેત રહેવાની જરૂર છે. આ તમારા અને તેના વિશે નથી. પરંતુ, મને લાગે છે કે આ કુદરતી છે. તે ત્યારે થાય છે જ્યારે તમે તેની ઓછામાં ઓછી અપેક્ષા રાખો છો

## સ્ટાર કિડ્ઝની મનોરંજનથી ભરપૂર ફિલ્મ માણવા થઈ જાઓ તૈયાર

# અમન-રાશાની ડેબ્યુ ફિલ્મનું ટીઝર રિલીઝ

બોલીવુડને ઘણી ફિલ્મો આપનાર અભિનેત્રી રવિના ટંડનની પુત્રી રાશા થડાની હવે ફિલ્મોમાં ડેબ્યુ કરવા માટે તૈયાર છે. રાશા સાથે અજય દેવગનનો ભત્રીજો અમન દેવગન જોવા મળશે. હિન્દી સિનેમાની સુંદર અભિનેત્રી રવિના ટંડનની પુત્રી રાશા થડાની અભિષેક કપૂર દિગ્દર્શિત આગામી ફિલ્મ 'આઝાદ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે અમન જોવા મળશે.

નિર્માતાએ આગામી ફિલ્મનું શીર્ષક જાહેર કરીને ચાહકોને એક ઝલક આપી. આ થ્રિલર ફિલ્મ અમન દેવગન અને રાશા થડાનીની મોટી ડેબ્યૂ ફિલ્મ છે. ફિલ્મનું ટીઝર 'સિંઘમ અગેન' અને 'ભૂલ ભૂલૈયા ૩' જેવી મોટી ફિલ્મોની સાથે આ દિવાળીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. રાશા અને અમનની પહેલી ઝલક ૧ નવેમ્બરથી જોવા મળશે.રોની સ્ક્રુવાલા અને પ્રજ્ઞા કપૂર દ્વારા નિર્મિત, 'આઝાદ' મનોરંજનથી



ભરપૂર બનવાનું વચન આપે છે. આ ફિલ્મ આવતા વર્ષે જાન્યુઆરી (૨૦૨૫)માં મોટા પડદા પર રિલીઝ થશે. 'ચંદીગઢ કરે આશિકી' પછી અભિષેકની આ પહેલી ફિલ્મ છે. અભિષેકે મ્યુઝિકલ ડ્રામા 'રોકઓન' સાથે મોટી સફળતા હાંસલ કરી, જેમાં અર્જુન રામપાલ સાથે ફરહાન અખ્તર અને પ્રાચી દેસાઈ મુખ્ય ભૂમિકામાં હતા. રિલીઝ થયા પછી, ફિલ્મને વિવેચકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો.

## દિગ્ગજ ક્રિકેટર, ઈંગ્લેન્ડના ટીમના કેપ્ટન બેન સ્ટોકસના ઘરે ચોરી થઈ

### ચોરો રોકડ અને ઘરેણા ઉપરાંત મેડલ પણ લઈ ગયા: પરિવાર ઘરમાં જ હતો

આજકાલ પ્રતિનિધિ
લંડન



દિગ્ગજ ક્રિકેટર અને ઈંગ્લેન્ડના ટીમના કેપ્ટન બેન સ્ટોકસના ઘરે ચોરી થયાની માહિતી સામે આવી રહી છે. કેટલાક નકાબધારી ચોરોએ તેના ઘરને નિશાન બનાવ્યું હતું. જોકે આ ચોરી થઈ ત્યારે ક્રિકેટરનો પરિવાર ઘરમાં જ હાજર હતો પરંતુ બેન સ્ટોકસ ઘરે નહોતો કેમ કે તે હાલમાં પાકિસ્તાનમાં ઈંગ્લેન્ડ ટીમની કેપ્ટનશિપ કરી રહ્યો છે.

બેન સ્ટોકસના પરિવારે આ મામલે કહ્યું કે ચોરી વખતે અમે ઘરમાં જ હાજર હતા પરંતુ ચોરોએ અમને કોઈ શારીરિક નુકસાન નહોતું પહોંચાડ્યું. હાં પણ આ ચોરો અમારા પરિવારની ઘણી ભાવનાત્મક મહત્વ ધરાવતી વસ્તુઓ ચોરી ગયા હતા. બેન સ્ટોકસે ચોરાયેલી કેટલીક વસ્તુઓના ફોટા પણ શેર કર્યા હતા જેમાં ૨૦૨૦માં મળેલ મેડલ, ત્રણ ચેઈન, એક વીંટી અને ડિઝાઈનર બેગ સામેલ છે. સાથે જ તેણે લખ્યું કે સાંજે કેટલાક નકાબધારી ચોરોએ ઉત્તર-પૂર્વમાં કેસલ ઈડન વિસ્તારમાં મારા ઘરમાં ચોરી કરી હતી.

# આતશબાજી સુપર હીટ: રેસકોર્સ સ્ટેડિયમમાં જંગી મેદની ઉમટતા દરવાજા બંધ કરવા પડ્યા

## સતત ૪૧ મા વર્ષે મહાપાલિકા તંત્રનું સફળ આયોજન: શહેરીજનોએ અદ્દભુત નજારો માણ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૩૦/૧૦/૨૦૨૪, બુધવારના રોજ માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ ખાતે ભવ્ય આતશબાજી કાર્યક્રમ યોજાયો.

આતશબાજી કાર્યક્રમનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના માન. કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યુ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘણા વર્ષોથી દિવાળીના તહેવારોના અનુસંધાને આતશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ આતશબાજીમાં ખુબજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેલ. આતશબાજી કાર્યક્રમમાં અવનવા ફટાકડાઓના કારણે આકાશમાં અવનવી રંગબેરંગી રંગોળી જોવા મળી હતી. ગત સાંજે ૭ કલાકે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ, રેસકોર્ષ ખાતે આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો જેનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ આતશબાજી કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડૉ.દર્શિતા શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેનશ્રી સુરેન્દ્રસિંહ વાળા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માંકડિયા, શિશુ કલ્યાણ ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરીયા, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, પ્લાનિંગ સમિતિના ચેરમેન ચેતનભાઈ સુરેજા, વોટર વર્ક્સ સમિતિના ચેરમેન તરીકે અશ્વિનભાઈ પાંભર કોર્પોરેટરશ્રીઓ ડો. અલ્પેશભાઈ મોરજરીયા, વિનુભાઈ સોરઠીયા, રૂચીતાબેન જોષી, બીપીનભાઈ બેરા, શહેર ભાજપ ઉપપ્રમુખ પુજાબેન પટેલ, રાજકોટ મહાનગરપાલિકાના કોર્પોરેટરશ્રીઓ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ. નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં નગરજનો વગેરે ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના અધ્યક્ષ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાએ દિવાળી પર્વની સૌને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, આવનારું નવું વર્ષ આપના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ અર્પણ કરે તેવી ઈશ્વરને પ્રાર્થના કરું છું. રાજકોટ મહાનગરપાલિકા શહેરના લોકોને પ્રાથમિક સુવિધાના કામો, માળખાકીય વિકાસ કામો, હરવા ફરવાના સ્થળો વિકસાવવા, ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અન્ડર/ઓવરબ્રિજના કામો, મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ તેમજ સી.સી.ટી.વી. કેમેરા, શહેરી ગરીબોને આવાસ યોજના વગેરે જેવા કામો તથા પ્રોજેક્ટ્સ શહેરીજનોને આપે જ છે. પરંતુ સાથો સાથ લોકોને તહેવાર દરમ્યાન તથા પ્રસંગોપાત આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, લોકડાયરા તથા મ્યુઝીકલ નાઈટ્સ, હિન્દી હાસ્ય કવિ સંમેલન, યોગ દિવસની ઉજવણી તેમજ દર વર્ષે રંગબેરંગી અને અવનવા થીમ બેઈઝ ફટાકડા દ્વારા ભવ્ય આતશબાજી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આવા સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી રાજકોટ મહાનગરપાલિકા શહેરીજનોને એક મનોરંજન પુરૂ પાડે છે. આપ સર્વે ઉપસ્થિત જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો તે આતશબાજીનો કાર્યક્રમ માણી શકો તે માટે વિશેષ વિગતો રજુ ન કરતા મારી વાત અહિ પૂર્ણ કરુ છું તેમજ ફરી એકવાર ઉપસ્થિત સર્વે શહેરીજનોને દિવાળી પર્વની ખુબ ખુબ શુભેચ્છા પાઠવું છું.

આતશબાજી કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા મંચસ્થ મહાનુભાવો અને નગરજનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ મંચસ્થ મહાનુભાવોનું ખાદીના રૂમાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોના હસ્તે આતશબાજીનો ડીઝીટલી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આતશબાજીમાં પ્રદર્શિત થયેલી ફટાકડાની અવનવી વેરાયટીની હજારો લોકોએ હર્ષોલ્લાસ અને ચિચિયારી સાથે મજા માણી હતી અને કાર્યક્રમના અંતે સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

### ચક્ષુદાન એજ મહાદાન

**રાજકોટ:** સ્વ.ચમનભાઈ ડાયાભાઈ રાણપરાના પત્ની કમળાબેન (ઉ.વ.૮૬) તે પ્રકાશભાઈ, રાજીવભાઈ, જયશ્રીબેનના માતુશ્રી તે સ્વ.ભગવાનજીભાઈ નકાભાઈ બારભાયાના દીકરીનું તા.૩૦ને બુધવારે અવસાન થયું છે. તેમની પ્રાર્થનાસભા (બન્ને પક્ષ) તા.૧ને શુક્રવારના રોજ સાંજે ૪થી ૫, ભગવાનભુવન વાડી, પંચનાથ પ્લોટ, ગોવર્ધનનાથજી હવેલીની બાજુમાં, રાજકોટ ખાતે રાખવામાં આવી છે.

**વાંકાનેર:** ઈન્દુબેન હરગોવિંદભાઈ કોટક (ઉ.વ.૮૭) તે જયેશભાઈ, ભાવનાબેન વિજયકુમાર મહેતા તથા વર્ષાબેન હિમાંશુભાઈ મહેતાના માતુશ્રી તે રૂપલબેનના સાસુમા તેમજ અશ્વિનભાઈના ભાભી તથા આસિતભાઈના ભાભુ તથા રાજકોટ નિવાસી કલ્યાણજીભાઈ લક્ષ્મીચંદ ચંદારાણાના દીકરી તે વાણીબેનના દાદીનું તા.૨૮ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું ટેલિફોનિક બેસણું તા.૧-૧૧ને ગુરૂવારના રોજ રાખેલ છે.

**રાજકોટ:** જીલરિયા નિવાસી રતિભાઈ ત્રિકમજીભાઈ ભટ્ટીના પત્ની શાંતાબેન (ઉ.વ.૭૨) તે દેવભાઈના માતુશ્રી તે સ્વ.ગોવિંદભાઈ શિવભાઈ ચૌહાણના બહેન તે રમેશભાઈ અને જેન્તીભાઈના કાકી તે કમલેશભાઈના ભાભુનું તા.૩૦ના અવસાન થયેલ છે. સદ્ગતનું બન્ને પક્ષનું બેસણું તા.૧-૧૧ને શુક્રવારે જીલરિયા મુકામે રાખ્યું છે.

**ત્રંબા:** વાળંદ સ્વ.વિરજીભાઈ લાલજીભાઈ ભટ્ટીના પુત્ર બાબુભાઈ (ઉ.વ.૬૬)નું તા.૩૦ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૧-૧૧ને શુક્રવારે બપોરે ૩થી ૫, તેમના નિવાસસ્થાન ત્રંબા ખાતે રાખેલ છે.

# કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ મહાપાલિકાના આવાસોના લાભાર્થીઓની સાથે દિવાળી ઉજવી

## મવડીની મનસુખભાઈ છાપિયા ટાઉનશિપના લાભાર્થીઓને મિઠાઈ વિતરણ કરી દિવાળી મનાવી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



ગુજરાત સરકાર દ્વારા દિવાળી પર્વની ઉજવણી નાગરિકો વચ્ચે ઉજવવાના આયોજન અંતર્ગત આજે તા.૩૧ને ગુરુવારના રોજ દિવાળી પર્વ નિમિતે ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા વોર્ડ નં.૧૨માં આવેલ મનસુખભાઈ છાપિયા ટાઉનશીપ, પુનીતનગર, ૮૦ ફૂટ રોડ, તપન હાઈટ્સ એપાર્ટમેન્ટની બાજુમાં, વાવડી, રાજકોટ ખાતેના લાભાર્થીઓ સાથે શુભેચ્છા મુલાકાત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહ્યા હતા. અહીંયા કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ આવાસ યોજના ના લાભાર્થીઓ અને તેમના પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી હતી તેમજ કેબિનેટ મંત્રીએ પરિવારોને મીઠાઈ વિતરણ કરી સૌના મોં મીઠા કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્દબોધન કરતા મેયર નયનાબેન પેઢડીયાએ જણાવ્યું હતું કે, દિવાળીના પવિત્ર તહેવાર ભગવાન આપના પરિવારને સુખ, શાંતિ અને સમૃદ્ધિ આપે તેમજ આપના પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રાખે તેવી શુભેચ્છા પાઠવું છું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રંગીલા રાજકોટ માટે તાજેતરમાં પાંચ દિવસનો દિવાળી ઉત્સવ કરવામાં આવ્યો છે જેને બહોળી સંખ્યમાં નાગરિકોએ નિહાળ્યો હતો. આજે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ છે તો આજે તેને પણ યાદ કરવા કરીએ સાથોસાથે આપ સૌ જે ટાઉનશીપમાં રહો છો તે જેના નામે છે એવા મનસુખભાઈ છાપિયા સરળ સ્વભાવના માનવીને પણ આજે યાદ કરીએ. રાજકોટ શહેર તમારું અને આપણા સૌનું શહેર છે,

# ૮.૯૬ લાખનો ચેક રિટર્ન થતાં મહિલા પેકેજીંગ ધંધાર્થીને કોર્ટ દ્વારા સમન્સ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં શક્તિ પેપર પ્રોડકટસને મટીરીયલ ખરીદીનો આપેલો રૂ.૮.૯૬ લાખનો ચેક રિટર્ન થવાની ફરિયાદમાં યશસ્વી પેકેજીંગવાળા મહિલા ધંધાર્થીને કોર્ટે સમન્સ પાઠવ્યું છે.

આ અંગેની હકીકત મુજબ, રાજકોટના કોઠારીયા સોલવંટમાં આવેલ પાવર ઈન્ડસ્ટ્રીઝમાં 'શકિત પેપર પ્રોડકટસ'વાળા મિતુલ વિઠ્ઠલભાઈ અજુડીયા પાસેથી યશશ્વી પેકેઝીંગ (યમુના ઈન્ડસ્ટ્રીયલ એરીયા, વાવડી, રાજકોટ)ના કવિતા તેજશકુમાર શાહે પેકેઝીંગનો માલ મંગાવેલ તેની બાકી રહેતી રકમ રૂા. ૮,૯૬,૨૭૩ ચુકવવા માટે તેમની પેઢીના નામનો ચેક આપેલ. જે ચેક 'ફન્ડસ ઈન્સફીસીયન્ટ' ના શેરા સાથે પરત ફરેલ. તેથી મિતુલ અજુડીયાએ ચેક મુજબની રકમ ચુકવી આપવાની કવિતા શાહને નોટીસ મોકલાવ્યા છતા રકમ ન ચુકવતા મિતુલ અજુડીયાએ તેમના વકીલ મારફત કવિતા તેજસકુમાર શાહ સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ રાજકોટની સ્પેશીયલ નેગોશીયેબલ કોર્ટમાં ફરીયાદ દાખલ કરી છે. તેમાં કોર્ટે 'યશશ્વી પેકેઝીંગ' ના કવિતા તેજશકુમાર શાહને સમન્સ ઈસ્યુ કરી કોર્ટમાં હાજર થવા હુકમ કર્યો છે.આ કેસમાં ફરીયાદી પેઢી તરફે વકીલ અતુલ સી. ફળદુ, અજય કે. જાધવ અને ચાર્મી કે. પંડ્યા રોકાયા છે.


ત્રીજી પૂણ્યતિથીએ

શ્રદ્ધાંજલી



રડી પડે છે આંખો અમારી જોઇ મીઠી તસ્વીર તમારી,
મન હજુ માનતું નથી કે ઉપસ્થિતિ નથી રહી તમારી,
પળે પળે યાદ આવે છે આપનો પ્યાર અને મૈત્રીભાવ,
અંજલી આપતા હૈયું તુટે છે. પરમ કૃપાળુ પરમાત્મા
આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...
ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ. જયેન્દ્રભાઈ કરસનદાસ પાબારી
સ્વ.તા. ૩૧/૧૦/૨૦૨૧, રવિવાર

સ્વ. નરેશભાઈ કે. પાબારી | રાજેશભાઈ કે. પોપટ (રૂપમ)
શૈલેષ જે. પાબારી (એસ.પી.) | જય આર. પોપટ
કલ્પેશ જે. પાબારી | નિખીલ આર. પોપટ
અમીત એન. પાબારી | દિપક એમ. પોપટ
જતીન એન. પાબારી | તથા પોપટ પરિવાર
મહેર કે. પાબારી • પાર્થ એસ. પાબારી
વરૂણ એસ. પાબારી
પાબારી પરિવારના જયશ્રી કૃષ્ણ


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વિકસિત ભારત
વિકસિત ગુજરાત
દિવાળી અને નૂતનવર્ષની
શુભકામનાઓ
સૌના સાથ, સૌના વિકાસનું નવું વર્ષ
સૌના પ્રયાસો સાથે શુભ બને એવી
શુભકામના
વિકાસના પ્રકાશનું પર્વ
■ગુજરાત બનશે ભારતનો સિલિકોન ગેટ-વે : રાજ્યમાં ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે
■'પી.એમ. સૂર્ય ઘર: મફત વીજળી યોજના'માં સમગ્ર દેશમાં ગુજરાતનું મહત્ત્વપૂર્ણ યોગદાન
■i - ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ, 0% વ્યાજદરે ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઇલ હેલ્થ કાર્ડ જેવી કૃષિ ક્ષેત્રની ઉન્નતિને સુનિશ્ચિત કરતી મહત્ત્વપૂર્ણ યોજનાઓ.
■નારી ગૌરવ નીતિ ઘડી ગુજરાતે સ્થાપિત કર્યો સીમાસ્તંભ
■ભારતના સૌથી વિશાળ શોપિંગ ફેસ્ટિવલનું અમદાવાદમાં આયોજન
■૨ લાખથી વધુ રૂફટોપ સોલર સિસ્ટમ, સૌરક્રાંતિ તરફના આગે કદમ
■કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક (ક્ષમતાઃ ૩૭ ગીગાવોટ)
■નમો લક્ષ્મી: રાજ્યની ૧૦ થી ૧૨ લાખ વિદ્યાર્થિનીઓને મળશે લાભ
■૧૬૦૦ થી વધુ ગરીબ કલ્યાણ મેળા યોજી ૧.૫ કરોડથી વધુ લાભાર્થીઓને ₹૩૬,૮૦૦ કરોડની સહાય અપાઈ
■ધોરડોને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ
આવો, સૌ સાથે મળી વિકાસના દીપ પ્રજ્વલિત કરીએ
અવિરત વિકાસ, અગ્રેસર ગુજરાત

# બજાર, સોના, ચાંદી અને લોકોના દિલમાં દિવાળીની ચમક

## ભારતમાં સોનાની માગ ૧૮ ટકા વધીને ૨૪૮.૩ ટન થઈઃ વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં સોનાની માગ ૫૩ ટકા વધીને રૂા.૧,૬૫,૩૮૦ કરોડ થઈઃ સોના કરતાં ચાંદી વધુ ચમકીઃ વેચાણ ૩૫ ટકા વધ્યું

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ભારતીય ઝવેરાત બજારના ઈતિહાસમાં પ્રથમ વખત આ ધનતેરસ પર સોના કરતાં ચાંદી વધુ ચમકી. સોનાના ભાવે તેમનો રેકોર્ડબ્રેક રન ચાલુ રાખ્યો હોવાથી, તેણે ગ્રાહકની માંગમાં ઘટાડો કર્યો. તેના બદલે દુકાનદારો ચાંદી ખરીદવા દોડી આવ્યા હતા. ઈન્ડિયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના રાષ્ટ્રીય સચિવ સુરેન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે, ગત ધનતેરસ કરતાં ભાવ ૪૦ ટકા વધુ હોવા છતાં આ વર્ષે ચાંદીનું વેચાણ ૩૦-૩૫ ટકા વધ્યું છે. સોનાના ઊંચા ભાવે ઘણા ખરીદદારોને નિરાશ કર્યા અને તેને બદલે ચાંદી તરફ ધ્યાન દોર્યું. લોકો હવે સમજવા લાગ્યા છે કે ચાંદીમાં રોકાણ કરવાની આ વાસ્તવિક તક છે.

ભારતમાં હાલમાં તહેવારોની સિઝન ચાલી રહી છે અને સોનાની જોરદાર ખરીદી જોવા મળી રહી છે. આજે વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (ડબલ્યુજીસી ) એ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટર માટે ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટ રજૂ કર્યો છે. આ વર્ષે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતની સોનાની માંગ ૧૮ ટકા વધીને ૨૪૮.૩ ટન થઈ છે. સોનાની આયાત ડ્યુટીમાં ઘટાડો થવાને કારણે જ્વેલરીની માંગમાં સુધારો જોવા મળ્યો છે અને સોનાની માંગ વધી છે. ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં સોનાની કુલ માંગ ૨૧૦.૨ ટન હતી. જુલાઈમાં સોનાની આયાત ડ્યુટીમાં મોટા કાપને કારણે જ્વેલરીની માંગમાં સુધારો થયો હતો. ૨૦૧૫ પછી સોના માટે આ સૌથી મજબૂત ત્રીજું ક્વાર્ટર હતું. ૨૦૨૩ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૫૫.૭ ટનની સરખામણીમાં માંગ ૧૦ ટકા વધીને ૧૭૧.૬ ટન થઈ છે.

સોનાની કિંમતો અત્યાર સુધીની ઊંચી સપાટીએ છે, તેથી રોકાણકારોમાં ભાવ ઘટવાની રાહ જોવાનું વલણ વધી શકે છે. આખા વર્ષ માટે સોનાની માંગ ૭૦૦-૭૫૦ ટનની રેન્જમાં રહેવાની શક્યતા છે, જે ગયા વર્ષની સરખામણીમાં થોડી ઓછી છે.

જ્વેલર્સ અને છૂટક દુકાનદારોની ભારે ધનતેરસની માંગ વચ્ચે, રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાનો ભાવ રૂ. ૩૦૦ વધીને રૂ. ૮૧,૪૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો, જે અત્યાર સુધીનો સૌથી વધુ રેકોર્ડ છે. મૂલ્યની દ્રષ્ટિએ, આ કેલેન્ડર વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં સોનાની માંગ ૫૩ ટકા વધીને રૂ. ૧,૬૫,૩૮૦ કરોડ થઈ છે, જ્યારે ૨૦૨૩ના સમાન સમયગાળામાં તે રૂ. ૧,૦૭,૭૦૦ કરોડ હતી.

સોનાના ભાવમાં તીવ્ર વધારાને કારણે આ તહેવારોની સિઝનમાં માંગમાં ઘટાડો થઈ શકે છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના સીઈઓ સચિન જૈને કહ્યું કે, ૨૦૨૪માં ભારતમાં સોનાની માંગ ૭૦૦ થી ૭૫૦ ટન રહેવાનો અંદાજ છે, જે ૨૦૨૦ પછી સૌથી ઓછી છે. ગયા વર્ષે ૨૦૨૩માં ૭૬૧ ટન સોનાની માંગ જોવા મળી હતી. આ વર્ષે જુલાઈમાં રજૂ કરાયેલા બજેટમાં સોના પરની આયાત જકાત ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરવામાં આવ્યા બાદ સ્થાનિક બુલિયન માર્કેટમાં સોનાના ભાવમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.



### ૨૦૨૪માં સોનાની કિંમતમાં ૨૬ ટકાનો વધારો

સોનાના ભાવમાં એક હાજર રૂપિયો ઉછાળો જોવા મળ્યો હતો અને ભાવ રૂ. ૮૨,૪૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો છે. વર્ષ ૨૦૨૪માં સોનાના ભાવમાં ૨૬ ટકાનો વધારો થયો છે, જ્યારે ૨૦૨૩માં સોનાના ભાવમાં ૧૦ ટકાનો વધારો થયો હતો. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના જણાવ્યા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતમાં કુલ ૨૪૮.૩ ટન સોનાનો વપરાશ જોવા મળ્યો હતો. જેમાં આ ત્રિમાસિક ગાળામાં રોકાણની માંગમાં ૪૧ ટકા અને જ્વેલરીની માંગમાં ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે.

### વૈશ્વિક સોનાની માગ ૧,૩૧૩ ટન

જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૪માં વૈશ્વિક સોનાની માંગ પાંચ ટકા વધીને ૧,૩૧૩ ટન થઈ છે, જે કોઈપણ ત્રીજા ક્વાર્ટરમાં સૌથી વધુ છે. ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટર માટે ડબલ્યુજીસીના ગોલ્ડ ડિમાન્ડ ટ્રેન્ડ્સ રિપોર્ટ અનુસાર, એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં વૈશ્વિક માંગ ૧૨૪૯.૬ ટન હતી.

# યુકેમાં ઋષિ સુનકે વિપક્ષના નેતા પદેથી આપ્યું રાજીનામું

## દિવાળી પર જ વડાપ્રધાનનો પદભાર સંભાળ્યો હતો અને દિવાળી પર જ વર્તમાન હોદ્દાનો ત્યાગ

**આજકાલ પ્રતિનિધિ**
**લંડન**

ભારતીય મૂળના પ્રથમ બ્રિટિશ વડા પ્રધાન ઋષિ સુનકે સંસદમાં વિપક્ષના નેતા પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે બે વર્ષ પહેલાની દિવાળીને યાદ કરી જ્યારે તેઓ યુકેના પ્રથમ એશિયન વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા.આ પ્રસંગે તેમણે દિવાળીના તહેવારની કેટલીક યાદોને વાગોળતા જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા પ્રકાશના તહેવાર દરમિયાન તેઓ ભારતીય મૂળના પ્રથમ વડાપ્રધાન તરીકે નિયુક્ત થયા હતા. જુલાઈમાં સામાન્ય ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટીની હાર બાદ નવા નેતાની પસંદગી ન થાય ત્યાં સુધી સુનક (૪૪) કન્ઝર્વેટિવ પાર્ટીના વચગાળાના નેતા તરીકે કામ કરી રહ્યા હતા.



સુનકે કહ્યું, 'હું દિવાળી દરમિયાન મારી પાર્ટીનો નેતા બન્યો હતો અને આ તહેવાર દરમિયાન જ હું મારા પદ પરથી રાજીનામું આપી રહ્યો છું.' તેમણે કહ્યું, 'મને પ્રથમ બ્રિટિશ એશિયાઈ વડા પ્રધાન હોવાનો ગર્વ છે, અને તે બ્રિટિશ લોકો, આપણા દેશ અને આ સંસદના મૂલ્યો વિશે ઘણું બધું કહે છે.'

ઑક્ટોબર ૨૦૨૨ માં દિવાળી દરમિયાન, સુનક તેની પત્ની અક્ષતા અને પુત્રીઓ કૃષ્ણા અને અનુષ્કા સાથે વડા પ્રધાનના નિવાસસ્થાન '૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ' પર આવ્યો હતો અને સતત બે વર્ષ સુધી તેની સીડીઓને દીવા અને રંગોળીથી સજાવી. વડા પ્રધાન કીર સ્ટારમેરે જણાવ્યું હતું કે બ્રિટિશ સંસદના તમામ વર્ગોને ગર્વ છે કે વડા પ્રધાન તરીકે સુનકે 'આપણા વૈવિધ્યસભર દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.' તેમણે ઘણા રાજકીય મતભેદો હોવા છતાં વિપક્ષી નેતાની 'સખત મહેનત, પ્રતિબદ્ધતા અને શિષ્ટતા'ની પણ પ્રશંસા કરી. સ્ટારમેરે કહ્યું, 'હું બ્રિટન અને સમગ્ર વિશ્વમાં દિવાળીની ઉજવણી કરતા દરેકને દિવાળીની શુભેચ્છા પાઠવું છું. આ એક સાથે ઉજવણી કરવાનો અને ઉજ્જ્વળ ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય છે.

# એકનાથ શિંદેની પાર્ટી શિવસેનામાંથી ભાજપના ૧૨ નેતાઓ લડશે ચૂંટણી, પવારે પાંચને આપી ટિકિટ

## ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેના પુત્ર અને ભૂતપૂર્વ સાંસદ નિલેશ રાણે, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેની પુત્રી સંજના જાધવ પણ શિંદેની શિવસેનામાં જોડાઈ

**આજકાલ પ્રતિનિધિ**
**મુંબઈ**

મહારાષ્ટ્રના રાજકારણમાં છેલ્લા ૫ વર્ષમાં અણધાર્યા વિકાસ જોવા મળ્યો છે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ અને એનસીપીના ઘણા નેતાઓ ભાજપમાં જોડાયા હતા. પછી એવું લાગતું હતું કે ચૂંટણી એકતરફી થવાની છે, તેથી એનસીપીના વરિષ્ઠ નેતા શરદ પવારે જોરશોરથી પ્રચાર કર્યો. ૨૦૧૯ની ચૂંટણીમાં ઘણા નેતાઓ અલગ-અલગ પક્ષોમાં જોડાયા હતા. ૨૦૨૪ની ચૂંટણી પહેલા મહારાષ્ટ્રના રાજકારણમાં અસમંજસની સ્થિતિ જોવા મળી રહી છે.

અનેક નેતાઓ અન્ય પક્ષોમાં જોડાઈને રાતોરાત ટિકિટ મેળવતા જોવા મળે છે અને રાજકીય પક્ષો પણ અન્ય પક્ષમાંથી આવતા નેતાઓને ખૂબ જ સરળતાથી ટિકિટ આપી રહ્યા છે. મહા વિકાસ અઘાડીમાં કોંગ્રેસ, શિવસેના-યુબીટી, એનસીપી-એસપીનો સમાવેશ થાય છે અને ભાજપ, શિવસેના અને એનસીપી મહાયુતિમાં સામેલ છે, જો કે તેઓ એકસાથે ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ કેટલીક બેઠકો પર એકબીજા સામે ઉમેદવારો પણ ઉભા કર્યા છે. ત્યારે ભાજપના ૧૨ દિગ્ગજ નેતાઓ શિવસેના શિંદેમાં જોડાયા છે અને તેમને ટિકિટ પણ આપવામાં આવી છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન નારાયણ રાણેના પુત્ર અને ભૂતપૂર્વ સાંસદ નિલેશ રાણે શિવસેના શિંદેમાં જોડાયા છે. તેમને કુડાલ-માલવણથી ટિકિટ આપવામાં આવી છે. ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન રાવસાહેબ દાનવેની પુત્રી સંજના જાધવ પણ શિંદેની શિવસેનામાં જોડાઈ ગઈ છે. તે કન્નડ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે. રાજેન્દ્ર ગાવિત પણ શિવસેના શિંદેમાં જોડાયા છે. તેમને પાલઘર વિધાનસભા બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. ભૂતપૂર્વ નેતા વિલાસ તારે પણ શિવસેના શિંદેમાં જોડાયા છે. તેમને બોઈસરથી વિધાનસભાની ચૂંટણીમાં ઉતારવામાં આવ્યા છે. થોડા દિવસો પહેલા ભાજપમાંથી શિવસેના શિંદેમાં જોડાયેલા સંતોષ શેટ્ટીને ભિવંડી પૂર્વ વિધાનસભા મતવિસ્તારમાંથી ટિકિટ આપવામાં આવી છે. વરિષ્ઠ નેતા મુરજી પટેલ, જેઓ ઘણા વર્ષોથી ભાજપમાં હતા, તેઓ પણ શિવસેના શિંદેમાં જોડાયા છે. તેમને અંધેરી પૂર્વ વિધાનસભા સીટ પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

અમોલ ખતલને ભાજપ દ્વારા ટિકિટ આપવામાં આવી ન હતી તેથી તેઓ શિવસેના શિંદેમાં પણ જોડાયા હતા. પાર્ટીએ તેમને સંગમનેર વિધાનસભાથી ટિકિટ આપી છે. ભાજપના વરિષ્ઠ નેતા શાઈના એનસી પણ વિધાનસભા ચૂંટણી પહેલા શિવસેના શિંદે જૂથમાં જોડાઈ છે. પાર્ટીએ તેમને મુંબા દેવી બેઠક પરથી ઉતાર્યા છે. એ જ રીતે, દિગ્વિજય બાગલ પણ ભાજપમાંથી શિંદે જૂથમાં જોડાયા છે. પાર્ટીએ તેમને કરમાલા વિધાનસભાથી ટિકિટ આપી છે. શિવસેના શિંદે જૂથ દ્વારા ભાજપના ભૂતપૂર્વ નેતા બલીરામ શિરસ્કરને પણ મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. બીજી તરફ અજિત પવારે પણ ભાજપના નેતાઓને ટિકિટ આપી છે. એનસીપી તરફથી રાજકુમાર બડોલે, પ્રતાપ પાટીલ ચિખલીકર, નિશિકાંત પાટીલ, સંજય કાકા પાટીલને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

# બાઈડનની ઉનને ચેતવણી, સૈનિકોની લાશોને કોથળામાં ભરીને મોકલીશું

## ઉત્તર કોરિયાએ રશિયાની મદદ માટે તેના હજારો સૈનિકો મોકલતા અમેરિકા નારાજ, ઉત્તર કોરિયાની મદદથી યુદ્ધ આગળ વધશે તેવી યુએસની ભીતિ

**આજકાલ પ્રતિનિધિ**
**વોશીંગ્ટન**

યુક્રેન સાથે રશિયાનું એક વર્ષ કરતા વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે અને તેના લીધે વિશ્વના અમુક દેશો વચ્ચેના સંબંધોના સમીકરણો બદલાયા છે. યુદ્ધ બાદ ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ બન્યા છે. આ સમયગાળા દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ અને કોરિયાના તાનાશાહ પણ એકબીજાના દેશની મુલાકાત લઈ ચૂક્યા છે. જેના કારણે કિમ રાષ્ટ્રપતિ પુતિનની મદદ કરી રહ્યા છે.જે અમેરિકાને ગમતી વાત નથી.આથી યુએસ એ ઉત્તર કોરિયાના કિમ જોંગને ચેતવણી આપી હતી અને કહ્યું- કે સીધા રહેજો, બાકી તમારા સૈનિકોના મૃતદેહો બોરીઓમાં મોકલીશું'

### ઉત્તર કોરિયાના કારણે યુદ્ધ વધુ તીવ્ર બનશે

યુએસ ડિફેન્સ સેક્રેટરી લોયડ ઓસ્ટીને બુધવારે કહ્યું કે યુક્રેન સામેના યુદ્ધમાં રશિયાને ઉત્તર કોરિયાની મદદ યુદ્ધને વધુ તીવ્ર બનાવશે અને અઢી વર્ષથી ચાલી રહેલા યુદ્ધને વધુ વેગ આપશે. લગભગ ૧૦,૦૦૦ ઉત્તર કોરિયાના દળો પૂર્વી રશિયામાં પહેલેથી જ તૈનાત છે, ઓસ્ટિને જણાવ્યું હતું કે, તે બધા રશિયનમાં છે અને રશિયન સાધનો વહન કરે છે. આ સિવાય અમેરિકાએ માહિતી આપી હતી કે યૂક્રેનની સેનાએ ઓગસ્ટમાં કુર્સ્કમાં મોટી ઘૂસણખોરી કરી હતી અને ત્યાંના સેંકડો ચોરસ કિલોમીટર વિસ્તાર પર કબજો કરી લીધો હતો. જોકે, તેમણે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ઉત્તર કોરિયાની એન્ટ્રી પર ચિંતા વ્યક્ત કરી હતી.

ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમ જોંગ ઉને યુક્રેન વિરુદ્ધ ચાલી રહેલા યુદ્ધમાં રશિયાની મદદ માટે તેના હજારો સૈનિકો મોકલ્યા છે. આ નિર્ણય પર અમેરિકા ખૂબ જ નારાજ દેખાઈ રહ્યું છે, જેના પર બુધવારે સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ડેપ્યુટી એમ્બેસેડર કિમ જોંગ ઉનને ચેતવણી આપી હતી કે રશિયા સાથે યુક્રેનમાં લડવા જઈ રહેલા ઉત્તર કોરિયાના સૈનિકો મૃતદેહને બેગમાં પરત મોકલી દેશે.અમેરિકાના રોબર્ટ વૂડે સુરક્ષા પરિષદને કહ્યું, ડેમોક્રેટિક પીપલ્સ રિપબ્લિક ઓફ કોરિયા (ઉત્તર કોરિયા)ના સૈનિકોએ રશિયાના સમર્થનમાં યુક્રેનમાં પ્રવેશ કરવો જોઈએ નહી. હું તેમને કહેવા માંગુ છું કે માત્ર તેમના મૃતદેહો તેમના દેશમાં પરત કરવામાં આવશે.તેમને કિમને સલાહ આપી હતી કે આવી અવિચારી અને ખતરનાક બાબતોમાં ફસાતા પહેલા બે વાર વિચાર કરે.

યુદ્ધ બાદ ઉત્તર કોરિયા અને રશિયા વચ્ચેના સંબંધો સૌહાર્દપૂર્ણ બન્યા છે. આ સમયગાળા દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ અને કોરિયાના તાનાશાહ પણ એકબીજાના દેશની મુલાકાત લઈ ચૂક્યા છે. આ સિવાય નોર્થ કોરિયાએ રશિયાને ઘણા હથિયારો પણ આપ્યા છે, જેનો ઉપયોગ રશિયન સૈનિકોએ યુક્રેન વિરુદ્ધ યુદ્ધ માટે કર્યો છે.

## વરિષ્ઠ લશ્કરી ઓફિસરને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરાયા, સંરક્ષણ મંત્રાલયે સેનાને જ આપી દીધી સત્તા

# ભારતીય ફોજ વિરુદ્ધ અફવા ફેલાવતી પોસ્ટ પર સેના પોતે જ ફટકારશે નોટિસ

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

ભારતીય સેના વિરુદ્ધસોશિયલ મીડિયા પર અફવા ફેલાવનારાઓની હવે ખેર નહી રહે, સંરક્ષણ મંત્રાલયનાં આદેશની રાહ જોયા વગર સેના જ સંબંધિત વ્યક્તિ કે વ્યક્તિઓને નોટીસ આપી શકશે.સંરક્ષણ મંત્રાલયે સેનાને જ સત્તા આપી દીધી છે. સંરક્ષણ મંત્રાલયે સોશિયલ મીડિયા પર ભારતીય સેના વિરુદ્ધ અફવા ફેલાવતી પોસ્ટ પર નજર રાખવા માટે એક મોટું પગલું ભર્યું છે.જે માટે વરિષ્ઠ લશ્કરી અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે

ભારતીય સંરક્ષણ મંત્રાલયે ભારતીય સેના સંબંધિત ઑનલાઈન સામગ્રી પર દેખરેખ રાખવા માટે એક વરિષ્ઠ લશ્કરી અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કર્યા છે. આ અધિકારી હવે સોશિયલ મીડિયા પર ગેરકાયદે સામગ્રીને લઈને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમ ૭૯(૩)() હેઠળ કંપનીઓને નોટિસ મોકલી શકે છે.આર્મી મામલાથી વાકેફ એક વ્યક્તિએ કહ્યું કે આ નોટિફિકેશન પહેલા ભારતીય સેના સંબંધિત ગેરકાયદે સામગ્રીને બળજબરીથી દૂર કરવા અથવા બ્લોક કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય પર નિર્ભર હતી.

### હવે ટૂંક સમયમાં કાર્યવાહી શરૂ કરાશે

અધિકારીએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર અફવાઓની અસર ઝડપથી ફેલાઈ જાય છે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા આ પોસ્ટને હટાવવામાં ઘણો સમય લાગતો હતો. ઉદાહરણ તરીકે, જો પાકિસ્તાન સંચાલિત કોઈ હેન્ડલ છે જે ખોટી માહિતી અથવા ખોટી માહિતી ફેલાવી રહ્યું છે, તો પછી આપણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સીધી નોટિસ જારી કરવાની સ્થિતિમાં હોવું જોઈએ. તેમણે કહ્યું કે રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા મુદ્દાઓ પર અને જ્યાં સેનાની છબીને અસર થાય છે ત્યાં હવે કંપનીઓને સીધી નોટિસ આપવાનો રસ્તો ઉપલબ્ધ થશે.આ અહેવાલમાં વધુમાં જણાવ્યું છે કે તેની પાસે હજુ સુધી કોઈ માહિતી નથી કે સોશિયલ મીડિયા કંપનીઓ અથવા અન્ય મધ્યસ્થીઓને ભારતીય સેના સંબંધિત સામગ્રીને બ્લોક કરવા અથવા દૂર કરવા માટે કેટલા બ્લોકિંગ ઓર્ડર અથવા નોટિસ આપવામાં આવી હોય.

**નોટિસ આપી શકશે**

એક અહેવાલ મુજબ, નામ ન આપવાની શરતે એક વ્યકિતએ જણાવ્યું હતું કે, આ સૂચના દ્વારા, એડીજી (સ્ટ્રેટેજિક કોમ્યુનિકેશન્સ) કેસોને હાઈલાઈટ કરી શકશે અને જો ભારતીય સેના સાથે સંબંધિત ગેરકાયદે સામગ્રી મળી આવે તો મધ્યસ્થીઓને સીધી નોટિસ આપી શકશે. મધ્યસ્થીઓએ પછી તે સામગ્રી સાથે શું કરવું તેનું મૂલ્યાંકન કરવું પડશે.

# નેપાળે ચીનમાં છપાવેલી ચલણી નોટોમાં ભારતના વિસ્તારોને પોતાનો ભાગ ગણાવ્યા

## લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળના ભાગ ગણાવ્યાઃ ૧૮ જૂન, ૨૦૨૦ના રોજ નેપાળી બંધારણમાં સુધારો કરીને નવા રાજકીય નકશાને મંજૂરી આપવામાં આવી

**કાઠમંડું**

નેપાળની કેન્દ્રીય બેંક નેપાળ રાષ્ટ્ર બેંકએ એક ચીની કંપનીને દેશના સુધારેલા રાજકીય નકશા સાથે રૂ. ૧૦૦ની નવી નોટો છાપવાનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. નેપાળની કેબિનેટે ૧૦૦ રૂપિયાની નોટની ડિઝાઈનમાં ફેરફારને મંજૂરી આપી દીધી છે. જેમાં ત્રણ વ્યૂહાત્મક રીતે મહત્વના વિસ્તારો લિમ્પિયાધુરા, લિપુલેખ અને કાલાપાનીને નેપાળનો ભાગ ગણાવવામાં આવ્યા છે.

નવા રાજકીય નકશાને ૧૮ જૂન, ૨૦૨૦ના રોજ નેપાળી બંધારણમાં સુધારો કરીને મંજૂરી આપવામાં આવી હતી. જેમાં લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને દેશના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યા છે. ભારત પહેલાથી જ નેપાળ દ્વારા કરવામાં આવેલા પ્રાદેશિક દાવાઓને કૃત્રિમ વિસ્તરણ અને અસ્થિરતા ગણાવ્યું છે.

ભારતે સ્પષ્ટ કર્યું છે કે પશ્ચિમ નેપાળની સરહદ પર સ્થિત લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા તેનો ભાગ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સ્પર્ધાત્મક વૈશ્વિક ટેન્ડર પ્રક્રિયા બાદ 'ચાઈના બેંકનોટ પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન'ને




આ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. માહિતી અનુસાર, સેન્ટ્રલ બેંકે કંપનીને ૧૦૦ રૂપિયાની ૩૦ કરોડ નોટ ડિઝાઈન, પ્રિન્ટ, સપ્લાય અને ડિસ્ટ્રિબ્યુટ કરવા માટે અનુરોધ કર્યો છે, જેની અંદાજિત પ્રિન્ટિંગ કિંમત લગભગ ૮૯.૯ લાખ યુએસ ડોલર છે. જો કે નેપાળ રાષ્ટ્ર બેંકના પ્રવક્તા તરફથી આ સંદર્ભમાં પ્રતિક્રિયા મળી નથી.

એટલું જ નહીં પ્રાપ્ત માહિતી અનુસાર નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલી વગર આમંત્રણે ચીનના પ્રવાસે જવાના છે.એવા અહેવાલ છે કે નેપાળી વિદેશ મંત્રાલય સરકારના નવા કાર્યકાળના ૧૦૦ દિવસ પૂરા થવા પહેલા વડાપ્રધાન ઓલીની ચીન મુલાકાત માટે તૈયારીઓનો પ્રસ્તાવ આપી રહ્યું છે.

# બ્રિટનના કિંગ ચાર્લ્સ કેમિલાની સાથે ભારતની ગુપચુપ મુલાકાત લઈ ગયા

## બેંગ્લોરમાં એક પ્રખ્યાત આરોગ્ય કેન્દ્રમાં ચાર દિવસનું રોકાણ કરી યુકે પરત

**લંડનઃ**

બ્રિટનના રાજા ચાર્લ્સ અને રાણી કેમિલા તાજેતરમાં ભારતની ગુપચુપ મુલાકાત લઈ ગયા , જો કે આ તેમની સતાવાર મુલાકાત ન હોવાથી મીડિયાને પણ આ બાબતની કોઈ ભનક આવી ન હતી. તેમની ચાર દિવસના ભારત રોકાણ દરમિયાન બેંગ્લોરમાં એક પ્રખ્યાત આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત સંપૂર્ણપણે ખાનગી હતી, જેના કારણે મીડિયાને આ મુલાકાત વિશે કોઈ સંકેત મળી શક્યા નથી.

બ્રિટનના રાજા ચાર્લ્સ ત્રીજા અને રાણી કેમિલાએ તેમની ચાર દિવસના ભારતમાં રોકાણ દરમિયાન બેંગ્લોરમાં એક પ્રખ્યાત આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત સંપૂર્ણપણે ખાનગી હતી. ૨૭ ઓક્ટોબરની રાત્રે, તેઓ તેમના વિશેષ વિમાનમાં બેંગલુરુના એચએએલ એરપોર્ટ પહોંચ્યા અને પછી વ્હાઈટફિલ્ડ વિસ્તારમાં સ્થિત આરોગ્ય કેન્દ્ર પહોંચ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે આરોગ્ય કેન્દ્રમાં વિવિધ તબીબી પદ્ધતિઓનો અનુભવ કર્યો અને તેમના સંકલનની પ્રશંસા કરી. કિંગ ચાર્લ્સ અગાઉ ૨૦૧૯ માં રાજકુમાર તરીકે ભારતની મુલાકાતે આવ્યા હતા, પરંતુ આ વખતે તેમના આગમન પર કોઈ ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું ન હતું કારણ કે તે એક ખાનગી મુલાકાત હતી.

સામોઆમાં કોમનવેલ્થ સરકારના વડાઓની બેઠક બાદ બ્રિટન પાછા ફરતી વખતે શાહી દંપતીએ બેંગલુરુની મુલાકાત લીધી હતી. તેમના સ્વાસ્થ્યને સુધારવા અને તેમની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, તેમણે અહીં યોગ, સ્ટ્રેચિંગ અને શ્વાસ લેવાની કસરતો કરી. આયુર્વેદિક, નેચરોપેથી અને હોમિયોપેથીનો લાભ લઈને, તેણીએ કર્ણાટક પ્રદેશમાં રાગીમાંથી બનાવેલ વિશિષ્ટ દક્ષિણ ભારતીય શાકાહારી ભોજનનો પણ આનંદ માણ્યો.

# સ્પેનમાં ભારે પૂરના કારણે ૯૫ લોકોના મોત, હેલિકોપ્ટર દ્વારા લોકોને બચાવાયા

## મુશળધાર વરસાદે સ્પેનના દક્ષિણ અને પૂર્વીય વિસ્તારોમાં વિનાશ વેર્યો માલાગાથી વેલેન્સિયા સુધીના રસ્તા પર પૂરના કારણે વાહનો તણાયા

**આજકાલ પ્રતિનિધિ**
**મેડ્રિડ**

સ્પેનમાં આવેલા ભીષણ પૂરના કારણે અત્યાર સુધીમાં ૯૫ લોકોના મોત થયા છે. અહેવાલો અનુસાર, આ દુર્ઘટનામાં કેટલાય ઘર બરબાદ થઈ ગયા છે અને પરિવહન વ્યવસ્થા સંપૂર્ણ રીતે ઠપ થઈ ગઈ છે. જેને હાલના વર્ષોમાં યુરોપની સૌથી વિનાશક કુદરતી આફત માનવામાં આવે છે.

મંગળવારથી શરૂ થયેલા મુશળધાર વરસાદે બુધવાર સુધી સ્પેનના દક્ષિણ અને પૂર્વીય વિસ્તારોમાં વિનાશ વેર્યો હતો. માલાગાથી વેલેન્સિયા સુધીના રસ્તા પર પૂરના કારણે વાહનો તણાયા. પોલીસ અને બચાવ ટુકડીઓએ હેલિકોપ્ટરની મદદથી લોકોને તેમના ઘરોમાંથી બહાર કાઢ્યા અને રબર બોટ વડે કારની ઉપર ફસાયેલા લોકો સુધી પહોંચ્યા.

ગઈકાલે વેલેન્સિયાના આપાતકાલીન સેવાઓ વિભાગે ૯૨ મૃત્યુની પુષ્ટિ કરી. કેસ્ટિલા લા મંચાના પડોશી પ્રદેશમાં બે લોકોના મોત થયા હતા, જ્યારે દક્ષિણ અંદાલુસિયામાં એક વ્યક્તિના મોતની જાણ કરવામાં આવી હતી.

યુટિએલના વેલેન્સિયન નગરના મેયર રિકાર્ડો ગેબાલ્ડને રાષ્ટ્રીય પ્રસારણકર્તા આરટીવીઈને કહ્યું, ગઈકાલનો દિવસ મારા જીવનનો



સૌથી ખરાબ દિવસ હતો. તેમણે કહ્યું કે શહેરમાં છ રહેવાસીઓએ જીવ ગુમાવ્યો છે અને ઘણા લોકો હજુ પણ લાપતા છે, સ્પેનમાં આવેલા આ ભયાનક પૂરે સમગ્ર દેશને સ્તબ્ધ કરી દીધો છે અને રાહત અને બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

અહેવાલ અનુસાર, એક સ્થાનિક રહેવાસી ગિલેર્મો સેરાનો પેરેઝે કહ્યું કે જ્યારે પાણી વધવા લાગ્યું, ત્યારે તે એક વિશાળ મોજાની જેમ આવ્યું, જાણે કે તે સુનામી હોય. મંગળવારે રાત્રે અચાનક આવેલા પૂરને હજારો લોકોએ અનુભવ કર્યો હતો. રિબા-રોસા ડી તુરિયાના મેયરે કહ્યું- મુશળધાર વરસાદ એટલો તીવ્ર હતો કે થોડીવારમાં જ પાણી એકથી દોઢ મીટર સુધી વધી ગયું હતું.

adani
વિરાટ
કૉમ્પ્રેસિવ
સ્ટ્રેન્થ
અંબુજા સિમેન્ટ
Now Part of the Adani Goups

હરસ-મસા ફીશર-ભગંદર ગેરેંટીથી સારવાર
ડો. એમ.એસ. મુર્તિ
M.S. (Ayu.) પ્રોક્ટોલોજીસ્ટ સર્જન
+ત્રિમુર્તિ દવાખાનું
એસ.ટી.બસ સ્ટેશન પાસે જ, ડો. ચાંગેલા સાહેબની બાજુમાં, મયુર મેડીકલની ઉપર, જામનગર.
: 9898 565 969

દરેક કારની ચાવી તથા રીમોટ
રીપેરીંગ તથા નવી બનાવવા માટે
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

KAMAL CEMENT SINCE 1944
અતુટ સંબંધોનો રોશન તહેવાર
દિવાળીની શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન
શ્રી દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ info@digvijaycement.com www.digvijaycement.com

ધી વેરાવળ પીપલ્સ કો-ઓપ.બેંક લી. - વેરાવળ
વહીવટી ઓફીસ : 'વૃંદાવન', શુભમ ટાવર્સ સામે, બસ સ્ટેશન પાસે, વેરાવળ.
ફોન : ૦૨૮૭૬ - ૨૪૪૦૭૭, ૨૨૧૨૦૧, ૨૪૪૧૨૩
ડીજીટલ ઈન્ડીયા મુવમેન્ટના ભાગરૂપે ગ્રાહક સેવાર્થે વિના મુલ્યે...
૬૫ વર્ષથી ગ્રાહક સેવામાં ૧૯૫૯..૨૦૨૪
આપણી બેંક ડીજીટલ બેંક
દેશભરના અંદાજે ૧ લાખ ૯૦ હજારથી વધુ ATM Network સાથે જોડાણ..
POS Debit Card ઓફલાઈન શોપીંગ
Mobile Banking મોબાઈલ દ્વારા ફંડ ટ્રાન્સફર
RTGS - NEFT ત્વરીત ફંડ ટ્રાન્સફર
QR Code સરળતાથી નાણા ટ્રાન્સફર
M. પાસબુક
SMS Service દરેક ટ્રાન્ઝેકશનના એલર્ટ
જાનકાર બનીયે સતર્ક રહીયે.
નવલા વર્ષમાં સૌના સુખ, સમૃધ્ધિના સ્વપનાઓ સાકાર થાય તેવી અભિલાષા સહ દિપાવલીની હાર્દિક શુભકામના...
નૂતન વર્ષાભિનંદન..
ચેરમેન પ્રકાશભાઈ જે. તન્ના
મેનેજીંગ ડિરેકટર રમેશચંદ્ર ડી. ઠકરાર
જો. મેનેજીંગ ડિરેકટર ચિરાગભાઈ વી. કારીઆ
જનરલ મેનેજર પરેશ એન. રાયમગીયા
બોર્ડ ઓફ ડિરેકટર્સ તથા વેરાવળ પીપલ્સ બેંક પરિવાર
www.vpcbank.com Email : headoffice@vpcbank.com

દિપાવલી અને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા
MOTHER DAIRY®
જુનાગઢ ડેરી
યુનીટ ઓફ મધર ડેરી ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રા.લી.
જફર મેદાન સામે,
જુનાગઢ - ૩૬૨ ००૧
ટેલીફોન નં. (૦૨૮૫) ૨૬૭૪૧૨૦, ૨૬૭૩૮૮૬
ફેકસ (૦૨૮૫) ૨૬૭૩૮૮૨

gokul agro resources ltd
Serving tasty treats and Diwali greetings
GOKUL AGRO RESOURCES LTD.
Crown 3, Inspire Business Park, Shantigram, Near Vaishnodevi Circle S.G. Highway, Ahmedabad - 382421 Gujarat, India.
For Enquiry Contact: 90999 08537
Manufacturing Unit:
76/1p, 80 , 89, 91, Meghpar Borichi, Galpadar Road, Near Sharma Resort District - Kutch, Anjar - 370110 Gujarat, India.

દિપાવલી પર્વ પ્રસંગે હાર્દિક શુભકામના તથા નવા વર્ષના સાલ-મુબારક
શ્રી પરિશ્રમ ગાર્ડન રેસ્ટોરન્ટ
- ફાસ્ટફુડ
- કાઠીયાવાડી
- સાઉથ ઈન્ડીયન
- ચાઈનીઝ
- પંજાબી
કલ્યાણ પાર્ટી પ્લોટ પાસે, નાના મવા મેઈન રોડ, રાજકોટ.
મો. 97254 56856

ગુલાબ® બેસન
અતિ આધુનિક અને સર્વ શ્રેષ્ઠ ટેક્નોલોજી દ્વારા તૈયાર થયેલ નવા જ પેકીંગમાં

दीनदयाल पत्तन प्राधिकरण, कंडला
DEENDAYAL PORT AUTHORITY, KANDLA
व्यापार का सशक्तीकरण, विकास को गति
अभिनवता के लिए सहयोग
प्रक्रियाओं का सरलीकरण
कार्य कुशलता में सुधार
व्यापार करने में सुगमता
/ Deendayal Port www.deendayalport.gov.in

દીપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...
HOTEL RR INN Rajkot
Comfort™ RESORT by CHOICE HOTELS Morbi
HOTEL BLACKWOOD Rajkot